	(ધ)	વીમા અધિનિયમ, ૧૯૩૮(સન૧૯૩૮ના ૪થા) હેઠળ રજિસ્ટર થયેલા અથવા લાઈસન્સ ધરાવતા ચીફ એજન્ટો, પ્રિન્સીપાલ એજન્ટો, સ્પેશિયલ એજન્ટો, ઇન્સ્યોરન્સ એજન્ટો અને સર્વેયરોઅ અથવા લોસ એસેસરોઅ.	૨૦૦૦/-
	(ચ)	બિલ્ડીંગ કોન્ટ્રાકટરો સિવાયના તમામ કોંટ્રાકટરો.	૨૦૦૦/-
	(છ)	કમિશન એજન્ટો, દલાલો અને એસ્ટેટ બ્રોકરો સિવાયના બ્રોકરો.	૨૦૦૦/-
	(જ)	ઓટોમોબાઈલ બ્રોકર્સ	૨૦૦૦/-
	(ઝ)	ટુર ઓપરેટર્સ અને ટ્રાવેલ એજ ન્ટ	૨૦૦૦/-
	(ટ)	કેબલ ટી.વી. ઓપરેટર્સ	૨૦૦૦/-
	(ઠ)	ફિલ્મ વિતરકો	૨૦૦૦/-
	(ડ)	વિજ્ઞાપન એજન્સીઓના માલિકો	૨૦૦૦/-
	(ઢ)	ટ્યુશન ક્લાસીસ અથવા ટ્યુટોરીયલ ઈન્ટીટ્યુશન્સના માલિકો	૨૦૦૦/-
	(ત)	કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક મારફત ઓનલાઈન ઈન્ફોર્મેશન અને ડેટા બેઝ સર્વિસમાં રોકાયેલી સંસ્થાના માલિકો અથવા સેવા પુરી પાડનારાઓ.	૨૦૦૦/-
	(થ)	ડ્રાઈવીંગ સ્કુલના માલિકો	૨૦૦૦/-
	(દ)	મેરેજ હોલ અને પાર્ટી પ્લોટના માલિકો	૨૦૦૦/-
	(ધ)	આંગડીઆ અથવા કુરીયર સેવા પુરી પાડનારા	૨૦૦૦/-
	(ન)	હેલ્થ ક્લબ અને મનોરંજન ક્લબના માલિકો.	૨૦૦૦/-
૩.	(૧)	વાયદા-સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૨ (સને ૧૯૫૨ના ૭૪ મા) હેઠળ માન્ય થયેલા એસોસીએશનનાં સભ્યો.	૨૦૦૦/-
	(૨)	સીક્યોરીટી સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ (સને ૧૯૫૬ના ૪૨મા) હેઠળ માન્ય થયેલા સ્ટોક એક્સચેન્જ સભ્યો.	૨૦૦૦/-
	(૩)	ઓઈલ પમ્પો અને સર્વિસ સ્ટેશનોનાં માલિકો અને કોઈપણ તેવા પટે લેનારાઓ.૦.૦૧ થી વધુ ચો.,મીટર સુધીની મિલકત માટે.	૨૦૦૦/-
	(૪)	મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના ૭૯મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે લાઈસન્સ ધરાવતા વિદેશી દારૂ વેચનારા અને નિવાસી હોટલો અને થિયેટરોના માલિકો.	૨૦૦૦/-
	(૫)	ચીટ ફંડોનું સંચાલન કરતી વ્યક્તિઓ અથવા સંસ્થાઓ	૨૦૦૦/-
	(૬)	બેંકિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯(સને ૧૯૪૯ના ૧૦મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની બેંકિંગ કંપનીઓ.	
	(૭)	ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) હેઠળ રજીસ્ટર થયેલી અથવા રજીસ્ટર થયેલ હોવાનું ગણાતી સહકારી સોસાયટીઓ.	૨૦૦૦/-
		(ક) કોઈપણ વ્યવસાય, વ્યાપાર ધંધામાં રોકાયેલી રાજ્ય સ્તરની મંડળીઓ અને જીલ્લા સ્તરની મંડળીઓ.	૨૦૦૦/-
		(ખ) સહકારી સુગર ફેક્ટરીઓ અને સહકારી સ્પીનીંગ મિલો.	૨૦૦૦/-

અ.નં.	વ્યક્તિઓનો વર્ગ		વ્યવસાયવેરાનો માસિક દર ₹
(૧)	(૨)		(૩)
	(૮)	એસ્ટેટ એજન્ટો અથવા એસ્ટેટ બ્રોકર્સ અથવા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો	૨૦૦૦/-
	(૯)	વિડીયો પાર્લર્સ અથવા વિડીયો લાઈબ્રેરી અથવા તે બન્નેના માલિકો અથવા તે બન્ને ભાડા પટે આપેલ હોય ત્યારે તેને ભાડા પટે રાખનાર.	૨૦૦૦/-
૪	કોઈપણ વ્યવસાય, વ્યાપાર આવા ધંધામાં રોકાયેલી ભારતીય ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સને ૧૯૩૨ના ૯મા) હેઠળ રજિસ્ટર થયેલી પેઢીઓ.		૨૦૦૦/-
૫	કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના ૬૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે કંપનીનાં ભોગવટેદારો.		૨૦૦૦/-
૬	મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના આશરે પાંચથી વધુ કર્મચારીઓ કામે રાખેલા હોય તેવી સંસ્થાના માલિકો.		૨૦૦૦/-
૭	ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને ૨૦૦૫ના ૧લા) માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારીઓ, જેમના તમામ વેચાણો અથવા તમામ ખરીદીઓનું ફૂલ વાર્ષિલ ટર્ન ઓવર -		૨૦૦૦/-
	(૧)	₹ ૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો	શૂન્ય
	(૨)	₹ ૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ ₹ ૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો.	૫૦૦/-
	(૩)	₹ ૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ ₹ ૧૦,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો.	૧૨૫૦/-
	(૪)	₹ ૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો.	૨૪૦૦/-
	સ્પષ્ટીકરણ :આ નોંધના હેતુ માટે, "વર્ષ" એ શબ્દનો અર્થ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સ્ને ૨૦૦૫ના ગુજરાતના ૧લા) ની કલમ ૨ના ખંડ(૩૬) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું વર્ષ એવો થશે.		
૮	મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સને ૧૯૮૮ના ૫૯મા) હેઠળ ભાડાની અથવા બદલાની રકમ લઈને વપરાતા અથવા વાપરવા માટે અનુકુળ બનાવેલા ટ્રાન્સપોર્ટ વાહનો, બસો, ટેક્ષીઓ, ટ્રકો અથવા ત્રણ પૈંડાવાળા મોટર વાહનોની પરમીટ ધરાવતી હોય ત્યારે.		૨૦૦૦/-
	સ્પષ્ટીકરણ :- એકજ કુટુંબના સભ્યો તરીકે સાથે રહેતી અને અલગ પરમીટો ધરાવતી વ્યક્તિઓ, આ નોંધના હેતુઓ માટે એકજ વ્યક્તિ તરીકે ગણાશે.		
૯	મુંબઈ નાણાંની ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ,૧૯૪૬ કરનારાઓ (સને ૧૯૪૭ના ૩૧મા) હેઠળ લાયસન્સ આપેલા નાણાંની ધીરધાર		૨૦૦૦/-
૧૦	આગળની કોઈ નોંધમાં ઉલ્લેખેલી ન હોય તેવી, વ્યવસાય, વ્યાપાર, ધંધો અથવા રોજગાર કરતી અને કલમ ૩ની પેટા કલમ(૨) ના ચોથા ૨૦૦૦/પરંતુક હેઠળ જેના સંબંધમાં જાહેરનામું બહાર પાડેલું હોય તેવી વ્યક્તિઓ.		૨૦૦૦/-

સને ૨૦૧૭-૨૦૧૮ રીવાઇઝડ અંદાજપત્ર :-

સને ૨૦૧૭–૨૦૧૮નું મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ રીવાઇઝડ અંદાજપત્ર જમા તથા ખર્ચનો અભ્યાસ કરતા સ્થાયી સમિતિએ તેના જમા તથા ખર્ચના સદરોમાં જરૂરી ફેરફાર કરેલ છે જે અંદાજપત્રમાં સંબંધીત બજેટ સદરોની સામે સ્થાયી સમિતિની ભલામણના કોલમોમાં દર્શાવવામાં આવેલા છે. જમા તથા ખર્ચના સદરોમાં કરેલી વધ–ઘટ અને ફેરફારોના કારણે મહાનગરપાલિકાનું સને ૨૦૧૭–૨૦૧૮નું રીવાઇઝડ અંદાજપત્ર નીચે મુજબ રહેશે.

સને૨૦૧૭-૨૦૧૮ રેવન્યુ જમા બાજુ :-

(₹લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	મ્યુનિસિપલ કર અને દર	૩૯૯૭૯.૧૬	૩૯૯૭૯.૧૬
૨	ખાસ કાયદા મુજબ	૮૨૬૨.૦૦	૮૨૬૨.૦૦
૩	મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડું તથા વ્યાજ	૬૩૫૩.૭૦	૬૩૫૩.૭૦
૪	સરકાર મદદ	૫૧૭૬૧.૦૦	૫૧૭૬૧.૦૦
૫	અન્ય આવક	૩૭૯૭.૨૫	૩૭૯૭.૨૫
	કૂલ	**૧૧૦૧૫૩.૧૧**	**૧૧૦૧૫૩.૧૧**

સને૨૦૧૭-૨૦૧૮ રેવન્યુ ખર્ચ બાજુ :-

(₹લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	મહેકમ	૫૮૮૯૫.૨૩	૫૮૮૯૫.૨૩
૨	કન્ટીજન્સી	૪૬૫.૭૧	૪૬૫.૭૧
૩	નિભાવણી	૨૭૬૫૨.૧૯	૨૭૫૫૨.૦૯
૪	પ્રાથમિકા શિક્ષણ	૧૩૯૫૦.૦૦	૧૩૯૫૦.૦૦
૫	લોન ચાર્જિસ	૪૬૭૫.૮૦	૪૬૭૫.૮૦
	કૂલ	**૧૦૫૬૩૮.૯૩**	**૧૦૫૫૩૮.૮૩**

સને ૨૦૧૭-૨૦૧૮ રીવાઇઝડ રેવન્યુ બજેટ સમગ્ર પરિસ્થીતિ

(₹લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૨૭૬૩.૭૩	૨૭૬૩.૭૩
	કૂલ ખુલતી સિલક	૨૭૬૩.૭૩	૨૭૬૩.૭૩
૨	આમદાની	૧૧૦૧૫૩.૧૧	૧૧૦૧૫૩.૧૧
૩	રેવન્યુ ખર્ચ	૧૦૫૬૩૮.૯૩	૧૦૫૫૩૮.૮૩
	બાકી સિલક /ખાધ	૭૨૭૭.૯૧	૭૩૭૮.૦૧
	કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ	૫૦૦૦.૦૦	૫૦૦૦.૦૦
	ચોખ્ખી બાકી સિલક /ખાધ	૨૨૭૭.૯૧	૨૩૭૮.૦૧

સને ૨૦૧૭-૨૦૧૮ રીવાઇઝડ રેવન્યુ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થીતિ

(₹લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૩૫૧.૨૬	૩૫૧.૨૬
	રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ	૫૦૦૦.૦૦	૫૦૦૦.૦૦
૨	કેપીટલ આમદાની	૨૩૬૨૯.૦૧	૨૩૬૨૯.૦૧
3	આંતરીક ભંડોળ/લોન	૧૨૦૦૦.૦૦	૧૨૦૦૦.૦૦
	કૂલ આવક	૪૦૯૮૦.૨૭	૪૦૯૮૦.૨૭
૩	કેપીટલ ખર્ચ	૪૦૯૫૭.૦૫	૪૦૯૪૭.૦૫
	કૂલ બાકી સિલક /ખાધ	૨૩.૨૨	૩૩.૨૨

સને ૨૦૧૭-૨૦૧૮ના રીવાઇઝડ બજેટ સ્થાયી સમિતિએ કરેલા ફેરફારથી થતા વધારા- ઘટાડાનું પત્રક

રેવન્યુ બજેટ ભાગ-૧ (રેવન્યુ ખર્ચ) (₹લાખમાં)

અ.નં.	બજેટ કોડ	સ-૨	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
૧	B ૦૭૦૨૩૦૬	વહીવટી વોર્ડ વિસ્તારમાં કન્ટેનરોને તથા કચરાને ઈજારા દ્વારા ઊપાડી તેના પરિવહન કરવા માટે	૧૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦
૨	B ૧૧૦૫૩૦૬	લાલબાગ બતક પાસેના અતિથિગૃહમાં સાધનો ખરીદવા	૦.૧૦	૦.૦૦	૦.૦૦	૦.૧૦
		કૂલ વધ–ઘટ	૧૦૦.૧૦	૦.૦૦	૦.૦૦	૧૦૦.૧૦

રેવન્યુ બજેટ ભાગ-૨ (કેપીટલ ખર્ચ) (₹લાખમાં)

અ.નં.	બજેટ કોડ	સ-૨	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
૧	D ૦૬૦૩૬૦૧	જી.આઇ.ડી.સી. ખાતે નવીન ગોડાઉન બનાવવાનું કામ.	૧૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧૦.૦૦
		કૂલ વધ–ઘટ	૧૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧૦.૦૦

સને ૨૦૧૮-૨૦૧૯ ડ્રાફ્ટ અંદાજપત્ર :-

સને ૨૦૧૮–૨૦૧૯નું મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ ડ્રાફ્ટ અંદાજપત્ર જમા તથા ખર્ચનો અભ્યાસ કરતા સ્થાયી સમિતિએ તેના જમા તથા ખર્ચના સદરોમાં જરૂરી ફેરફાર કરેલ છે જે અંદાજપત્રમાં સંબંધીત બજેટ સદરોની સામે સ્થાયી સમિતિની ભલામણના કોલમોમાં દર્શાવવામાં આવેલા છે. જમા તથા ખર્ચના સદરોમાં કરેલી વધ–ઘટ અને ફેરફારોના કારણે મહાનગરપાલિકાનું સને ૨૦૧૮–૨૦૧૯નું ડ્રાફ્ટ અંદાજપત્ર નીચે મુજબ રહેશે.

સને૨૦૧૮-૨૦૧૯ રેવન્યુ જમા બાજુ :-

(₹ લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	મ્યુનિસિપલ કર અને દર	૪૦૨૭૯.૨૧	૪૦૨૭૯.૨૧
૨	ખાસ કાયદા મુજબ	૮૨૭૭.૫૦	૮૨૭૭.૫૦
૩	મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડું તથા વ્યાજ	૬૮૨૭.૯૫	૬૮૨૭.૯૫
૪	સરકાર મદદ	૪૯૪૬૧.૦૦	૪૯૪૬૧.૦૦
૫	અન્ય આવક	૩૯૧૪.૭૨	૩૯૮૯.૭૨
૬	સૂચિત વધારો	૮૦૧૦.૦૦	૨૧૩૪.૦૦
	કૂલ	૧૧૬૭૭૦.૩૮	૧૧૦૯૬૯.૩૮

સને ૨૦૧૮-૨૦૧૯ રેવન્યુ ખર્ચ બાજુ

(₹ લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	મહેકમ	૫૮૬૩૬.૯૪	૫૮૬૩૬.૯૪
૨	કન્ટીજન્સી	૪૪૫.૫૬	૪૪૫.૫૬
૩	નિભાવણી	૨૮૦૬૩.૭૦	૨૭૬૬૩.૨૦
૪	પ્રાથમિકા શિક્ષણ	૧૫૬૫૦.૦૦	૧૫૬૫૦.૦૦
૫	લોન ચાર્જિસ	૪૬૬૫.૮૦	૪૬૬૫.૮૦
	કૂલ	૧૦૭૪૬૨.૦૦	૧૦૭૦૬૧.૫૦

સને ૨૦૧૮-૨૦૧૯ ડ્રાફ્ટ રેવન્યુ બજેટ સમગ્ર પરિસ્થીતિ

(₹ લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૨૨૭૭.૯૧	૨૩૭૮.૦૧
	કૂલ ખુલતી સિલક	૨૨૭૭.૯૧	૨૩૭૮.૦૧
૨	આમદાની	૧૧૬૭૭૦.૩૮	૧૧૦૯૬૯.૩૮
૩	રેવન્યુ ખર્ચ	૧૦૭૪૬૨.૦૦	૧૦૭૦૬૧.૫૦
	બાકી સિલક /ખાધ	૧૧૫૮૬.૨૯	૬૨૮૫.૮૯
	કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ	૭૫૦૦.૦૦	૨૫૦૦.૦૦
	બાકી સિલક (મહેસૂલી)	૪૦૮૬.૨૯	૩૭૮૫.૮૯

A93

સને ૨૦૧૮-૨૦૧૯ ડ્રાફ્ટ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થીતિ

(₹ લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૨૩.૨૨	૩૩.૨૨
૨	રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ	૭૫૦૦.૦૦	૨૫૦૦.૦૦
૩	કેપીટલ આમદાની	૩૨૭૨૮.૦૦	૩૨૭૨૮.૦૦
૪	આંતરીક ભંડોળ/લોન	૮૫૦૦.૦૦	૧૦૦૦૦.૦૦
	કુલ આવક	૪૮૭૫૧.૨૨	૪૫૨૬૧.૨૨
૫	કેપીટલ ખર્ચ	૪૭૮૬૬.૭૨	૪૪૭૮૬.૭૨
૬	બાકી સિલક /ખાધ	૮૮૪.૫૦	૪૭૪.૫૦

સને ૨૦૧૮-૨૦૧૯ના ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિએ કરેલા ફેરફારથી થતા વધારા- ઘટાડાનું પત્રક

રેવન્યુ બજેટ ભાગ-૧ (રેવન્યુ જમા) (₹ લાખમાં)

અ.નં.	બજેટ કોડ	સ-૨	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
૧		સૂચિત વધારો (મહેસૂલી)	૮૦૧૦.૦૦	૨૧૩૪.૦૦		૫૮૭૬.૦૦
૨	A ૦૨૦૧૨૧૦	વ્હીકલ પાર્કિંગ ચાર્જ /પે એન્ડ પાર્ક	૩૫.૦૦	૬૦.૦૦	૨૫.૦૦	૦.૦૦
૩	A ૧૩૦૧૨૦૧	૨)પાર્કિંગ ચાર્જ	૦.૦૦	૫૦.૦૦	૫૦.૦૦	૦.૦૦
		કુલ વધ-ઘટ	૮૦૪૫.૦૦	૨૨૪૪.૦૦	૭૫.૦૦	૫૮૭૬.૦૦

રેવન્યુ બજેટ ભાગ-૧ (રેવન્યુ ખર્ચ) (₹ લાખમાં)

૧	B ૦૭૦૨૩૦૬	વહીવટી વોર્ડ વિસ્તારમાં કન્ટેનરોને તથા કચરાને ઈજારા દ્વારા ઊપાડી તેના પરિવહન કરવા માટે	૧૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦
	B ૦૭૦૨૩૧૧	રૂલ્સ ૨૦૦૦ અનુસાર વૈજ્ઞાનિક પધ્ધતિથી કચરો પુરાણ કરવા અંગેની કામગીરી માટે	૬૦૦.૦૦	૪૦૦.૦૦	૦.૦૦	૨૦૦.૦૦
૨	B ૧૧૦૫૩૦૬	લાલબાગ બતક પાસેના અતિથિગૃહમાં સાધનો ખરીદવા	૦.૫૦	૦.૦૦	૦.૦૦	૦.૫૦
૩	B ૧૬૦૧૩૧૮	સંસ્કાર કાર્યક્રમ યોજવા	૪૦૦.૦૦	૩૦૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦
		કુલ વધ-ઘટ	૧૧૦૦.૫૦	૭૦૦.૦૦	૦.૦૦	૪૦૦.૫૦

રેવન્યુ બજેટ ભાગ-૨ (કેપીટલ ખર્ચ) (₹ લાખમાં)

અ.નં.	બજેટ કોડ	સ-૨	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
૧	D ૦૩૦૨૬૦૪	મોડેલ રોડના ભાગરૂપે તથા શહેરનાં મુખ્ય રસ્તા ઉપર સેન્ટ્રલ લાઇટીંગ કરવા	૬૦૦.૦૦	૫૦૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦
૨	D ૦૫૦૧૬૦૩	એનર્જી ઓડિટ આધારે શહેરના જુદા જુદા પંપીંગ સ્ટેશનો ઉપર પંપો બદલવા તેમજ ઇલેક્ટ્રીક મિકેનિકલ ઇન્સ્ટોલેશનના સુધારા-વધારા માટે, નવિન પંપો બેસાડવા તેમજ સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના રીવેમ્પિંગનું કામ.	૩૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦

A94

૩	D ૦૫૦૩૬૦૭	આકસ્મિક ભંગાણના કારણે કરવાપાત્ર ડ્રેનેજ કેપીટલ પ્રોજેક્ટ માટે	૧૫૦.૦૦	૧૦૦.૦૦	૦.૦૦	૫૦.૦૦
૪	D ૦૫૦૩૬૧૮	વિશ્વામિત્રી નદી રીસેક્શનીંગ તથા રીઝુવીનેશનનાં કરવાના કામ માટે	૩૦૦.૦૦	૧૦૦.૦૦	૦.૦૦	૨૦૦.૦૦
૫	D ૦૬૦૩૬૦૧	જી.આઇ.ડી.સી. ખાતે નવીન ગોડાઉન બનાવવાનું કામ.	૧૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧૦.૦૦
૬	D ૦૭૦૨૬૦૨	કન્ટેનરો માટે પ્લેટફોર્મ બનાવવા (પરિશિષ્ટ-૫)	૪૫.૦૦	૨૫.૦૦	૦.૦૦	૨૦.૦૦
૭	D ૧૧૦૨૬૦૧	આજવા, નિમેટા તથા શહેરના બગીચાઓને પ્લાન્ટેશન કરવા તથા જરૂરી સુધારા–વધારા	૫૦૦.૦૦	૪૦૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦
૮	D ૧૧૦૩૬૦૨	આજવા/સયાજીબાગ ઝુઓલોજીકલ પાર્ક તૈયાર કરવા તથા શહેર ઝુ માટે	૫૦૦.૦૦	૪૦૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦
૯	D ૧૧૦૫૬૦૧	કોર્પોરેશનની ખુલ્લી જગ્યાઓ તેમજ તળાવો તથા બગીચાઓમાં રમતગમતનાં સાધનો તથા એડવેન્ચર એક્ટીવીટી તરીકે વિક્સાવવા	૩૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦
૧૦	D ૧૨૦૪૬૦૯	ઝોનલ ઓફિસ બનાવવા	૭૦૦.૦૦	૫૦૦.૦૦	૦.૦૦	૨૦૦.૦૦
૧૧	D ૧૨૦૪૬૩૧	શહેરના ચાર ઐતિહાસિક દરવાજા તથા માંડવીના રીનોવેશન માટે	૨૦૦.૦૦	૧૦૦.૦૦	૦.૦૦	૧૦૦.૦૦
૧૨	D ૧૩૦૧૬૨૬	રસ્તાઓ જરૂરી પહોળાઇના કરી સેન્ટ્રલ ડિવાઇડર ફૂટપાથ કરવા	૧૫૦.૦૦	૧૦૦.૦૦	૦.૦૦	૫૦.૦૦
૧૩	D ૧૩૦૧૬૩૩	રોડ પ્રોજેક્ટના કામો	૫૦૦૦.૦૦	૪૦૦૦.૦૦	૦.૦૦	૧૦૦૦.૦૦
૧૪	D ૧૩૦૧૬૧૬	નવિન પુલો તથા નવિન નાળા કરવા	૧૨૦૦.૦૦	૧૦૦૦.૦૦	૦.૦૦	૨૦૦.૦૦
૧૫	D ૧૩૦૨૬૦૧	શહેરના તમામ તળાવના તથા વાવોનું આધુનિકરણ માટે (પરિશિષ્ટ–૫)	૭૭૦.૦૦	૫૭૦.૦૦	૦.૦૦	૨૦૦.૦૦
૧૬	D ૧૩૦૩૬૦૨	વરસાદી ગટર શાખા માટે માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી સુસંગત સર્વે તથા કન્સલ્ટન્સી માટે	૧૦૦.૦૦	૫૦.૦૦	૦.૦૦	૫૦.૦૦
૧૭	D ૧૩૦૩૬૦૪	વરસાદી ગટર પ્રોજેક્ટના કામો	૨૫૦૦.૦૦	૨૦૦૦.૦૦	૦.૦૦	૫૦૦.૦૦
		કૂલ વધ–ઘટ	**૧૩૩૨૫.૦૦**	**૧૦૨૪૫.૦૦**	**૦.૦૦**	**૩૦૮૦.૦૦**

પરિશિષ્ટ –૧૦ (લાગત) :– સને ૨૦૧૮–૧૯ માટે લેવાપાત્ર જુદી જુદી લાગતોના પરિશિષ્ટ –૧૦ (લાગત) સ્થાયી સમિતિએ સુચવ્યા મુજબ મંજુર કરવા અભિપ્રાય છે.

કામોની યાદી :– સને ૨૦૧૮–૧૯ માટેની કામોની યાદી સ્થાયી સમિતિએ સુચવેલ સુધારા– વધારા– સહ મંજુર રાખવા અભિપ્રાય છે.

સ્થાયી સમિતિના સુચનો સને ૨૦૧૮-૧૯

1) મહાનગરપાલિકાના મોટા રસ્તાઓ પર પાર્કિંગની સુનિયોજીત વ્યવસ્થા ઉભી કરી ઇજારો આપી આવક ઉભી કરવી.
2) મહાનગરપાલિકાના મોટા ખુલ્લા પ્લોટોને પાર્ટી પ્લોટ તરીકે વિકસાવી આવકના નવિન સ્ત્રોત ઉભા કરવા.
3) મહાનગરપાલિકાની હદમાં ઉભા રહેતા મોબાઇલ ફૂડવાનનો સર્વે કરી જરૂરી નીતિ બનાવી આવક ઉભી કરવી.

વડોદરા મહાનગરપાલિકા

સને ૨૦૧૮-૧૯નું

કમિશનરશ્રીનું નિવેદન

A97

વડોદરા મહાનગરપાલિકા

સને ૨૦૧૭-૧૮ ના રીવાઇઝ અને સને ૨૦૧૮-૧૯ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે કમિશનરશ્રીનું નિવેદન

સ્થાયી સમિતિના માનનીય ચેરમેનશ્રી અને સભાસદશ્રીઓ :

જી.પી.એમ.સી એક્ટની કલમ ૯૫ હેઠળ વડોદરા મહાનગરપાલિકાનું સને ૨૦૧૭–૧૮ નું રિવાઇઝ તથા સને ૨૦૧૮–૧૯ નું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતાં મને ઘણો આનંદ થાય છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહેલ વિકાસના કાર્યોની ધૂરા જેમના સક્ષમ હાથોમાં છે તેવા આ શહેરના માનનીય મેયરશ્રી ભરતભાઇ ડાંગર, ડેપ્યુટી મેયરપદે બિરાજેલ માનનીયશ્રી યોગેશભાઇ (મુક્તિ) તથા સ્થાયી સમિતિના માનનીય અધ્યક્ષાશ્રી ડૉ. જીગીશાબેન શેઠ, સ્થાયી સમિતિનાં માનનીય સભ્યોશ્રીઓ તથા અન્ય તમામ મ્યુનિસિપલ સભાસદશ્રીઓ સહિત આપ સૌને હું અભિવાદન સહ આવકારુ છુ.

સને–૨૦૧૭ ના બજેટ દરમ્યાન વડોદરા શહેરને દેશના સર્વેશ્રેષ્ઠ શહેર બનાવવાની દિશામાં આગામી ત્રણ થી ચાર વર્ષના મધ્યમ ગાળાના આયોજનને એકશન –૨૦૨૦ વડોદરા નામથી જાહેર કરવામાં આવ્યું હતું.

આ મહત્વકાંક્ષી મધ્યમગાળાના આયોજનના આધારે શહેરમાં ભવિષ્યલક્ષી ભૌતિક આંતરમાળખું, સર્વ સમાવેશક સામાજિક આંતરમાળખું અને પર્યાવરણલક્ષી આંતરમાળખામાં ખૂબ જ અસરકારક કામગીરી છેલ્લા ૧૨ મહિનામાં થઇ છે.

- વર્ષ–૨૦૧૬ માં બીજા તબક્કામા સ્માર્ટ સીટીના યાદીમાં સમાવેશ થયેલ શહેરોમાં આજે વડોદરા શહેર સૌથી ઝડપથી યોજનાઓના અમલીકરણ કરનાર શહેર બની ઉઠયું છે.
- ભારત સરકારના સ્વચ્છતા સર્વેક્ષણના દેશના સર્વેશ્રેષ્ઠ–૧૦ શહેરોની યાદીમાં સમાવેશ થયા પછી India Today ના સર્વેમાં દેશના સર્વેશ્રેષ્ઠ સ્વચ્છ શહેર તરીકેનું બીરૂદ વડોદરા શહેરને આ વર્ષે મળ્યું.
- વડોદરાના જૂના ચાર દરવાજા વિસ્તારના કેટલાક સીમા ચિન્હ કામગીરી કરવામાં આવી. ચારે દરવાજાઓ અને માંડવી ગેટના પુનઃ નિર્માણની પ્રક્રિયા ખૂબજ ઉત્તમ ગુણવત્તા સાથે કરવામાં આવી રહી છે.
- સુરસાગર તળાવના પુનઃ નિર્માણની કામગીરીને પુર ઝડપમાં અમલમાં મુકયુ છે.
- હેરીટેજ રોડોના નિર્માણ ચાલુ કરવામાં આવ્યા છે.
- શહેરના તમામ હેરીટેજ સ્ટ્રકચર્સને તબક્કાવાર City Illumination Cell દ્વારા રોજ રાત્રે રોશની કરવાની કામગીરીને શહેરીજનોએ ખૂબ વખાણ્યા છે.
- રેલવે સ્ટેશન વિસ્તારની કાયાપલટ થઇ જાય એ પ્રકારની કામગીરી થઇ છે અને આગામી દિવસોમાં આ કામગીરીને પુર્ણતા સુધી લઇ જવાશે.
- શહેરના દૂરના વિસ્તારોને પણ સાંકળીને ખૂબ જ Efficient Urban Transport System અમલમાં મુકવામાં આવ્યુ છે. જે થકી ૧૫૦ સ્માર્ટ બસો ચાલુ કરી રોજના ૧,૨૦,૦૦૦ લોકોને સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે.
- શહેરમાં તમામ ઐતિહાસિક તળાવોને પુનઃ જીવીત કરવાની કામગીરી તબક્કાવાર ચાલુ છે.
- સ્થાનિક કલાકારોને જોડીને Scrap માંથી Sculptures બનાવવાના એક નવીનતમ અભિગમ દ્વારા શહેરમાં ૭૫ જેટલા ઉત્તમ કક્ષાના Sculptures મુકવામાં આવ્યા છે અને આજે દેશના અન્ય મહાનગરપાલિકાઓમાં આ નવીન અભિગમના અનુકરણ થઇ રહ્યુ છે.
- મીશન મીલીયન ટ્રીસ અંતર્ગત ૧૦ લાખ ઉપરાંતના રોપાઓનું વૃક્ષારોપણ કરી શહેરને સૌથી હરીયાળુ શહેર બનાવવાના પ્રયત્નો ચાલુ છે.

A98

- ૧૦૦ જેટલા નવા બગીચાઓની કામગીરી હાથ ઉપર લીધી છે અને તે પૈકી કેટલાક તૈયાર પણ થયેલ છે.
- શહેરના ૫ વર્ષના અંદરના બાળકોની દર છ મહિને આરોગ્ય તપાસણી કરીને વડોદરા શહેરને કુપોષણ મુકત બનાવવાની દિશામાં અસરકારક કામગીરી થઇ છે.
- સાથે-સાથે ૧(એક) લાખ ઉપરાંત બહેનોના લોહી તપાસણી કરીને શહેરને એનીમીયા મુકત બનાવવાની દિશામાં પણ આખા દેશને દિશા દોરી શકે આ પ્રકારની કામગીરી થઇ છે.
- ખૂટતી અંગણવાડીઓના નિર્માણમાં ગુજરાત રાજયમાં સૌથી શ્રેષ્ઠ કામગીરી વડોદરા શહેરમાં થઇ છે.
- સ્માર્ટ ગર્વનન્સની દિશામાં સીટી કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરને ટૂંકા સમયગાળામાં તૈયાર કરીને શહેરને ભવિષ્યમાં ઉત્તમ સેવાઓ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા ઉભી કરી છે.
- ભારત સરકાર દ્વારા સમગ્ર અર્થતંત્રને કેશલેશ અને ડીઝીટલ બનાવવાના હેતુમાં સહભાગી થવા માટે વડોદરા મહાનગરપાલિકાના તમામ કલેકશન સેન્ટર્સ બેંકના સહયોગથી આઉટ સોર્સ કરવામાં આવેલ છે.
- શહેરીજનોના સમયબધ્ધ અને અસરકારક ફરીયાદ નિવારણ અને સ્વચ્છતા માટેની "નિર્માલ્યમ" ની વ્યવસ્થાને ખૂબ જીણવટ પૂર્વક મોનીટરીંગ કરીને ૧-એપ્રિલ, ૨૦૧૭ થી અંદાજે ૬૨,૦૦૦ ફરીયાદોના સમાધાન આપવામાં આવ્યા. Proactive Grievance Redressal ની દિશામાં તા.૦૧-૦૭-૨૦૧૭ થી વીજીલન્ટ વડોદરાને અમલમાં મુકી ૪,૪૦૦ જેટલી સમસ્યાઓને ફરીયાદ થતા પહેલા નિવારણ કરવાના પ્રયત્નો કર્યા.

સંકલ્પોને સિધ્ધિ સુધી પહોંચાડવા માટેના મહાનગરપાલિકાના આ અવિરત પ્રયાસો હવે પછીના સમયમાં પણ સંપુર્ણ કટીબધ્ધતા સાથે ચાલુ રહેશે.

માનનીય વડાપ્રધાનશ્રીના નવા ભારત (New India) ને સાક્ષાત્કાર કરવાના યજ્ઞમાં વડોદરા શહેરને જોડાવવા અને એક ભવ્ય **NEW VADODARA** ની પરિકલ્પના સાથે વર્ષ ૨૦૧૮-૧૯ ના બજેટના મુખ્ય પાસાઓ ઉપર હું ધ્યાન આકર્ષિત કરવા માંગુ છું.

૧) **૨૦૨૨ સુધી સમગ્ર શહેરમાં ૨૪ X ૭ પીવાનું પાણી ઉપલબ્ધ થાય** એ દિશામાં આયોજનબધ્ધ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પૈકી સ્માર્ટ સીટીના ABD વિસ્તારમાં વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ૨૪ X ૭ પીવાના પાણી પુરુ પાડવાની કામગીરી ચાલુ કરવામાં આવશે. ચાલુ વર્ષે SCADA ના અમલીકરણથી પાણીના બગાડમાં ગણય ઘટાડો કરવામાં આવશે. વોટર મીટર પોલીસીથી નોન રેવન્યુ વોટર (NRW) માં ઘટાડો પણ થશે. પીવાના પાણીના વિતરણ વ્યવસ્થામાં સુધારો કરી તમામ વિસ્તારમાં પુરતા જથ્થામાં અને પુરતા પ્રેશર સાથે નિર્ધારિત સમય પાણી ઉપલબ્ધ થાય એ ચોકસાઇ કરવામાં આવશે.

૨) **૨૦૨૦ સુધી સમગ્ર શહેરના તમામ ગંદા પાણીના STP મારફત ફરજીયાત ટ્રીટમેન્ટ સુનિશ્ચિત કરવામાં આવશે. આ માટે હયાત ૨૭૬ MLD ના ટ્રીટમેન્ટ ક્ષમતાને આવતા ૨ વર્ષમાં ૫૦૦ MLD સુધી વધારવામાં આવશે.** શહેરમાં ઉત્પાદિત થતા તમામ મલીન જળ તબકકાવાર Tertiary Treatment કરી સલંગ્ન ઉદ્યોગોને ઉપયોગ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે, જેથી મહાનગરપાલિકાના O&M ના ખર્ચો ઘટશે અને આવક ઉભી થશે. આના પ્રથમ તબકકામાં છાણીના ૨૧ MLD માટે MOU IOCL સાથે કરવાની તૈયારી થઇ છે.

૩) ૨૦૧૮ માં વિશ્વામિત્રી નદીનું પુર્નજીવન અને સમગ્ર Eco-System ને બાયોએન્જીનીયરીંગ અને ગ્રીન ઇન્ટરવેન્શન દ્વારા પુનરૂત્થાન કરવા માટે ભારત સરકારના નેશનલ રીવર કન્ઝરવેશન પ્લાન (NRCP) અંતર્ગત તૈયાર કરેલા પ્રોજેકટને રાજય સરકાર દ્વારા અનુમોદન સાથે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવાના પ્રયત્નો કરવામાં આવશે. નદીમાં જતાં અંદાજે ૧૦૦ MLD જેટલા ગંદા પાણીને સંપૂર્ણ પણે નદીમાં

A99

જતાં અટકાવવા માટેની કામગીરીને આવતા ત્રણ મહિનામાં આયોજન, ટેન્ડર અને મંજુરીની પ્રક્રિયા પૂર્ણ કરીને શરૂ કરવામાં આવશે.

૪) **૨૦૧૮ દરમ્યાન શહેરના તમામ વિસ્તારો અને ઘરોને રોજના ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનના લાભ સુનિશ્ચિત કરવામાં આવશે.** શહેરના જાહેર રસ્તા અને જાહેર જગ્યા ઉપર સ્વચ્છતાના સ્તરને હજુ સુધારવા માટે આયોજનબધ્ધ કામગીરી કરવામાં આવશે. જે માટે સ્વચ્છતા પેટ્રોલીંગના સશકિતકરણ અને તમામ કામગીરીને સીટી કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર સાથે જોડાણ કરીને Real-time monitoring કરવામાં આવશે. શહેરના તમામ મુખ્ય જાહેર સ્થળોને આવરીને ૧૦,૦૦૦ જેટલા નવા ડસ્ટબીન મુકવામાં આવશે. વેસ્ટ–ટુ–એનર્જી માટેના પ્રોજેકટનું અમલીકરણ અને વિકેન્દ્રિત વેસ્ટ પ્રોસેસીંગનું અમલીકરણ પણ આ વર્ષે કરવામાં આવશે.

૫) વડોદરા શહેર માટે આવતા સમયમાં Bullet Train સૌથી મહત્વનું પ્રોજેકટ પ્રસ્થાપિત થશે. ત્યારે રેલવે સ્ટેશન વિસ્તારમાં યાત્રિકોની સંખ્યામાં ખૂબ જ વધારો થવાનો છે. જેથી ટ્રાફીક, પાર્કિંગ અને અન્ય સમસ્યાઓ પણ ઉભી થશે. આ તમામ વિષયોને આવરીને મહાનગરપાલિકા દ્વારા હાઇસ્પીડ રેલ કોર્પોરેશન લીમીટેડ અને રેલવે તંત્રના સંકલનથી રેલવે સ્ટેશન વિસ્તારના વિકાસ માટે અને રેલવે સ્ટેશન સુધી પહોંચવા માટેના તમામ Approach Roads અને Under Passes ના વિકાસ માટે ભવિષ્યલક્ષી આયોજન અને અમલીકરણ કરવામાં આવશે. જોડે જોડે છાણી વિસ્તારમાં નવા તૈયાર થનાર છાયાપુરી રેલવે સ્ટેશનના આજુબાજુના વિસ્તારમાં રેલવે તંત્રના સંકલનથી મહાનગરપાલિકા દ્વારા વિકાસ કરવામાં આવશે.

૬) **૨૦૨૨ સુધી વડોદરા શહેરને સ્લમ ફ્રી બનાવવા** માટેની કામગીરીને પુર ઝડપથી અમલમાં મુકવામાં આવ્યું છે. અંદાજે ૧૫,૦૦૦ જેટલા નવા આવાસો બનાવવા માટેના આયોજન અને ચાલુ તમામ આવાસ યોજનાઓના પુર્તીકરણ કરીને આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે PMAY અંતર્ગત તમામ વિકલ્પો મુજબ કામગીરી થશે.

૭) **શહેરમાં બનતા રસ્તાઓની ગુણવત્તા શ્રેષ્ઠ કક્ષાની બને** એ દિશામાં ઉચ્ચ સ્તરીય નિષ્ણાંતોની કમીટીની રચના કરવામાં આવી હતી. આ કમીટીના ભલામણોના આધારે કામગીરીમાં ઉપયોગમાં લેવાતા મટીરીયલની ચકાસણી ગેરી મારફત કરવામાં આવશે. અદ્યતન ટેકનોલોજીના પણ ઉપયોગ ઉચ્ચતમ ગુણવત્તાવાળા રસ્તાઓ માટે વાપરવામાં આવશે. કાચા–પાકા કામ, કારપેટ, આસફાલ્ટ કોન્ક્રીટ અને સીલકોટ માટે અલગ અલગ ટેન્ડરની પધ્ધતિને ચાલુ વર્ષે સંપૂર્ણપણે નાબુદ કરી એકીકૃત ટેન્ડર કરવામાં આવશે. રસ્તાઓના મરમ્મતની સમયમર્યાદા પણ ત્રણ વર્ષની જગ્યાએ પાંચ વર્ષ કરવામાં આવશે.

૮) ૨૦૧૮ દરમ્યાન શહેરને જાહેર જગ્યાઓમાં અને રસ્તાઓમાં રખડતા ઢોરોની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે તમામ સ્ટેક–હોલ્ડર્સને જોડીને પ્રયત્નો કરવામાં આવશે. પ્રવર્તમાન કાયદાઓના અસરકારક અમલીકરણ, લાઇસન્સ પદ્ધતિના ચુસ્ત અમલીકરણ અને પોલીસ તંત્ર સાથેના સંકલન દ્વારા આ કામગીરીને સઘન ઝૂંબેશ તરીકે અમલમાં મુકવામાં આવશે.

૯) **૨૦૧૮ દરમ્યાન સ્ટ્રીટવેન્ડર પોલીસીના અસરકારક અમલ** દ્વારા શહેરના તમામ નોંધાયેલા લારી–ગલ્લાઓને આયોજનબધ્ધ રીતે શહેરના નિર્દિષ્ઠ હોકીંગ ઝોન્સમાં સમાવેશ કરવામાં આવશે. તે થકી શહેરના ટ્રાફીકની સમસ્યાના ઉકેલના સાથે સાથે કોર્પોરેશનની આવકમાં પણ ગણ્ય વધારો થશે. આ કામગીરીના જોડે જોડે Urban Livelihood Mission ના કામગીરીને પણ પ્રાથમિકતા સાથે અમલ કરવામાં આવશે.

૧૦) મીશન મીલીયન ટ્રીઝની સફળતાને ધ્યાને રાખી ચાલુ વર્ષમાં મીશન મલ્ટી-મીલીયન ટ્રીઝ (Mission Multi-Million Trees) ના ઝુંબેશને અમલમાં મુકીશું. જે થકી શહેરમાં તમામ ગ્રીન બેલ્ટના પ્લોટો અને ખુલ્લી જગ્યાઓમાં સઘન વનીકરણની કામગીરી કરીશું. શહેરના તમામ શાળાઓ અને અન્ય સંસ્થાઓને જોડીને આ ઝુંબેશમાં મહત્તમ જનભાગીદારી સુનિશ્ચિત કરીશું.

A100

૧૧) સમગ્ર સયાજીબાગ ઝૂ ને પ્રાણીઓ અને પર્યટકો માટે ઉત્તમ વ્યવસ્થાઓ સાથે પુનઃ નિર્માણ કરવાની કામગીરી ચાલુમાં છે. એ અંતર્ગત પક્ષીઓ માટે ભારતની સૌથી વિશાળ એવીયરી (Aviary) ચાલુ વર્ષે તૈયાર કરવામાં આવશે, જે આવતા દિવસોમાં તમામ શહેરીજનો માટે સૌથી આકર્ષણનું કેન્દ્ર બનશે. મહાનગરપાલિકા દ્વારા બાળકોના Entertainment અને Adventure Activity માટે નવા વિકસાયેલ તળાવો ઉપર આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવશે. કામટીબાગમાં હયાત ટ્રેન ઉપરાંત PPP ધોરણે જ બુલેટ ટ્રેનના નમૂનારૂપ એક નવી ટ્રેન પણ ચાલુ કરવામાં આવશે, જે સંપૂર્ણ એરકન્ડીશન હશે. આજવા ગાર્ડનમાં અદ્યતન અને સુવિધાયુકત Amusement Park ની કામગીરી પણ ચાલુ વર્ષે પુર્ણ કરીને લોકાર્પણ કરવામાં આવશે. આજવા બાગમાં સફારી પાર્કનું કામ પણ ચાલુ વર્ષમાં પુર ઝડપથી અમલમાં મુકીશું.

૧૨) તમામ આરોગ્ય કર્મચારીઓના સેવાઓને વધુ અસરકારક અને પરીણામલક્ષી બનાવવા માટે સ્માર્ટ મોનીટરીંગ અમલમાં મુકાશે. જે અંતર્ગત તમામ આરોગ્ય કર્મચારીઓને પોતાના કામગીરીના પ્લાનીંગ અને રીપોર્ટીંગ માટે ટેબલેટ આપવામાં આવશે અને સોફ્ટવેર દ્વારા Online Real-Time Monitoring થશે. આંગણવાડીઓના કામગીરીને પણ સુદ્રઢ બનાવીને કુપોષણમુકત વડોદરાના દિશામાં પરીણામલક્ષી કામગીરી થશે.

૧૩) અગ્નિશમન અને તાત્કાલીક સેવાઓને વધુ સુદ્રઢ બનાવીને કોઇ અકસ્માત ના બને એ દિશામાં નિવારાત્મક કામગીરી પણ કરવામાં આવશે. ઉંચી ઈમારતો માટે ૯૦ મીટરની ઉંચાઇ સુધી સેવા પુરી પાડી શકે તે પ્રકારના હાઇડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મની સેવાઓ યુક્ત નવા અગ્નિશમન વાહનની ખરીદી કરવામાં આવશે. શહેરના તમામ વિસ્તારોમાં આરોગ્ય તંત્ર, અગ્નિશમન તંત્ર અને ૧૦૮ સેવાઓને સંકલનથી કામ કરાવવામાં આવશે.

૧૪) શહેરના હેરીટેજ સીટી તરીકેના ઓળખને પુનઃ સ્થાપિત કરવા માટેના અથાગ પ્રયત્નો ચાલુ વર્ષમાં પણ થતા રહેશે. સ્માર્ટ સીટી અંતર્ગત ABD વિસ્તારમાં ચાર દરવાજાના વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષે Sursagar Lake-front Development Project ને ખૂબ તેજીથી અમલમાં મુકવામાં આવશે. હેરીટેજ સેલને પુનઃ જિવિત કરી નિષ્ણાંતોની સેવા લેવામાં આવશે. GACL ના સહીયોગથી તૈયાર થયેલ Vadodara on Foot app ને વધુ લોકપ્રિયતા મળે અને Heritage Walk દ્વારા શહેરના વિરાસતને પર્યટકો અને શહેરીજનો સુધી પહોંચાડવાના પ્રયત્નો કરવામાં આવશે. શહેરની તમામ ઐતિહાસિક વાવોનું પુન: નિર્માણ કરવા માટે આ બજેટમાં વિશેષ જોગવાઇ પણ કરવામાં આવી છે.

૧૫) શહેરના અલગ અલગ વિસ્તારમાં MGVCL સાથે સંકલનમાં રહીને તબકકાવાર તમામ ઓવરહેડ વીજલાઇનોને અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરી હાથ ઉપર લેવાશે. પ્રથમ તબકકામાં શહેરના હેરીટેજ વિસ્તારમાં આ કામગીરીને પ્રાથમિકતા સાથે લેવાશે. ત્યાર પછી સ્માર્ટ સીટીના ABD વિસ્તારમાં પણ Multi Utility Duct દ્વારા પણ તમામ Underground Cable વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે.

ઉપરોકત મુજબના મુખ્ય વિષયોને આવરી લઇને શહેરના સર્વાંગી અને સર્વ સમાવેશક વિકાસ માટે હરણફાળ કામગીરી આવતા વર્ષમાં થવાની છે. આ ધ્યેય સાથે મહાનગરપાલિકા દ્વારા જયારે આયોજન કરાતુ હોય તો નગરજનો તરફથી પણ પોતાના લોકભાગીદારી વધારીને સહયોગ આપવા અનિવાર્ય બને છે. એ દિશામાં ચાલુ બજેટમાં કેટલાક કરવેરામાં સુધારાઓ સુચવવા માંગીએ છીએ, જેમાં પણ સામાન્ય માણસને ઓછામાં ઓછા બોજા પડે એ ધ્યાન રાખવામાં આવ્યું છે. કરવેરામાં વધુ પાર્દશકતા અને સરળતા લાવવા માટે Transparent and Simplified Taxation ના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેના મુખ્ય પાસાઓ નીચે મુજબ છે.

A101

Transparent and Simplified Taxation

૧) GIS Mapping દ્વારા તમામ મિલકતનું ડીઝીટલાઇઝેશન કરવામાં આવી રહ્યું છે. જેને લીધે તમામ મિલકતો વિષેની માહિતી ત્વરિત મળી શકશે તથા તેને લગત ફરીયાદ નિવારણમાં સરળતાં રહેશે. મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ટેક્ષના ભરણાં લગત માહિતી ત્વરીત મળી શકશે. GIS Mapping ઉપરથી કોઇપણ પ્રોપર્ટી નવીન બંધાશે તો પણ તેની માહિતી મળશે અને તેને લીધે આકારણી વગરની કોઇપણ મિલકત બાકી નહીં રહે.

૨) GIS સર્વે આધારિત તમામ મિલકતોના સર્વે નંબર મળવાથી હાલ જે સ્થળ પરીબળમાં લોકેટેડ એરીયા બ્લોકીંગ દ્વારા વર્ગીકરણ કરવામાં આવ્યુ છે, તેને બદલે સર્વે નંબર આધારે જંત્રી ઉપરથી સ્થળ પરિબળનો સુધારો કરી શકાશે.

૩) GIS સર્વે દ્વારા તમામ મિલકતોના પોસ્ટલ એડ્રેસ પ્રાપ્ત થવાના કારણે મહાનગરપાલિકાના મિલકત વેરાના બિલ તથા કોઇપણ મિલકતને લગત નોટીસ તથા સૂચના સરળતાથી બજાવી શકાશે.

૪) રહેણાંક અને બીનરહેણાંકની મિલ્કતોમાં માલિક તેમજ ભાડુઆતનો અલગ અલગ ભારાંક છે તેને એકસરખો કરવાનું સૂચન છે. જેથી કરદાતાની આવતી ખોટી ફરીયાદો કે રજુઆત નિયંત્રિત કરી શકાશે અને વાંધા અરજીઓમાં ઘટાડો થશે. જેથી મહાનગરપાલિકાના કરવેરા તંત્રના મેનઅવર્સનો બચાવ કરી મેનપાવરનો મહત્તમ ઉપયોગ કરી શકાશે.

૫) શહેરના નાગરિકો પોતાની મિલ્કતનો અંદાજીત વેરો કેટલો આવશે તેની ગણતરી કરી શકે તે હેતુથી મહાનગરપાલિકાની વેબસાઇટ ઉપર Self Assessment ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

બજેટની સમીક્ષા :

ચાલુ વર્ષે ૨૦૧૭–૧૮ માં મિલ્કત વેરા તથા અન્ય વેરામાં સઘન વસુલાત ઝુંબેશ ચલાવી વેરાની આવકમાં વધારો મેળવેલ છે. જેના કારણે મહેકમ તથા નિભાવણીનાં વધતા ખર્ચને પહોંચી વળી શકાયુ છે. તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ સમયાંતરે ફાળવેલ ગ્રાંટના કારણે મહાનગરપાલિકા વિકાસની ગતિને એક નવા શિખરે લઇ જવા સફળ રહ્યું છે. અને આ ગતિ ચાલુ રહે તેના ઉદ્દેશ સાથે સને ૨૦૧૭–૧૮ નું રિવાઇઝ તથા સને ૨૦૧૮–૧૯ નું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતા મને ઘણો આનંદ થાય છે.

સને ૨૦૧૭–૧૮ ના રિવાઇઝ તથા સને ૨૦૧૮–૧૯ ના ડ્રાફ્ટ અંદાજો, રેવન્યુ બજેટ પત્રક–અ તથા કેપીટલ બજેટ પત્રક–બ નીચે મુજબ છે.

પત્રક– અ રેવન્યુ બજેટ

(રૂ. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૭–૧૮ નો મંજુર અંદાજ	૨૦૧૭–૧૮ નો રીવાઇઝ અંદાજ	૨૦૧૮–૧૯ નો ડ્રાફ્ટ અંદાજ
અ.	પુરાંત બાકી	૧૫.૫૪	૨૭.૬૪	૨૨.૭૮
બ.	રેવન્યુ આવક	૧૦૭૨.૩૯	૧૧૦૧.૫૩	૧૦૮૭.૬૦
	સુચિત વધારો	૦.૦૦	૦.૦૦	૮૦.૧૦
ક	રેવન્યુ ખર્ચ	૧૦૦૮.૩૮	૧૦૫૬.૩૯	૧૦૭૪.૬૨
કેપીટલ બજેટમાં લઈ જવા		૫૦.૦૦	૫૦.૦૦	૭૫.૦૦
સિલક		**૨૯.૫૫**	**૨૨.૭૮**	**૪૦.૮૬**

A102

પત્રક – બ. કેપીટલ બજેટ

(રૂ. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૭–૧૮ નો મંજુર અંદાજ	૨૦૧૭–૧૮ નો રીવાઇઝ અંદાજ	૨૦૧૮–૧૯ નો ડ્રાફ્ટ અંદાજ
અ.	પુરાંત બાકી	૯.૯૬	૩.૫૧	૦.૨૩
બ.	રેવન્યુ બજેટમાંથી તબદીલ	૫૦.૦૦	૫૦.૦૦	૭૫.૦૦
ક્ર.	કેપીટલ આવક	૨૪૧.૨૬	૨૩૬.૨૯	૩૨૭.૨૮
ડ.	આંતરીક ભંડોળ/લોન	૧૮૫.૦૦	૧૨૦.૦૦	૮૫.૦૦
	કુલ કેપીટલ જમા	૪૮૬.૨૨	૪૦૯.૮૦	૪૮૭.૫૧
	કેપીટલ ખર્ચ	૪૮૪.૧૨	૪૦૯.૫૭	૪૭૮.૬૭
	સિલક	**૨.૧૦**	**૦.૨૩**	**૮.૮૪**

સને ૨૦૧૭–૧૮ ના રીવાઇઝ બજેટની સમીક્ષા

અ.) રેવન્યુ બજેટ :

વડોદરા મહાનગરપાલિકા મહેકમ નિભાવણી અને વિકાસ કામો માટે સ્વભંડોળ પર જ આધારીત છે. ગત વર્ષોની ઓક્ટ્રોયની આવક અને તેમા વર્ષો વર્ષ થતો વધારો પાલિકાને ઘણો લાભદાયી રહેલ હતો. અત્રે સ્વભંડોળમાંથી જોઇતી મદદ મળી રહેતી હતી. જો કે વર્ષ ૨૦૧૪ તથા ૨૦૧૬ ની ઓક્ટ્રોયની વળતર ગ્રાંટમાં થોડોક વધારો મળવા પામેલ છે. જો કે તે પુરતો રહેતો નથી.

સને ૨૦૧૭–૧૮ ના રેવન્યુ આવકના રૂ.૧૦૭૨.૩૯ કરોડના અંદાજ સામે રીવાઇઝ અંદાજ રૂ.૧૧૦૧.૫૩ કરોડ થવા જઇ રહેલ છે. જેની સામે રેવન્યુ ખર્ચ રૂ.૧૦૦૮.૩૮ કરોડના અંદાજ સામે રૂ.૧૦૫૬.૩૯ કરોડ જેટલો થવા પામશે. તેમ છતાં કેપિટલ બજેટમાં લઇ જવા રેવન્યુ સરપ્લસ રૂ.૫૦.૦૦ કરોડ મળી રહેવા સંભવ છે.

બ.) કેપિટલ બજેટ :

સને ૨૦૧૭–૧૮ માં કેપિટલ ખર્ચ રૂ.૪૮૪.૧૨ કરોડ અંદાજેલ હતો પરંતુ રીવાઇઝ કેપિટલ ખર્ચ રૂ.૪૦૯.૫૭ કરોડ નો થવા સંભવ છે. જેથી લોનનો અંદાજ જે રૂ.૧૮૫.૦૦ કરોડ હતો તે ઘટીને રીવાઇઝ અંદાજ રૂ.૧૨૦.૦૦ કરોડ થવા સંભવ છે. સને ૨૦૧૬–૧૭ ના ખરેખર કેપિટલ ખર્ચ રૂ.૧૦૮.૫૧ કરોડ થયેલ છે .જેની સામે સને ૨૦૧૭–૧૮ નો રીવાઇઝ કેપિટલ ખર્ચ રૂ.૪૦૯.૫૭ કરોડ થવા સંભવ છે. જે સને ૨૦૧૬–૧૭ ના ખરેખર ખર્ચની સરખામણી એ રૂ.૩૦૧.૦૬ કરોડ નો વધારો થવા સંભવ છે.

સને ૨૦૧૮–૧૯ ના ડ્રાફ્ટ બજેટની સમીક્ષા

અ.) રેવન્યુ બજેટ :

સને ૨૦૧૮–૧૯ માં રેવન્યુ આવક સને ૨૦૧૭–૧૮ ના રીવાઇઝ અંદાજની સરખામણી એ રૂ.૧૧૦૧.૫૩ કરોડ થી વધીને રૂ.૧૧૬૭.૭૦ કરોડ થવા અંદાજ છે. સાથે સાથે રેવન્યુ ખર્ચ પણ સને ૨૦૧૭–૧૮ ના રીવાઇઝ અંદાજ રૂ.૧૦૫૬.૩૯ કરોડ થી વધીને રૂ.૧૦૭૪.૬૨ કરોડ થવા સંભાવના છે. જેથી રેવન્યુ સરપ્લસ રૂ.૭૫.૦૦ કરોડ થવાનો અંદાજ છે.

A103

બ.) કેપિટલ બજેટ :

ગત વર્ષોની વિકાસની ગતિ ચાલુ રહે તથા તેને વેગ મળે તે હેતુથી જમીન વેચાણથી આવક મેળવી સને ૨૦૧૮–૧૯ માં કેપિટલ આવક રેવન્યુ સરપ્લસ સહીત રૂ.૪૮૭.૫૧ કરોડ થવા અંદાજ છે. અને કેપિટલ ખર્ચ રૂ.૪૭૮.૬૭ કરોડ નો થવાનો અંદાજ છે .આ કેપિટલ ખર્ચ ને પહોચી વળવા રૂ.૮૫.૦૦ કરોડ જેટલી લોન લેવાનો અંદાજ છે.

સને ૨૦૧૮–૧૯ માં કેપિટલ ખર્ચનું નીચે મુજબનું મુખ્ય અંદાજાયેલ આયોજન

જુદી જુદી યોજના ના ફાળાની રકમ	રૂ.	૮૫.૦૦ કરોડ
રોડ અને પૂલો	રૂ.	૧૨૦.૩૦ કરોડ
પાણી પૂરવઠા	રૂ.	૩૪.૮૮ કરોડ
ડ્રેનેજ	રૂ.	૪૪.૮૫ કરોડ
વરસાદી ગટર	રૂ.	૩૩.૫૦ કરોડ
હાઉસીંગ /બીલ્ડીંગ	રૂ.	૪૬.૮૬ કરોડ
જમીન વળતર	રૂ.	૩૦.૨૫ કરોડ
આરોગ્ય/માર્કેટ/જન્મ–મરણ	રૂ.	૧૧.૯૦કરોડ
બાગ–બગીચા	રૂ.	૧૫.૫૨કરોડ
અગ્નિશમન	રૂ.	૮.૨૦કરોડ
સ્ટ્રીટ લાઈટ	રૂ.	૬.૪૨ કરોડ
કોમ્પ્યુટરાઇઝેશન	રૂ.	૧૦.૦૩ કરોડ
અન્ય વિકાસ ખર્ચ	રૂ.	૩૦.૯૬ કરોડ

➢ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :

માનનીય મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અન્વયે નગરોના સંકલિત વિકાસ માટે એક વિઝન સાથે વિકાસની વિસ્તૃત પરિભાષા રજુ કરી રાજ્યના નગરોમાં હાથ ધરવાના કામો માટે જે સુચનો કરેલ હતા તેના આધારે શહેરીકરણ ના તમામ પાસાઓને આવરી લેતુ વિસ્તૃત અને લાંબાગાળાનું આયોજન નજર સમક્ષ રાખી "સ્વર્ણિમજયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" નો અમલ કરવામાં આવેલ છે.

❖ યુડીપી– ૫૭ (વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪) :

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત યુડીપી–૫૭ વર્ષ ૨૦૧૨–૧૩ પેટે કુલ ૧૨૦ કામો માટે રૂ.૩૩૫.૦૪ કરોડના કામોને મંજૂરી મળેલ છે, તે પૈકી બધા કામો પૂર્ણ થયેલ છે, યુડીપી–૫૭ વર્ષ ૨૦૧૩–૧૪ પેટે ૪૧ કામો સંદર્ભે સરકારશ્રી દ્વારા ફાળવેલ ૮૪ કરોડ ગ્રાંટનો ૧૦૦% ખર્ચ પૂર્ણ થયેલ છે.

❖ યુડીપી– ૭૮ :

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૨–૧૩ પેટે ૫૮ કામો સંદર્ભે સરકારશ્રી દ્વારા ૭૫.૦૦ કરોડ ફાળવેલ ગ્રાન્ટનો ૧૦૦% ખર્ચ પૂર્ણ થયેલ છે, અને વર્ષ ૨૦૧૩–૧૪ પેટે ૧૬૮ કામો સંદર્ભે સરકારશ્રી દ્વારા ૭૨.૦૦ કરોડ ફાળવેલ ગ્રાન્ટનો ૧૦૦% ખર્ચ પૂર્ણ થયેલ છે.

A104

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ પેટે વિવિધ પ્રોજેકટ્સ તથા લોકોપયોગી સુવિધાઓનાં કુલ ૧૯૨ કામો માટે રૂ.૪૭૪.૧૦ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ છે, જેની સામે વડોદરા મહાનગરપાલિકા ને વર્ષ ૨૦૧૪–૧૫ પેટે રૂ.૨૩૭.૦૦ કરોડનું અનુદાન અને વર્ષ ૨૦૧૫–૧૬ પેટે રૂ.૧૪૯.૦૦ કરોડનું અનુદાન ફાળવવા ઠરાવવામાં આવેલ છે. જેમાં, કુલ કામો પૈકી ૧૮૭ કામો પૂર્ણ થયેલ છે તથા કુલ રૂ.૨૭૯.૪૧ કરોડ નો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ પેટે રોડ રીસર્ફેસીંગ યોજના પેટે રૂ.૪૫.૦૦ કરોડની ફાળવણી ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા કરવામાં આવેલ જેમાં કુલ ૩૫૦ કામોનો સમાવેશ કરવામાં આવેલ, જેમાં મહદઅંશે કામો પૂર્ણ કરેલ છે, જેમાં કુલ રૂ.૨૯.૩૮ કરોડનો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ પેટે વિવિધ પ્રોજેક્ટસ તથા લોકોપયોગી સુવિધાઓનાં કુલ ૧૯ કામો માટે રૂ.૨૩૦.૭૪ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત તા.૨૩–૦૬–૨૦૧૬ નાં રોજ ગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ, જેની સામે વડોદરા મહાનગરપાલિકાને રૂ.૧૫૩.૦૦ કરોડનું અનુદાન ફાળવવામાં આવેલ છે. જેમાં કુલ ૪ કામો પૂર્ણ થયેલ છે તથા રૂ.૮૯.૫૧ કરોડ નો ખર્ચ થયેલ છે. અન્ય કામો પ્રગતિ હેઠળ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ યોજના અંતર્ગત શહેરી સડક યોજના પેટે (યુડીપી–૭૮, વર્ષ ૨૦૧૬–૧૭) ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા રૂ.૨૯.૦૦ કરોડની ફાળવણી કરેલ, જેમાં કુલ ૧૭ કામોનો સમાવેશ કરવામાં આવેલ, તમામ ૧૭ કામો પૂર્ણ થયેલ છે તથા કુલ ૨૯.૪૯ કરોડનો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ યોજના અંતર્ગત આઉટ ગ્રોથ વિસ્તારનાં વિકાસ માટે રૂ.૭૯.૦૦ લાખ ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ છે, જેમાં સમાવિષ્ટ પાણી પૂરવઠાનું કામ પ્રગતિ હેઠળ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮ પેટે વિવિધ પ્રોજેક્ટસ તથા લોકોપયોગી સુવિધાઓનાં કુલ ૧૧૭ કામો માટે રૂ.૧૮૪.૧૩ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત તા.૨૬–૦૯–૨૦૧૭ નાં રોજે ગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ છે, જેની સામે વડોદરા મહાનગરપાલિકા ને રૂ.૧૪૫.૦૯ કરોડનું અનુદાન ફાળવવા ઠરાવવામાં આવેલ છે. જેમાં સમાવિષ્ટ કામો હાલ પ્રગતી હેઠળ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮ યોજના અંતર્ગત શહેરી સડક યોજના પેટે (યુડીપી–૭૮, વર્ષ ૨૦૧૭–૧૮) ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા રૂ.૨૯.૦૦ કરોડની ફાળવણી કરેલ, જેમાં કુલ–૨૨ કામોનું સમાવેશ કરવામાં આવેલ છે. જેની કામગીરી હાલ પ્રગતી હેઠળ છે.

❖ **આગવી ઓળખનાં કામો :**

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખના કુલ ૧૦ કામો પેટે રૂ.૨૩૧.૦૦ કરોડના કામોને મંજૂરી મળેલ છે. જે પૈકી ૮ કામો પ્રગતિ હેઠળ છે, તથા ૨ કામ પૂર્ણ થયેલ છે. સરકારશ્રી દ્વારા સદર યોજના હેઠળ કુલ રૂ.૧૮૬.૦૦ કરોડની ગ્રાન્ટ સામે રૂ.૧૧૭.૯૦ કરોડ નો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી ઉજવણી હેઠળ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી થી રસ્તા, સ્ટ્રીટલાઇટ તથા પાણીની નળીકાના લોક ઉપયોગી કામો માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ રૂ.૨૦૪.૧૯ કરોડ (૭૦% ફાળો) ફાળવવામાં આવેલ છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૧૦% ફાળો આ સુવિધાઓ માટે આપવાનો હોય છે. જ્યારે બાકીના ૨૦% ખાનગી સોસાયટેઓએ ફાળો આપવાનો રહે છે. આ યોજના

A105

હેઠળ અંદાજીત ૩૪૬૫ ખાનગી સોસાયટીઓ લાભાન્વીત થયેલ છે. જેનાં કારણે સોસાયાટીઓમાં સ્વચ્છતાનું પ્રમાણ વધેલ છે. તથા શહેરીજનોની સુખાકારીમાં પણ વધારો થયેલ છે.

- આ ઉપરાંત કુલ ૩૦૦ આંગણવાડી માટે રૂ.૧૬.૭૭ કરોડની ગ્રાંટ મંજુર કરેલ છે. કુલ ૩૦૦ આંગણવાડી પૈકી ૨૦૬ આંગણવાડીઓ નાં કામો પૂર્ણ થયેલ છે. અને ૮ આંગણવાડીઓ ના કામો પ્રગતિ હેઠળ છે.

➢ વડોદરા સ્માર્ટ સીટી :

- દેશભરનાં ૯૮ શહેરોને સ્માર્ટ સીટી બનાવવાનાં ભાગરૂપે વડોદરા શહેરનો પણ સમાવેશ કરેલ છે.
- વડોદરા શહેરની સમૃદ્ધ સંસકૃતિ અને સ્થાપત્ય (વારસો) ના સંરક્ષણ અને વિકાસ કરવા માટે તેના સંવેદનશીલ પરિવર્તન દ્વારા વડોદરા શહેરને વાયબ્રન્ટ શહેર તરીકે વિકસાવવા માટે અને સમાન તથા ટકાઉ વિકાસ દ્વારા શહેરના નાગરીકો માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની જીવનશૈલી પુરી પાડવાનો દ્રષ્ટીકોણ સાથે વડોદરા શહેરનાં નાગરીકો, નામાંકીત બુધ્ધજીવીઓ, એન.જી.ઓ. વિગેરે સાથેનાં સુચન/ અભિપ્રાયો મેળવી આશરે રૂ.૨૦૦૯ કરોડ ની દરખાસ્ત સરકારશ્રી માં રજુ કરવામાં આવેલ હતી.
- સ્માર્ટ સીટી બનાવવા માટેના મિશનના બીજા તબક્કામાં વડોદરા શહેરની પસંદગી થયેલ છે.
- સ્માર્ટ સીટી માટે એસ.પી.વી. બનાવવાની દરખાસ્ત ને સામન્ય સભાની મંજૂરી મળેલ છે અને હાલમાં તેને રાજ્ય સરકારશ્રી મંજૂરી મળ્યા બાદ વડોદરા સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લીમીટેડ નામની કંપની હાલ કાર્યરત છે.

૧) ABD પ્રોજેક્ટ્સ :

સીટી સ્કવેરનું બાંધકામ, સ્થાપત્યોનો અને બગીચાઓ પુન:ઉત્થાન, વિશ્વામિત્રી રીવરફ્રંટમાં વિવિધતાનો ઉમેરો, પાણી પુરવઠા માટેનાં સ્માર્ટ સોલ્યુશન, સુવેઝ માટેનાં સ્માર્ટ સોલ્યુશન, સોલિડ વેસ્ટ માટેનાં સ્માર્ટ સોલ્યુશન,પાણીના સ્ત્રોતોનાં રીચાર્જ માટેનાં સ્માર્ટ સોલ્યુશન, પુન:પ્રાપ્ય (રીન્યુએબલ) ઊર્જા માટેનાં સ્માર્ટ સોલ્યુશન સહ સ્ટ્રીટલાઈટીંગ, નોન મોટોરાઈઝ્ડ પરિવહન (NMT) સુવિધાઓ માટેનાં સ્માર્ટ સોલ્યુશન, સ્લમ–ફ્રી વિસ્તાર, વાંચનાલય, ઈ–લર્નીંગ સેન્ટર, વ્યવ્સાયિક ટ્રેનીંગ સેન્ટર,સુરક્ષિત શહેર.

૨) PAN CITY પ્રોજેક્ટ્સ :

૧) ઈન્ટ્રીગ્રેટેડ ઓપરેશન સેન્ટર – કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર
૨) સ્માર્ટ પબ્લિક વાહન વ્યવ્હાર સહિતના સ્માર્ટ બસ ટર્મીનસ
૩) વન વડોદરા મોબાઇલ એપ્લીકેશન
૪) સીટી વાઇ–ફાઇ
૫) હેલ્થ મેનેજમેન્ટ અને ઇન્ફોર્મેશન સિસ્ટમ(HMIS) અને હેલ્થ કાર્ડ
૬) જી.આઇ.એસ. (સ્તરીય અને ભુગર્ભીય ઇન્ફોર્મેશન સિસ્ટમ) અને એન્ટરપ્રાઇઝ રીસોર્સ પ્લાનીંગ સિસ્ટમ(ERP)

❖ પૂર્ણ થયેલ કામો :

- સ્માર્ટ સીટી અંતર્ગત City WiFi & Intelligent Poles નો PPP ધોરણે, પ્રથમ તબક્કામાં કુલ ૨૦૦ પોલ લગાવવામાં આવશે, તથા બીજા તબક્કામાં વધુ ૨૫૦ પોલ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.
- નાગરીકોને આશરે દરરોજ ૩૦ મિનિટ અથવા ૧૦૦ MB ફ્રી વાઇ–ફાઇ, પી.પી.પી.ના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. હાલમાં કુલ ૧૨ પોલ ઉપર વાઇ–ફાઇની સેવા ચાલુ કરવામાં આવી છે.

A106

- વડોદરા શહેરના જનતાની સુરક્ષા માટે શહેરનાં જુદા જુદા વિસ્તારો, રસ્તાઓ તેમજ ઈમારતોમાં સી.સી. ટી.વી. તેમજ પાણી પુરવઠાને લગતી સ્કાડા સીસ્ટમનું સેન્ટ્રલી મોનીટરીંગ અને કંટ્રોલીંગ કરવા માટે બદામડી બાગ ખાતે નવીન સીટી કામાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર બનાવવાનુ કામ (કુલ પ્રોજેક્ટ કોસ્ટ : રૂ.૯૬.૮૩ કરોડ)
- શહેરનાં મુલાકાતીઓ, દેશ–વિદેશનાં પર્યટકો તેમજ પ્રવાસીઓ વડોદરા શહેરનાં મહત્વપૂર્ણ વારસો તથા તેનાં પર્યટન સ્થળોની માહિતી એક જ સ્થળે સરળતાથી અને સહજ રીતે મળી શકે તે સીટી ઈન્ફોર્મેશન સેન્ટર બનાવવાનું કામ (કુલ પ્રોજેક્ટ કોસ્ટ: રૂ.૧.૪૨ કરોડ)

❖ **<u>પ્રગતિ હેઠળના કામો</u> :**

- સેન્ટ્રલ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (IOC & CCC), શહેરના બદામડી બાગ ખાતે એડવાન્સ લેવલની ડીઝાઇન અને ICT ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને બનવામાં આવેલ છે. સીટી કમાન્ડ સેન્ટરમાં GIS, CCTV Surveillance, ERP, SCADA, Call Center, Police Department, Disaster Management, Fire Bridge, IT Department તથા Emergency Response Team ના સ્ટાફ સંબંધિત બધી જ કામગીરીનું સેન્ટ્રલી મોનીટરીંગ કરવામાં આવશે. (રૂ.૮૮.૮૭ કરોડ)
- ERP (Enterprise Resource Planning) – એક Integrated Common Platform ઉપર સિસ્ટમ બનશે કે જેના થકી ડેટાનું ડુપ્લીકેશન અટકશે તથા તમામ ડિપાર્ટમેન્ટ Fully Computerised થશે, બધા પ્રકારની માહિતી ત્વરિત મળી શકશે. મહાનગરપાલિકાની સિસ્ટમની Security વધશે. (રૂ.૨૯.૦૮ કરોડ)
- Geographical Information System (GIS) ઓન સરફેસ, જેના થકી પ્રોપર્ટી ટેક્ષ લગતની તમામ માહિતી સરળતાથી અને ત્વરિત મળી શકશે. આ ઉપરાંત, જમીનના રીઝર્વેશન, ફાળવણી, વિગેરે ની માહિતી તથા આપણી મિલ્કતો સંબંધિત તમામ માહિતી GIS દ્વારા ત્વરીત ઉપલબ્ધ થઇ શક્શે. મીસીંગ પ્રોપર્ટી તથા આખા વડોદરાની પ્રોપર્ટીની માહિતી મળશે તથા સ્ટ્રીટલાઇટ, સ્ટ્રોમ વોટર, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વ્હીકલપુલ, વિગેરેમાં કોઇ ફોલ્ટ હશે તો તેની Pictorial માહિતી મેળવીને તેનું નિરાકરણ સચોટ અને ત્વરિત મેળવી શકાશે. સદરહુ કામગીરી ૭૦ ટકા પૂર્ણ થયેલ છે. (રૂ.૨૦.૫ કરોડ)
- જનમહલ–મલ્ટી મોડલ સીટી ટ્રાન્સ્પોર્ટ હબ (ફેઝ–૧) PPP ધોરણે
    - સેંન્ટ્રલ ટ્રાન્સપોર્ટ હબ બાંધવા માટેનો કૂલ સમય –સિટી બસ ટર્મિનલના બાંધકામ માટે ૧૮ માસ અને કોમર્શીયલ સુવિધાઓના બાંધકામ માટે ૩૬ માસ
    - ૨૫ બસ પ્લેટ્ફોર્મ પૈકી ૨૦ સીટી બસ માટે અને ૫ GSRTC માટે
- સ્માર્ટ સીટી અંતર્ગત સીટી બસ સર્વિસ: સ્માર્ટ સીટી અંતર્ગત આગામી ૧૦–વર્ષના આયોજનના ભાગરૂપે સીટી બસ સર્વિસને આધુનિક સીસ્ટમોથી સજ્જ તેમજ સ્માર્ટરીતે અપટેડ કરવી અત્યંત આવશ્યક જણાંતા રાજયની અન્ય સીટી મુજબ પ્રતિ કી.મી.ના દરના મોડલ અપનાવી વડોદરા શહેરમાં ૧૫૦–મીડી બસ પ્રોકયુર, ઓપરેટ અને મેન્ટેઇન કરવા માટેનો નવીન ૧૦–વર્ષ માટે ઇજારો કરવામાં આવેલ છે. આ ઇજારા અંતર્ગત ઇજારદાર દ્વારા કુલ ૧૫૦–બસો ઓપરેટ કરવામાં આવશે. જે પૈકી ૨૦–જેટલી એ.સી. બસ ઓપરેટ કરવાની રહેશે.આ તમામ બસો CNG સંચાલિત, જીપીએસ, વાઇફાઇ, એલ.ઇ.ડી ડીસ્પ્લે, સ્માર્ટ ટીકીટીંગ સિસ્ટમ, મોબાઇલ ચાર્જીંગ અને સ્માર્ટ આઇ ટી ઇનેબલ્ડ ટ્રેકીંગ અને કોમ્યુનિકેશન સિસ્ટમ થી સુસજ્જ હશે.
- શહેરમાં વિવિધ સ્થળે બેટરી ઓપરેટેડ મોબાઇલ વોટર વેંડીગ મશીન લગાવવાની કામગીરી PPP ધોરણે
- વિવિધ સ્થળે PPP ધોરણે ઇ ટોઇલેટ બનાવવાની કામગીરી

A107

- ઐતીહાસીક ચાર દરવાજા પૈકી
  - ગેંડી ગેટનુ રીસ્ટોરેશન કરવાનુ કામ, કામની રકમ : ૩.૯૬.૫૭ લાખ
  - ચાંપાનેરનું રીસ્ટોરેશન કરવાનુ કામ, કામની રકમ : ૩.૯૬.૧૯ લાખ
  - પાણીગેટનું રીસ્ટોરેશન કરવાનુ કામ, કામની રકમ : ૩.૯૮.૧૦ લાખ
  - માંડવી ગેટનું રીસ્ટોરેશન કરવાનુ કામ, કામની રકમ : ૩.૧.૨૫ કરોડ
- સુરસાગર તળાવના નવિનીકરણની કામગીરી, કામની રકમ : ૩.૩૮.૦૯ કરોડ
- લક્કડીપુલ દાંડિયા બજાર ખાતે સ્ટોર્મ વોટર ડ્રેઇન પર RCC કવર, કામની રકમ : ૩.૩.૪૧ કરોડ
- Rooftop Solar Project ઇન્ફ્રાસ્ટ્રક્ચર વર્ક કામની રકમ : ૩.૨૫ કરોડ

❖ **<u>આયોજન હેઠળના મુખ્ય કામો :</u>**

- GIS (Geographical Information System)–અંડર ગ્રાઉન્ડ સર્વેની કામગીરીથી તમામ એસેટ્સ ની માહિતી ઉપલબ્ધ થશે. મહાનગરપાલિકાની Utility જેવી કે પાણી પુરવઠા, સુવરેઝ, રોડ, ગેસ, વિગેરે માં કોઇ ફોલ્ટ હશે તો તેની Pictorial માહિતી મેળવીને તેનું નિરાકરણ સચોટ અને ત્વરિત મેળવી શકાશે. કુદરતી આફતો વખતે સદરહુની મદદથી ડેટા મેળવી તેના પર ત્વરિત પગલાં લઇ શકાશે. મુખ્ય રસ્તાઓની સફાઇ, પાણીના લીકેજ, ડ્રેનેજનું ઉભરાવું, સ્ટ્રીટ લાઇટ બંધ હોવી, વિગેરે સમસ્યાઓનું Monitoring કરી તુરંત એક્શન લેવામાં મદદ થશે. (૩.૨૦ કરોડ)
- સ્માર્ટ સીટી અંતર્ગત Water SCADA–IT Part પ્રોજેકટ અંગે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. વડોદરા શહેરના નાગરિકોને પાણીનું વિતરણ આધુનિક પ્રકારે અને સમાન રીતે મળી શકશે. પાણીનું કન્ટ્રોલીંગ અને વિતરણ રીયલ ટાઇમ તથા ઓટોમેટીક થશે. પાણીનો દૂરઉપયોગથી બચી શકાશે. (૩.૩૬.૧ કરોડ for ICT Part)
- સ્માર્ટ સીટી અંતર્ગત HMIS & Health Card પ્રોજેકટ અંગે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. (૩.૩૫ કરોડ)
- ITMS પ્રોજેક્ટ શહેરના બસ સેવા માટે ICT ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને બનવામાં આવનાર છે. જેમાં Smart Bus Station, Real Time Information Depo, LED Display, Driver Display Unit અને Transit Portal with Mobile application નો સમાવેશ થશે. જેથી bus ની Real Information મળી શકશે. (૩.૨૦ કરોડ)
- ફાયર સ્ટેશનોને અદ્યતન બનાવવા માટે ICT ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને બનવામાં આવનાર છે. જેમાં ફાયરના કન્ટ્રોલ રૂમને સંલગ્ન ઉપકરણો ઇન્સ્ટોલ કરવામાં આવનાર છે. (૩.૫ કરોડ)
- Encroachment monitoring system જેમાં મહાનગરપાલિકાના વિવિધ પ્લોટ્સ અને હોર્ડીંગ ઝોન વિગેરેનું મોનીટરીંગ કરી શકાશે જેથી તેના ઉપર કોઇ Encroachment થાય તો તે અંગે યોગ્ય પગલાં લઇ શકાશે. (૩.૫ કરોડ)
- પબ્લીક બાઇસીકલ શેરીંગ પ્રોજેક્ટની કામગીરી PPP ધોરણે
- સ્માર્ટ સીટી અંતર્ગત ABD એરીયામાં (વડીવાડી, સયાજી બાગ, અકોટા પાણી પુરવઠા ક્ષેત્ર) ૨૪ X ૭ પાણી વિતરણ કામગીરી : અંદાજી રકમ ૩.૧૦૭ કરોડ.
- સ્માર્ટ સીટી અંતર્ગત ABD એરીયામાં સ્માર્ટ રોડ કામગીરી (સ્થળ નિર્માણ અને નોન–મોટરાઇઝડ ટ્રાન્સપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર, જંકશન સુધારણા અંદાજી ૧૩ કી.મી. રોડ ઉપર): અંદાજી કામની રકમ ૩.૮૧ કરોડ
- સ્માર્ટ સીટી અંતર્ગત ABD એરીયામાં મલ્ટી યુટીલીટી ડક્ટ પ્રોજેક્ટ: અંદાજી કામની રકમ ૩.૧૨૧ કરોડ

A108

- સયાજી બાગ સેવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અપગ્રેડેશન પ્રોજેક્ટ: અંદાજી કામની રકમ રૂ.૧૯ કરોડ
- વિવિધ સ્થળોએ ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટરની સ્થાપના માટે નેબરહુડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ: અંદાજી કામની રકમ રૂ.૧૨ કરોડ
- વ્યવસાયીક તાલીમ કેન્દ્રનું બિલ્ડીંગ: અંદાજી કામની રકમ રૂ.૪ કરોડ

➢ અમૃત યોજના :

- અટલ મિશન ફોર રેજુવનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન(અમૃત) યોજના, દેશભરની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓનાં કાયાકલ્પ અર્થે (ભારત સરકાર દ્વારા) જાહેર કરવામાં આવેલ છે. અમૃત યોજનામાં નાગરિકોને પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ભુર્ગભ ગટર, વરસાદી ગટર, પ્રદૂષણ ઘટાડા અર્થે જાહેર પરિવહનનો મહતમ ઉપયોગ તથા બિન–મોટર ટ્રાન્સપોર્ટ (વોકિંગ, સાઈકલિંગ) માટે સુવિધા નિર્માણ તથા પાર્કસ–ગાર્ડન તથા મનોરંજન કેન્દ્રો બનાવવા માટે પ્રોજેકટ તૈયાર કરવામાં આવી રહેલ છે.
- સદર યોજના હેઠળ સને ૨૦૧૫ થી ૨૦૨૦ ના વર્ષ માટે કુલ રૂ.૪૫૨.૪૫ કરોડના ખર્ચે કુલ–૧૩ (તેર) કામો મંજુર થયેલ છે.
- અમૃત યોજનાનો ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા ૩૩% કિંમત અને તેની સરખામણીમાં રાજયસરકાર અને વડોદરા મહાનગરપાલિકા એ અનુક્રમે ૩૭% અને ૨૦%નાં પ્રમાણમાં ભોગવવાનો રહેશે.
- અમૃત યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ડી.પી.આર. મંજુર થયેથી સબંધિત પ્રોજેકટની આગળની કામગીરી હાથ ધરવામા આવી રહેલ છે.

❖ પૂર્ણ થયેલ કામ (સને ૨૦૧૫–૧૬) :

- ટી.પી–૨ એફ.પી–૪૯ સયાજીપુરામાં ગાર્ડન બનાવવાનુ કામ (ગાર્ડન શાખા) રૂ.૦.૪૫ કરોડ

❖ પ્રગતિ હેઠળના કામો (સને ૨૦૧૫–૧૬) :

- હાઈ–વે સમાંતર દરજીપુરા કલ્વર્ટ થી વિશ્વામિત્રી તરફ વરસાદી ગટર બનાવવાનું કામ (વરસાદી ગટર શાખા) રૂ.૩૪.૦૦ કરોડ

❖ પ્રગતિ હેઠળના કામો (સને ૨૦૧૬–૧૭) :

- રાજીવનગર ૭૮ એમ.એલ.ડી એસ.ટી.પી. (ડ્રેનેજ શાખા) રૂ.૯૦.૦૦ કરોડ
- જી.આઇ.ડી.સી. તેમજ વાસણામાં નેટવર્કીંગ તેમજ મીટરીંગની કામગીરી (વોટર સપ્લાય) રૂ.૪૫.૦૦ કરોડ
- પેડેસ્ટ્રેન ગ્રેડ સેપરેટેડ ફેસેલીટીસ ઇન મીડીયમ ટ્રમ (અર્બન ટ્રાંન્સપોર્ટ) રૂ.૫.૦૦ કરોડ
- ટી.પી.૧૩ (નગર નંદનવન) માં નર્મદા કેનાલને સમાંતરમા ગ્રીન બેલ્ટ બનાવવાની તેમજ જોગીંગ ટ્રેક તેમજ પીકનીક સેન્ટર બનાવવાની કામગીરી (ગાર્ડન શાખા) રૂ.૨.૦૦ કરોડ

❖ પ્રગતિ હેઠળના કામો (સને ૨૦૧૭–૨૦) :

- સીંધરોટ વિયરમા ઇન્ટેક સ્ટ્રકચર, ડબ્લ્યુ.ટી.પી. અને ટ્રાન્સમીશન વિગેરેની કામગીરી (વોટર સપ્લાય) રૂ.૧૦૦.૦૦ કરોડ
- કપુરાઇ ખાતે નવિન એસ ટી.પી. (૬૦ એમ.એલ.ડી.) બનાવવાની કામગીરી (ડ્રેનેજ શાખા) રૂ.૯૦.૦૦ કરોડ

A109

❖ **આયોજન હેઠળના કામો (સને ૨૦૧૭–૨૦) :**

- વિશ્વામિત્રી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને અટકાવી સુદ્રઢીકરણ કરી નિકાલ કરવાનુ કામ (ડ્રેનેજ શાખા) રૂ.૩૮.૦૦ કરોડ
- જી પી સી બી મુજબ હયાત એસ ટી પી અપગ્રેડેશન ની કામગીરી (ડ્રેનેજ શાખા) રૂ.૩૦.૦૦ કરોડ
- બહુચરાજી નાગરવાડા કાંસના કિનારાવાળા ભાગમાં નવિન એ.પી.એસ. તેમજ રીટેઇનીગ વોલ બનાવવાની કામગીરી (ડ્રેનેજ શાખા) રૂ.૧૦.૦૦ કરોડ
- હયાત ઝુ તેમજ ગાર્ડનનું રીડેવલેપમેન્ટની કામગીરી (ગાર્ડન શાખા) રૂ.૫.૦૦ કરોડ
- ટ્રાફીક નિયમન અત્રે ટ્રાફિક ફર્નિચર, સાઇનેજીસ, ફુટપાથ (અર્બન ટ્રાન્સપોર્ટ) રૂ.૩.૦૦ કરોડ

૧) ફ્યુચરીસ્ટીક પ્લાનીંગ સેલ :

વડોદરા મહાનગરપાલિકા માં સમાવિષ્ટ વિવિધ તળાવોની સ્વચ્છતા તથા સુંદરતા જળવાય અને તળાવો શહેરીજનો માટે પર્યટન અને મનોરંજન વિગેરે જેવી પ્રવુત્તિઓના સ્થળ તરીકે વિકસાવી શકાય તે હેતુથી શહેરના ૭ તળાવોની કામગીરી પૂર્ણ કરેલ છે. ૧૮ તળાવોની કામગીરી પ્રગતિ હેઠળ છે. અન્ય આયોજન હેઠળ છે. હરણી મોટનાથ તળાવની કામગીરી PPP ધોરણે હાલ પ્રગતિ હેઠળ છે.

- હેરીટેજ સ્થળ અને સ્થાપત્યોના પુનરૂત્થાનના ભાગ રૂપે ઐતીહાસીક સ્મારક પાણીગેટ, માંડવી ગેટ, ચાંપાનેર ગેટ અને ગેંડી ગેટનું રીસ્ટોરેશન કરવાનુ પ્રગતીમાં છે. તથા ચાર દરવાજા વિસ્તારનું હેરીટેજ ડેવલોપમેન્ટ માટે ડીજીટાઇઝ સર્વેની કામગીરી પૂર્ણ કરી પ્લાનીંગ તબક્કે છે.
- વડોદરા શહેરમાં વિવિધ જગ્યાએ ૫૦ નંગ પ્રી–ફેબ્રીકેટેડ આંગણવાડીની, સ્ક્રેપમાંથી વેસ્ટેજ સ્ક્રેપનો ઉપયોગ કરી કુલ ૨૦ નંગ સ્ટ્રીટ ફર્નિચર સ્કલ્પચર બનાવવાની કામગીરી પ્રગતીમાં છે. ક્રોકોડાઇલ એજ્યુકેશન સેન્ટર કામગીરી હાલમાં આયોજન હેઠળ છે.
- PPP ધોરણે વડોદરા શહેરના વિવિધ જગ્યાએ કુલ–૧૦૪ જગ્યાએ નવીન બસ શેલ્ટર PPP ધોરણે કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે કુલ ૨૦૦ સ્થળે ઈ–ટોયલેટ્ની કામગીરી, કુલ ૨૦ સ્થળે બેટરી પાવર્ડ મોબાઇલ વોટર વેન્ડીંગ મશીન ઇંસટોલેશનની કામગીરી PPP ધોરણે પ્રગતીમાં છે. અને લાલબાગ બ્રીજ, કલાલી બ્રીજ નીચે બ્યુટીફીકેશનની કામગીરી PPP ધોરણે આયોજન હેઠળ છે.
- વડોદરા સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. દ્વારા સ્માર્ટ સીટી અંતર્ગત વિવિધ પ્રોજેકટસ પૈકી શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં જન મહલ મલ્ટી–મોડલ સીટી ટ્રાન્સપોર્ટ હબ (ફેઝ–૧) ની કામગીરી તથા ઉત્તર ઝોનમાં નિઝામપુરા ટ્રાન્સપોર્ટ હબ (ફેઝ–૧)ની કામગીરી PPP ધોરણે પ્રગતિ હેઠળ છે. તથા તરસાલી ટ્રાન્સપોર્ટ હબ (ફેઝ–૧) અને પૂર્વે અને પશ્ચિમ ઝોનમાં પણ ટ્રાન્સપોર્ટ હબની કામગીરી PPP ધોરણે આયોજન હેઠળ છે.
- શહેરના વિવિધ સ્મશાનોના નવિનીકરણની કામગીરીમાં છાણી, સમા, લક્ષ્મીપૂરા, અકોટા, માંજલપૂર, દંતેશ્વર, નિઝામપુરા મુકિતધામોની કામગીરી પૂર્ણ કરેલ છે. ગોરવા તથા જાગનાથ મુકિતધામની કામગીરી પ્રગતિ હેઠળ છે.

૨) રેલ્વે/રીવર ઓવર બ્રીજ તથા ફલાય ઓવર :

ગત વર્ષે રૂ.૮.૯૨ કરોડનાં ખર્ચે વડસર લેન્ડફીલ પાસેના હયાત બ્રીજના વાઇડનીંગની કામગીરી, રૂ.૫૧.૫૨ લાખના ખર્ચે કારેલીબાગ ચેપીરોગ દવાખાના પાસે આવેલ વેદ મંદીર બહુચરાજી મંદીર પાસેનું નાળું પહોળું કરવાની કામગીરી તેમજ રૂ.૪૦.૨૧ લાખના ખર્ચે પાણીગેટથી આજવા રોડ તરફ જતાં મેમણ કોલોની પાસેનાં હયાત નાળાને પહોળુ કરવાની કામગીરીનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

A110

વડોદરા શહેરમાં CRRI દ્વારા વિવિધ મહત્વના જંકશનો ઉપર કરવામાં આવેલ ટ્રાફીક સર્વેના અહેવાલ મુજબ વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૪૦ મીટર રીંગ રોડ પર તરસાલી થી વડસર જીઆઇડીસી તરફ જતાં સુશેન જંકશન ઉપર હાલના તથા ભવિષ્યના ટ્રાફિકના ભારણને ધ્યાને લઇ ઇપીસી (એન્જિનીયરીંગ પ્રોક્યોરમેન્ટ કન્સ્ટ્રકશન) ધોરણે ફલાય ઓવર બ્રીજ બનાવવાની કામગીરી રૂ.૩૫.૯૦ કરોડના ખર્ચે અને રૂ.૨૨૨.૧૮ કરોડના ખર્ચે ગેંડા સર્કલ થી મનિષા ચોકડી સુધી કુલ ૭ જંકશન પર ફલાય ઓવર બ્રીજ તથા પોલીટેકનીક કોલેજ (પંડ્યા હોટેલ) પાસે તેમજ વિશ્વામિત્રી રેલ્વે સ્ટેશન પાસેનાં હયાત રેલ્વે ઓવર બ્રીજ વાઇડનીંગ કરવાની કામગીરી અનુક્રમે રૂ.૧૮.૪૭ કરોડ અને રૂ.૨૬.૬૯ કરોડના ખર્ચે અને સમા–હરણીને જોડતા નવા ૩૦મીટર ના રસ્તા પર વિશ્વામિત્રી નદી પરનો બ્રીજના સુપર સ્ટ્રક્ચરની કામગીરી રૂ.૬.૬૬ કરોડના ખર્ચે તેમજ વિશ્વામિત્રી નદી પરના હયાત કાલાઘોડા બ્રીજની વાઇડનીંગ કરવાની કામગીરી રૂ.૧૫ કરોડના ખર્ચે ઉપરાંત, રૂ.૧૧૬.૦૩ લાખ ના ખર્ચે ડભોઇ રોડ ઉપર રૂપારેલ કાંસ પર આવેલ નાળાને પહોળું કરવાનું કામ તેમજ ૪૦ મીટર રસ્તા–રેષાને સુસંગત રાજીવનગર અને ઓડનગર નાળાને પહોળુ કરવાની કામગીરી રૂ.૮૨.૫૫ લાખ અને રૂ.૩૭.૪૯ લાખ ના ખર્ચે કરવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

આગામી વર્ષના આયોજન પૈકી ફતેહપુરાથી વડોદરા એરપોર્ટ તરફ જતાં સંગમ ચાર રસ્તા, તરસાલી જંકશન ઉપર અને વ્રુંદાવન ચાર રસ્તાં પાસે નવિન ફલાય ઓવર બ્રીજ અનુક્રમે અંદાજીત રૂ.૪૫ કરોડ, રૂ.૫૫ કરોડ અને રૂ.૫૦ કરોડના ખર્ચે તથા રૂ.૭ કરોડના ખર્ચે નેશનલ હાઇવે નં.૮ થી જામ્બુવા તરફ જતાં રસ્તા પર નાળુ બનાવવાનું આયોજન કરવામાં આવી રહેલ છે.

આમ, શહેરમાં હાલ રીવર/રેલ્વે/ફલાય ઓવર બ્રીજના અંદાજીત રૂ.૩૨૭.૨૫/– કરોડના કામો પ્રગતિમાં છે. જયારે અંદાજીત રૂ.૨૩૭ કરોડના ખર્ચે નવીન બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવી રહેલ છે. જેનાથી નિશ્ચિત પણે શહેરના વિકાસમાં વધારો, ટ્રાફિકની અવર જવરમાં સરળતા, અક્સ્માતમાં ઘટાડો, પર્યાવરણની જાળવણી, ઇંધણમાં બચત, પુરની પરિસ્થિતિનુ નિવારણ તથા શહેરના સાંસ્કૃતિક, ઔધ્યોગીક, શૈક્ષણીક તેમજ વાણિજ્યક વિકાસ વિગેરેમાં મુખ્ય રીતે મદદરૂપ થશે.

૩) <u>રોડ પ્રોજેકટ શાખા</u> :

વડોદરા શહેરના વધતા જતા શહેરીકરણ અને ટ્રાફીકની સુવિધા પૂરી પાડવા રોડ પ્રોજેકટ શાખા દ્વારા શહેરના ૧૮.૦ મી કે તેથી વધુ પોહળાઇ ના હયાત રસ્તાઓ ને આયોજન મુજબ પહોળા કરી તેના ઉપર કાર્પેટીંગ કરવાની તથા સેંટ્રલ ડીવાઇડર બનાવવાની કામગીરી કરવામાં આવે છે તેમજ નવીન મંજૂર થયેલ ટી.પી સ્કીમના ૧૮.૦ મીટર કે તેથી વધુ પહોળાઇના રસ્તાઓ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ પૈકી રસ્તાઓ આયોજન મુજબ વોલ–ટુ–વોલ ના ધોરણે સર્વિસ ટ્રેક તથા ફુટપાથ સહીત વિકસાવવામાં આવે છે.

વડોદરા મહાનગરપાલિકાના રોડ પ્રોજેક્ટ શાખા દ્વારા નાણાકીય વર્ષે (૨૦૧૭–૧૮)માં રેવન્યુ કેપીટલ બજેટમાં લીધેલ કુલ કામો પૈકી ૦૨ કામો કુલ રૂ.૭ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે. તેમજ ૨૬ કામો રૂ.૯૮.૦૦ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

A111

નાંણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં શહેરની પશ્ચિમે વાસણા મેઇન રોડથી સનફાર્મા મેઇન રોડને જોડતો ૩૦.૦ મીટરના ટી.પી રોડને સેન્ટ્રલ ડિવાઇડર અને વરસાદી ગટર સુવિધા સાથે ૫.૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે.

શહેરના મુખ્ય રિંગરોડ પૈકી એરપોર્ટ સર્કલથી સરદાર એસ્ટેટ ચાર રસ્તા સુધી, વડસર બ્રીજ થી સુશેન સર્કલ સુધી અને સુશેન સર્કલથી તરસાલી સર્કલ સુધી ના ૪૦ મીટરના રીંગરોડને અંદાજે ૩.૨૮.૦ કરોડના ખર્ચે વાઇડનીંગ કરી વોલ–ટુ–વોલ કરવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમત્રીં શહેરી વિકાસ યોજના હેઠળ શહેરના ૧૮.૦ મીટર કે તેથી વધુ પહોળાઇના હયાત રસ્તાને રી–સરફેસીંગ કરવાના કુલ ૨૨ કામો ૩.૨૯.૦૦ કરોડ ના ખર્ચે પ્રગતી હેઠળ છે.

આ ઉપરાંત શહેરના રસ્તઓ વિકસાવવાથી શહેરની ટ્રાફીકની અવરજવરમાં સરળતા થશે. વાહનવ્યવહારની સુવિધા ઝડપી બનશે, તેમજ વાહનોની નિભાવણી ખર્ચ તેમજ ઇંધણમાં બચત થશે. નવીન વિકસીત વિસ્તારોને હયાત ટી.પી. રસ્તા સાથે જોડી શહેરીજનોને રસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવશે. અને વાહનોથી વધતા પ્રદુષણમાં ઘટાડો થશે

૪) બિલ્ડીંગ પ્રોજેકટ:

❖ લોકાર્પણ થયેલ કામો :

- ગોત્રી વિસ્તારમાં ટી.પી.૧૪, એફ.પી. ૬૪ નાં પ્લોટમાં નવિન સ્કેટિંગ રીંક ૩.૨.૦૮ કરોડનાં ખર્ચે લોકાર્પણ કરેલ છે.
- શહેરનાં મધ્ય ભાગમાં આવેલ કાલુપુરા વિસ્તારમાં જુના અને જર્જરિત થયેલ હયાત છત્રપતિ શિવાજી અતિથિગૃહને જમીનદોસ્ત કરી જાહેર જનતાની લોક–સુવિધામાં વધારો કરવાનાં ભાગરૂપે નવીન અધયતન સુવિધાઓ સહનું અતિથિગૃહ અંદાજે ૩.૩.૨૫ કરોડનાં ખર્ચે લોકાર્પણ કરવામાં આવેલ છે.
- શહેરનાં મુલાકાતીઓ, દેશ–વિદેશનાં પર્યટકો તેમજ પ્રવાસીઓ વડોદરા શહેરનાં મહત્વપૂર્ણ વારસો તથા તેનાં પર્યટન સ્થળોની માહિતી એક જ સ્થળે સરળતાથી અને સહજ રીતે મળી શકે તે આશયથી વડોદરા રેલ્વે સ્ટેશન પાસે સીટી ઈન્ફોર્મેશન સેન્ટર ૩.૧.૧૧ કરોડનાં ખર્ચે લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજવારોડ વિસ્તારમાં ૩.૩.૦૬ કરોડના ખર્ચે નવીન રાત્રી બજારનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા શહેરના જનતાની સુરક્ષાની અગ્રીમતાને ધ્યાને લેતા જુદા જુદા વિસ્તારો, રસ્તાઓ તેમજ ઈમારતોમાં સી.સી. ટી.વી. તેમજ પાણી પુરવઠાને લગતી સ્કાડા સીસ્ટમનું કમાન્ડ સેન્ટર સેન્ટ્રલી મોનીટરીંગ અને કંટ્રોલીંગ કરવા માટે "વડોદરા આઈ. પ્રોજેકટ" અંર્તગત બદામડી બાગ ખાતે નવીન વિડિયો કોન્ફરન્સ બિલ્ડીંગ ૩.૯૬.૮૩ કરોડના ખર્ચે મા. પ્રધાનમંત્રીશ્રીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા શહેરનાં સયાજીબાગ ખાતે આવેલ સરદાર વલ્લ્ભભાઈ પટેલ પ્લેનેટેરીયમને વડોદરા શહેરની જનતાને ખગોળશાસ્ત્રનું જ્ઞાન મળી રહે તેવા ઉધ્ધેશથી નવીન અધ્યતન સુવિધાઓ સહનુ ૩.૬.૦૩ કરોડનાં ખર્ચે રિનોવેશન કરીને લોકાર્પણ કરવામાં આવેલ છે.

❖ પ્રગતિ હેઠળના કામો :

- સયાજીપુરા, ટી.પી.–૦૨, ફા.પ્લોટ–૫૫ નાં વિસ્તારમાં ૩.૨૨.૩૦ કરોડનાં ખર્ચે નવીન ટાઉન હોલ બનાવવાની કામગીરી પૂર્ણતાના તબક્કે છે.

A112

- વહીવટી વોર્ડ નં.–૬ ની કચેરીની પાછળનાં ભાગે આવેલ ટી.પી.–૧, એફ.પી.–૨૪ માં નવીન પશ્ચિમ ઝોનની ઓફિસ રૂ.૪.૭૫ કરોડનાં ખર્ચે બનાવવાની કામગીરી પૂર્ણતાના તબક્કે છે.
- વડોદરા શહેરનાં ઉત્તર ઝોનમાં સમા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે બાળકોને સ્વીમીંગ માટેની સુવિધા મળી રહે તથા બાળકો માટે સ્વીમીંગને લગતી સ્પર્ધાઓનું આયોજન થઈ શકે તે હેતુ થી રૂ.૦.૩૫ કરોડના ખર્ચે નવિન બેબી સ્વીમીંગ પુલ બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.
- વડોદરા શહેરનાં છેલ્લા વર્ષોમાં થયેલા વિકાસને ધ્યાનમાં રાખી હાલની જરૂરિયાતો તથા ભવિષ્યની ઉપયોગિતા ધ્યાને લઈ નવીન સમા વિસ્તારમાં રૂ.૪.૭૪ કરોડનાં ખર્ચે ઉત્તર ઝોનની નવીન ઝોનલ કચેરીનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સરદાર એસ્ટેટ પાસે ટી.પી.–૫, એફ.પી.–૨૦૮ માં નવિન કોમ્યુનીટી હોલ રૂ.૨.૬૯ કરોડના ખર્ચે બનાવવાનુ કામ પ્રગતિ હેઠળ છે.
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક વડોદરા શહેરમાં દક્ષિણ ઝોનમાં આવેલ લાલબાગ ખાતે હયાત અતિથિગૃહ હાલ જર્જીત હાલતમાં છે. જેને જમીન દોસ્ત કરી જાહેર જનતાની લોક–સુવિધામાં વધારો કરવાનાં ભાગરૂપે નવીન અદ્યતન સુવિધાઓ સહનું અતિથિગૃહ અંદાજે રૂ.૨.૯૮ કરોડના ખર્ચે કામ શરૂ કરેલ છે.
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વોર્ડ કચેરીઓ પૈકી વ. વોર્ડ–૧(એ) ની કચેરી તેમજ સેન્ટ્રલ સ્ટોર માટે નવીન કચેરી કાલુપુરા સ્થિત આવેલ સેન્ટ્રલ સ્ટોરની જગ્યાએ રૂ.૫.૬૭ કરોડના ખર્ચે બનાવવાનું શરૂ કરેલ છે.

❖ **<u>આયોજન હેઠળના કામો</u> :**

- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકરપુરા દક્ષિણઝોન રે.સ.નં.–૧૫૯ માં નવિન કોમ્યુનીટી હોલ રૂ.૪.૪૨ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરેલ છે.
- વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા શહેરના ચારેય દિશાઓની સર્વાગી ઝડપથી વિકાસ થાય તે માટે ટી.પી.–૧૨ એફ.પી.–૨૧૭ માં દક્ષિણ ઝોનની નવીન ઝોનલ ઓફિસ રૂ.૫.૫૭ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરેલ છે.

વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગના શહેરીજનોને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધા સ્થાનિક અંતરે મળે તે હેતુસર જરૂર જણાય તેવા શહેરનાં ચારેય ઝોનમાં ફેઝ–૨ માં કુલ ૧૫ અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું ભાવપત્ર મગાવેલ છે જે મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

૫) <u>એફોર્ડેબલ હાઉસીંગ સેલ અંતર્ગત B.S.U.P., R.A.Y., M.G.Y., P.M.A.Y. યોજનાઓ :</u>

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની આવાસ યોજનાઓમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરી ગરીબો અને ઘર–વિહોણાં માટે જુદીજુદી કેટેગરીમાં તમામ પાયાની સુવીધાઓ સહ આવાસ આપવા માટેના વિવિધ પ્રોજેક્ટ એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

❖ **<u>બી.એસ.યુ.પી.</u> :**

- બી.એસ.યુ.પી. યોજના હેઠળ કુલ પાંચ ફેઝમાં રૂ.૫૨૪.૨૧ કરોડનાં ખર્ચે ૨૧૬૯૬ આવાસોનું આયોજન કરવામાં આવેલ હતું જે પૈકી ૧૮૨૦૦ આવાસો પૂર્ણ કરી લાભાર્થીઓને ફાળવી આપેલ છે અને ૩૪૯૬ આવાસો પૂર્ણતાને આરે છે.

A113

❖ **રાજીવ આવાસ યોજના :**

- રાજીવ આવાસ યોજના અંતર્ગત ગુજરાતમાં સર્વ પ્રથમ રેન્ટેડ કમ ટ્રાન્ઝીટ હાઉસીંગ અંતગર્ત રૂ.૧૯.૧૩ કરોડના ખર્ચે છાણી અને હરણી ખાતે કુલ ૩૬૬ આવાસોની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- રાજીવ આવાસ યોજના અંતર્ગત રૂ.૧૨૦ કરોડનાં ખર્ચે કલ્યાણનગર, સયાજીપુરા અને તાંદલજા ખાતે ૧૪૬૦ આવાસોની કામગીરી પ્રગતિ હેઠળ છે.

❖ **મુખ્યમંત્રી ગૃહ યોજના :**

- મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે (EWS) આવાસ યોજના, લોવર ઈન્કમ ગૃપ (LIG) આવાસ યોજના, મીડલ ઈન્કમ ગૃપ (MIG) આવાસ યોજના તેમજ ગુજરાત સ્લમ રીહેબીલીટેશન પોલીસી PPP–૨૦૧૩ હેઠળ જાહેર જમીનો પર આવેલ ઝુંપડપટ્ટીઓનું પુન:વસન કરવા માટેના પ્રોજેક્ટ હાથ ધરેલ છે.
- ગુજરાત સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૧૦૦૦ આવાસો બનાવવાના લક્ષ્યાંક પૈકી ૮૧૦૭ આવાસોની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ડ્રો સિસ્ટમ દ્વારા EWS, LIG,MIG ના મળી કુલ ૨૪૩૪ આવાસોનું લોકાર્પણ કરેલ છે.

❖ **પ્રધાનમંત્રી આવાસ યોજના :**

- ભારત સરકાર દ્વારા "સૌના માટે ઘર" ના અભિગમ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના સને જુન–૨૦૧૫ માં લોન્ચ કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) માં ચાર ઘટકોનો સમાવેશ કરેલ છે.

  ૧) ઈન–સીટુ સ્લમ રી–હેબીલીટેશન (PPP)

  જમીનનો રીસોર્સ તરીકે ઉપયોગ કરી ખાનગી વિકાસકાર સાથે ભાગીદારી હેઠળ ઝુપડાંવાસીઓ માટે તે જ સ્થળે આવાસ બનાવવા અને જરૂરીયાત વાળી જગ્યાએ ખાનગી વિકાસકારોને TDR/FSI/FAR નો લાભ આપી આવાસો બનાવવાનું આયોજન કરી શકાય છે.સદર ઘટક હેઠળ મહાનગરપાલિકાને પ્રીમીયમ/વધારાનાં આવાસો અને ઝુપડાંવાસીઓને વિનામુલ્યે તે જ સ્થળે આવાસોનો લાભ પ્રાપ્ત થશે. આ યોજના હેઠળ રૂ.૩૫૮.૪૫ કરોડના ખર્ચે શહેરના જુદા જુદા વિસ્તારમાં આવાસો ઈન સીટુ સ્લમ ના ૫૬૪૯ આવાસો બનાવવાની મંજૂરી મળેલ છે.

  ૨) ક્રેડીટ લીંક સબસીડી (CLSS)

  EWS અને LIG કેટેગરીમાં આવતાં અને સબસીડી મેળવવા ઈચ્છતા લાભાર્થીઓ સદર ઘટક હેઠળ ૬.૫ % ના દર મુજબ રૂ.૬.૦૦ લાખ સુધીની લોન પર વ્યાજ– સબસીડી સહાય મેળવી શકશે.

  ૩) એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ (AHP)

  ખાનગી વિકાસકાર દ્વારા અથવા મહાનગરપાલિકા દ્વારા બાંધવામાં આવેલ આવાસો માંથી ૩૫% આવાસો EWS કેટેગરીના હોય અથવા ઓછામાં ઓછાં ૨૫૦ આવાસો EWS કેટેગરી માટે બનાવવામાં આવે તો આવાસ દીઠ કેન્દ્ર સરકારની રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકારની રૂ.૧.૫૦ લાખની સહાય મળી શકશે. આ યોજના હેઠળ અંદાજીત રૂ.૧૩૦.૧૨ કરોડ્નાં ખર્ચે આશરે ૨૦૭૭ આવાસો EWS કેટેગરીના આવાસ બનાવવાની મંજૂરી મળેલ છે.

A114

૪) બેનીફીશીયરી લેડ કંન્સ્ટ્રક્શન (BLC)

EWS કેટેગરીના ૨૫ ચો.મી.થી ઓછું સ્વમાલિકી ઘરાવતાં અને હયાત બાંધકામમાં વધારો/ ફેરફાર કરવા ઇચ્છતા લાભાર્થીઓ સદર ઘટક હેઠળ કેન્દ્ર સરકારની ૩.૧.૫૦ લાખ સુધીની સહાય મેળવી શકશે તથા નવા બાંધકામમાં રાજ્યસરકાર તરફ થી ૩.૨.૦૦ લાખ અને રીનોવેશન માટે વધુમાં વધુ ૩.૧.૫૦ લાખ સુધીની સહાય મળી શકશે. આ યોજના હેઠળ ૩૯૩ આવાસો માટે વ્યકતીગત બાધકામ સબસીડી (BLC) ઘટક નો ડી.પી.આર નવિન બાંધકામ માટે રાજ્યસરકાર શ્રી માં મંજૂરી અર્થે રજૂ કરેલ છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અન્વયે Housing For All Plan of Action (HFAPoA) ડીમાન્ડ સર્વે આધારે ૬૨,૨૪૨ આવાસો તથા વડોદરા શહેર ના ૨૩૨ ઝૂપડપટ્ટી ના ૩૩૮૭૪ આવાસો નો સયુક્ત ૩.૪૪૮૪.૦૬ કરોડનો પ્લાન રાજય સરકાર મારફતે મંજૂરી મળેવી કેન્દ્ર સરકાર ની મંજૂરી હેઠળ છે.

REDEVELOPEMENT OF EXISTING PUBLIC HOUSING – 2016

ખાનગી વિકાસકાર દ્વારા અથવા સરકારશ્રી દ્વારા બાંધવામાં આવેલ આવાસો કે જે ૧૫ થી ૨૦ વર્ષ જુનાં અને જર્જરીત હાલતમાં હોય તેવાં આવાસોનાં પુન:નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા REDEVELOPEMENT OF EXISTING PUBLIC HOUSING THROUGH PPP SCHEME પ્રસિદ્ધ કરેલ છે જેમાં ખાનગી વિકાસકારને વધારાની FSI અને લાભાર્થીઓને નવીન આવાસો તે જ સ્થળે ઉપ્લબ્દ્ધ કરી શકાશે.

૮) પાણી પુરવઠા :

હાલની પરિસ્થિતી અને આગામી સમયમાં વડોદરા શહેરનાં વધતાં વ્યાપ, વિકાસ તેમજ નવીન વિસ્તારો વડોદરા મહાનગર પાલીકામાં સમાવિષ્ટ થવાની શક્યતાઓને ધ્યાને લેતાં અને સ્માર્ટસીટી અંતર્ગત વડોદરાની જનતાને ભવિષ્યમાં પુરતુ પીવાલાયક પાણી મળી રહે તે માટે વડોદરા મહાનગરપાલિકા પાણી પુરવઠા શાખા સતત કાર્યરત છે. હાલમાં શહેરની અંદાજીત ૨૨ લાખની વસ્તીને મુખ્ય ત્રણ ઉપલબ્ધ સ્ત્રોત આજવા સરોવર, મહીસાગર ફ્રેન્ચવેલ તથા નર્મદા કેનાલ (ખાનપુર ઇન્ટેકવેલ તથા WTP) દ્વારા કુલ ૪૮૫ થી ૫૨૦ MLD જેટલો પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવે છે. શહેરમાં ૨૯ ઓવરહેડ ટાંકીઓ તથા ૬ બુસ્ટીંગ સ્ટેશન તથા અંદાજીત ૧૫૯૦ કીમી. લંબાઇના નેટવર્કથી અંદાજીત ૯૮% વસ્તીનું કવરેજ કરેલ છે, તથા વિસ્તારની દ્રષ્ટિએ અંદાજે ૯૨% કવરેજ થયેલ છે. દરરોજ ૧ કલાકના સપ્લાયથી સરેરાશ ૧૮૦ LPCD પાણી આપવામાં આવે છે. શહેરમાં ૨૪ X ૭ યોજના હેઠળ ૫ ટાંકીઓના કમાન્ડ વિસ્તારમાં વોટર મીટર લગાવી પાણી વિતરણ કરવાના આયોજન સામે છાણી ૨૪X૭ યોજના અંતર્ગત હાલ રાત્રી સમય સિવાય ૧૬ કલાક આ વિસ્તારના નક્કી કરેલ કમાન્ડમાં રહેતા શહેરીજનોને સફળતા પૂર્વક સારા પ્રેસરથી અને ગુણવત્તા યુક્ત પાણી પહોચાડવામાં આવે છે, તથા અન્ય ટાંકી અને કમાન્ડ વિસ્તારમાં આ મુજબનું આયોજન પ્રગતિ હેઠળ છે. શહેરમાં વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન અંદાજે ૩.૮૪૪૮/– લાખના નવીન કામોનું આયોજન હાથ ધરવામાં આવશે.

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાનના મહત્વપૂર્ણ પુર્ણ કામો :

- સ્વર્ણિમ ગ્રાન્ટ હેઠળ વાસણા ટાંકી અને જી.આઇ.ડી.સી રોડ ટાંકી કુલ ૩.૧૯.૪૬ /- કરોડના ખર્ચે તથા પશ્ચિમ વિસ્તારમાંથી દક્ષિણ વિસ્તારમાં પાણીની H.S. નળિકા નાંખવાનું કામ ૩.૧૪.૦૫/- કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

A115

- રેવન્યુ તથા અન્ય ગ્રાન્ટ હેઠળ પાણીની નળિકા તેમજ પ્રેસર સુધારણા અર્થે પાણીની ટાંકી/ સંપના કામો ૩.૨૯.૩૭/- કરોડનાં ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

મહત્વપૂર્ણ ચાલુ કામો :

- અમૃત યોજના હેઠળ વાસણા તથા જી.આઇ.ડી.સી. વિસ્તારમાં અંદાજે ૮૩ કીમી લંબાઇના નેટવર્કની કામગીરી ૩.૪૫ કરોડના ખર્ચે તથા સિંઘરોટ ખાતે ઇન્ટેકવેલ બનાવી નવીન ૧૫૦ MLD ક્ષમતા ના WTP મારફતે શુધ્ધ પાણી ૧૪ કીમી લંબાઇમાં ટ્રાન્સમિશન લાઇન નાખી શહેર સુધી લાવવા અર્થે ૩.૧૬૫.૭૫ કરોડનો પ્રોજેક્ટ પ્રગતિમાં છે.

વર્ષ ૨૦૧૮-૧૯ ના આગામી આયોજનો :

- સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ૨૪ x ૭ વોટર સપ્લાય સ્માર્ટ વોટર મીટર સહની કામગીરી વડોદરા શહેર એબીડી એરીયા વડીવાડી, અકોટા, સયાજીબાગ વિસ્તારમાં ૩.૧૦૭૦૦/– લાખના ખર્ચે હાથ ધરવામાં આવશે.
- બાપોદ ટાંકી, તાંદલજા ટાંકી, નોર્થ હરણી ટાંકી, અકોટા ટાંકી કમ્પાઉન્ડમાં નવીન ભુગર્ભ સંપ બનાવવાની કામગીરી ૮૧૦ લાખના ખર્ચે હાથ ધરવામાં આવશે.
- સમગ્ર શહેરને ૨૪ x ૭ પાણી વિતરણ યોજના અંતર્ગત આવરી લેવા ડીપીઆર બનાવી તબક્કાવાર અમલીકરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

પાણી પુરવઠા ઇલે/મીકિ અને વિતરણ શાખા

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાનના મહત્વના પૂર્ણ કામો :

- સને ૨૦૧૭–૧૮ માં હરણી ટાંકી અને લાલબાગ ટાંકીની ઇલે.મીકિ. પંપીંગ મશીનરીનું અપગ્રેડેશનનું કામ ૩.૧૪૩.૬ લાખ ના ખર્ચે કામગીરી પૂર્ણ કરેલ છે.

મહત્વપૂર્ણ ચાલુ કામો :

- વડોદરા શહેરને પાણી પુરવઠો પુરો પાડતા પાણીના મુખ્ય સ્ત્રોતોથી શહેરમાં આવતી તેમજ પાણીના ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનો ઉપરની પાણીના સપ્લાયની મુખ્ય નળિકાઓ ઉપર એક્ચ્યુએટર સહના વાલ્વ, ફ્લોમીટર લગાડી, પાણીની ટાંકીઓ તેમજ સ્ત્રોત ઉપર લેવાલ ટ્રાન્સમીટર, PH તેમજ ક્લોરીન એનેલાઇઝર, પ્રેશર ટ્રાન્સમીટર લગાડી સેન્ટ્રલ મોનીટરીંગ તેમજ કન્ટ્રોલીંગ કરવાના SCADA પ્રોજેક્ટ અંતર્ગત ૩.૨૮ કરોડના ખર્ચે સહની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

વર્ષ ૨૦૧૮-૧૯ ના આગામી આયોજનો :

- બીજા ફેઇઝમાં ડીલીવરી–ડિસ્ટ્રીબ્યુશન સાઇડે SCADA નો નવીન પ્રોજેક્ટનો અમલ કરી પંપીગ મશીનરી તથા વાલ્વના ઓટોમાઇઝેશન માટે SCADA પ્રોજેક્ટનું કામ કરવામાં આવશે.
- વડોદરા શહેરના ટ્યૂબવેલોને ઓટોમાઇઝેશન કરી કુલ ૬૦ નંગ ટ્યુબવેલોનું સંચાલન ઓટોમાઇઝ કરી ઓપરેશનલ કોસ્ટની બચત કરવામાં આવશે.
- પાણીની ઓવરહેડ ટાંકીઓની ડીલીવરી લાઇન ઉપર ઝીરો લીકેજ EPDM રેસીલીયન્ટ સીટેડ વાલ્વ લગાવી દરરોજ ૧૪ MLD પાણીની બચત કરવામાં આવશે.
- ભારત સરકારે રાજ્યો ને એનર્જી એફિસીયેન્સી યોજનાઓ અંગે સુવિધા આપવા માટે નિમેલ નોડલ એજન્સી EESL દ્વારા હાથ ધરેલ એનર્જી ઓડીટના રીપોર્ટના આધારે બિન કાર્યક્ષમ મોટર પંપસેટ બદલવાની કામગીરી કરવામાં આવશે. જેથી વીજ બચતમાં તેમજ નિભાવણી ખર્ચમાં ફાયદો થશે.

A116

- ખાનપુર WTP ખાતે ઈલે.મીકે પંપીંગ મશીનરી નું અપગ્રેડેશનનું કામ કરવામાં આવશે. જેનાથી દક્ષિણ વિસ્તારમાં પાણીના લો પ્રેશર ને લગતા પ્રશ્નોનો નિકાલ કરવામાં મદદરૂપ થશે.
- પાણીની મુખ્ય ફિડર નળિકાઓ ઉપર જુદા જુદા સ્થળે એર વાલ્વ બેસાડવાનું કામ કરાવામાં આવશે જેથી પાણીની મુખ્ય નળિકાઓ ઉપર નિભાવણીને લગત કામગીરી કર્યા બાદ પાણી પુરવઠો પાણીની ટાંકીઓ ઉપર ઝડપથી આપવામાં મદદરૂપ થશે.

૯) ડ્રેનેજ :

વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન મુખ્યત્વે મુંજમહુડા ગુજરાત ટ્રેક્ટર પાસે નવીન APS બનાવવાનું તેમજ નવીન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન તથા પ્રેશરલાઇન નાંખવાનું કામ રૂ.૫.૧૮ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. સદર વિસ્તાર ડ્રેનેજ સુવિધા વિહિન હોવાથી મલિન જળના નિકાલ અર્થે સુયોજીત ડ્રેનેજ નેટવર્કની સુવિધા નાગરીકોને પ્રાપ્ત થયેલ છે. ઉપરાંત માણેજા ગામ ભાથીજી મંદિરથી એલ્સ્ટોમ કંપની થઇ ઇન્દ્રલોક સોસા થી માણેજા એ.પી.એસ.સુધી ડ્રેનેજ સુવિધાનું કામ (આશરે ૭૦૦મી) રૂ.૦.૫૯ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. જેનાથી આ વિસ્તારના મલિન જળના નિકાલ અર્થે ડ્રેનેજ નેટવર્કની સુવિધા ઉપલબ્ધ થયેલ છે. સયાજી ટાઉનશીપ ચાર રસ્તા થી કમલાનગર એ.પી.એસ સુધી ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાખવાનુ કામ રૂ.૦.૫૨ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. સદર કામના લીધે પીક અવર્સ દરમ્યાન નીચાણવાળા વિસ્તારમાં મેનહોલ ઉભરાવાની સમસ્યામાંથી રાહત મળેલ છે.

હાલમાં મુખ્યત્વે રાજીવનગર ખાતે ૭૮ એમ.એલ.ડી. ક્ષમતાનો નવીન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ રૂ.૧૦૪ કરોડના તથા ડ્રેનેજ ઝોન–૨ વિસ્તારમાં આવેલ આજવા રોડથી કપુરાઇ (ડભોઇ રોડ ચાર રસ્તા) સુધી નેશનલ હાઇ–વેનાં સમાંતરે નવિન ડ્રેનેજ નેટવર્ક, MPS તથા કપુરાઇ હયાત STP પાસે નવિન STP બનાવવાનું કામ રૂ.૮૨.૯૮ કરોડના ખર્ચે કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેનાથી શહેરના પૂર્વ વિસ્તારમાં વસતા નાગરિકોને તથા હરણી, સયાજીપુરા, આજવા રોડ, વાઘોડિયા રોડ, કિશનવાડી વિગેરે જેવા વિસ્તારને ડ્રેનેજ ના મલિનજળને શુધ્ધિકરણની સુવિધાનો લાભ આપી શકાશે તથા વિશ્વામિત્રી નદી ચોખ્ખા પાણીથી પુન: જીવીત થશે. તે ઉપરાંત બી.પી.સી. રોડ પર (ગોરવા એપીએસ થી સુધી) નવીન ૧૫૦૦/૧૬૦૦/૧૮૦૦ મી.મી. વ્યાસની જેકીંગ પાઇપ ડ્રેનેજ ગ્રેવીટી લાઇન માઇક્રોટનલીંગ પદ્ધતિથી નાંખવાનું કામ રૂ.૧૨૧.૦૫ કરોડના ખર્ચે કામગીરી પ્રગતિ હેઠળ છે. જેનાથી ગોરવા એ.પી.એસ ના પમ્પીંગ નુ ભારણ ઘટવા ની સાથે સાથે એ.પી.એસ માંથી મલિનજળ નો ઝડપી નિકાલ થશે.ઉપરાંત ગોરવા એ.પી.એસ ના સ્ત્રાવક્ષેત્ર માં ડ્રેનેજ લાઇન/મેનહોલ ઉભરાવાની તથા જૂની લાઇન પર અવારનવાર ભંગાણ પડવાની સમસ્યામાંથી કાયમી રાહત મળશે તથા જાહેર આરોગ્ય અને સલામતીમાં વધારો થશે. નવાયાર્ડ રોડ લાલપુરા થી શાસ્ત્રી બ્રિજ એ.પી.એસ. સુધી માઇક્રો ટનલીંગ પદ્ધતિથી નવિન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાનું કામ રૂ.૧૪.૭૦ કરોડના ખર્ચે, મકરંદ દેસાઇ રોડ પર વોર્ડ નં–૧૧ ની ઓફિસથી હરીનગર એ.પી.એસ. સુધી માઇક્રો ટનલીંગ પદ્ધતિથી નવિન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાનું કામ રૂ.૧૩.૩૧ કરોડના ખર્ચે તથા હરણી મુખ્ય રસ્તા પર માણેકપાર્ક એ.પી.એસ.થી વડોદરા ઇંટરનેશનલ એરપોર્ટના ગેટ (P&T Colony) સુધી ટ્રેંચલેશ/માઇક્રોટનલીંગ પધ્ધતિથી નવીન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાખવાનું કામ રૂ.૮.૬૯ કરોડના ખર્ચે કામગીરીઓ પ્રગતિ હેઠળ છે. સદર કામગીરીના કારણે હાલની ડ્રેનેજ લાઇન જર્જરિત હોવાને કારણે વારંવાર થતા ડ્રેનેજ ભંગાણની સમસ્યામાંથી મુક્તિ મળશે તેમજ સદર લાઇનની આસપાસના વિસ્તારમાં નવિન ડ્રેનેજ લાઇનની સુવિધા મળી શકશે. તરસાલી બી.એસ.યુ.પી. નાં મકાનો તથા આસપાસના વિસ્તારને આવરી લેતી ડ્રેનેજ વ્યવસ્થા માટે પંપીગ સ્ટેશન, પ્રેશર/ગ્રેવીટી નેટવર્કનું કામ રૂ.૫.૪૭ કરોડના ખર્ચે કરવામાં આવનાર કામગીરીથી તરસાલીના નેટવર્ક વિહિન વિસ્તાર માં ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ થશે.

A117

ઝોન–૩ (મુખ્યત્વે પશ્ચિમ ઝોન) વિસ્તારમાં કન્સલટન્ટના રીપોર્ટ મુજબ APS/STP તથા નવીન નેટવર્કના કામો તથા ઝોન–૧ (મુખ્યત્વે દક્ષિણ ઝોન) વિસ્તારમાં નવીન STP ની સુવિધાની કામગીરી આયોજન હેઠળ છે. જેનાથી પશ્ચિમતથા દક્ષિણ વિસ્તારમાં ડ્રેનેજની સુવિધામાં વધારો થશે. બહુચરાજી નાગરવાડા ખાતે APS, ડ્રેનેજ નેટવર્ક તેમજ પ્રેશર લાઇનની કામગીરી અંદાજીત રૂ.૧૦ કરોડના ખર્ચે હાથ ધરાશે .જૂના પાદરા રોડ મલ્હાર પોઇન્ટથી ઉર્મિ ચાર રસ્તા સુધીના ૧૮મી ના રસ્તે આવેલ હયાત જૂની ડ્રેનેજ ગ્રેવીટી લાઇનના સ્થાને નવિન લાઇન માઇક્રોટનલીંગ પદ્ધતિથી નાખવાનું કામ અંદાજીત રૂ.૧૫ કરોડના ખર્ચે હાથ ધરાશે તથા વહીવટી વોર્ડ–૧૦ માં ૩૦મી રસ્તે સુભાનપુરા હાઇટેન્શન થી ૧૨મી અરબુદાનગર થઇ ગોત્રી હરીનગર પંપીંગ સ્ટેશનને મળતી હયાત જૂની ડ્રેનેજ ગ્રેવીટી લાઇનના સ્થાને નવિન લાઇન માઇક્રોટનલીંગ પદ્ધતિથી નાખવાનું કામ અંદાજીત રૂ.૨૪ કરોડના ખર્ચે તથા આર.ટી.ઓ એપીએસ થી જોગણી માતા મંદિર તરફ તથા ધોબી તળાવ તરફ ના હયાત નેટવર્ક થી આર.ટી.ઓ એપીએસ સુધી ટ્રેંચલેસ પદધતિ થી ડ્રેનેજ નળિકા નાખવાનુ કામ અંદાજીત રૂ.૧૩.૩૭ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે. જેના કારણે હાલની ડ્રેનેજ લાઇન જર્જરિત હોવાને કારણે વારંવાર થતા ડ્રેનેજ ભંગાણની સમસ્યામાંથી મુક્તિ મળશે તથા તમામ વિસ્તારમાં ડ્રેનેજનું નેટવર્ક વધુ સઘન રીતે કાર્યરત બનશે. વધુમાં, ડ્રેનેજ પ્રોજેક્ટ દ્વારા પર્યાવરણની જાડવણી થાય તેમજ પાણીની બચત થાય તે અંગે આયોજન હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત IOCL જવાહરનગર ખાતેની રિફાઇનરીને છાણી ખાતેના ૨૧ MLD એસ.ટી.પી. માંથી ટ્રીટેડ સુએઝને પી.પી.પી. ધોરણે અંદાજે રૂ.૪૫ કરોડના ખર્ચે રિયુઝ કરવા માટે સપ્લાય કરવામાં આવનાર છે તેમજ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. દ્વારા શિનોર ખાતે બનાવવામાં આવનાર ૨ x ૮૦૦ MW પાવર પ્લાન્ટમાં ૧૧૦ MLD ટ્રીટેડ સુએઝ વાપરવા માટે માંગણી કરવામાં આવેલ છે. જે અંગે પણ ભવિષ્યમાં કામગીરી હાથ ધરી શકાશે.

૧૦) ઇલે. મિકે., સુએઝ ડીસ્પોઝલ વર્ક્સ શાખા :

સને ૨૦૧૭–૧૮ માં કરેલ નોંધપાત્ર કામગીરી :

- ગાજરાવાડી, ડભોઇ રોડ ,આજવા, હરિનગર ગોત્રી, સૈયદ વાસણા પંપીઠગ સ્ટેશનોમાં વિજ કાર્યક્ષમ ન હોયતેવા તેમજ વધુ નિભાવણી ખર્ચ આવતો હોય તેવા જુના મોટર પંપસેટ બદલી નવિન વિજ કાર્યક્ષમ મોટર પંપસેટ લગાડવાની કામગીરી હાથ ધરેલ છે. જેનાથી વિજ બચત થશે, તેમજ વેટવેલ માં આવતા મલીન જળની ઉલેચનની કામગીરી ઝડપથી કરી શકાશે..

સને ૨૦૧૮–૧૯ નું આગામી આયોજન :

- ભારત સરકાર દ્વારા એનર્જી એફીસીયન્સી નાં વિવિધ યોજના ઓ અંગે સુવિધા આપવા માટે નિમેલ નોડલ એજન્સી EESL (Energy Efficience Service Limited) દ્વારા દરેક એ.પી.એસ ઉપર કરેલ એનર્જી ઓડીટ ના રીપોર્ટ આધારે બિન વિજ કાર્યક્ષમ મોટર પંપસેટ બદલી, નવિન વિજ કાર્યક્ષમ મોટર પંપસેટ લગાવવામાં આવશે. જેનાથી વીજ બચત તેમજ નિભાવણી ખર્ચ માં ઘટાડો થશે.
- દરેક એ.પી.એસ ઉપર સીસીટીવી મોનીટરીંગ સીસ્ટમ બેસાડી સેન્ટ્રલી મોનીટરીંગ કરવાનું તેમજ વેટવેલ નાં લેવલ અનુસાર મોટર પંપસેટ નું સંચાલન ઓટોમેટીક કરવામાં આવશે.
- અંદાજે દસ એ.પી.એસ ને સંપુર્ણ પણે સ્વયં સંચાલીત કરી O&M નાં ખર્ચ માં ઘટાડો કરવામાં આવશે.

A118

૧૧) વરસાદી ગટર પ્રોજેકટ શાખા :

રેવન્યુ કેપીટલ બજેટ :: ૨૦૧૭–૨૦૧૮/૨૦૧૮–૨૦૧૯ :

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરીકો ની સુવિધા માટે કુલ ૩૬૪.૨૭ કી.મી. લંબાઇમાં પાઇપ/રેકટેંગ્યુલર ડ્રેઇન (કલોઝડ) નેટવર્ક તથા ૩૭.૭૪ કી.મી. જેટલાં લંબાઇમાં પાકા કાંસ મળી કુલ ૪૦૨.૦૧ કી.મી. લંબાઇમાં પાકી વરસાદી ગટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન જાહેર સલામતીને ધ્યાનમાં લઇ આજવા મેઇન રોડ ઉપર હાઇ–વે થી કમલાનગર તળાવ સુધી રૂ.૩.૫૮ કરોડના ખર્ચે વરસાદી ગટર બનાવવાની કામગીરી ,વહીવટી વોર્ડ નં.૧૨ માં વડસર રેલ્વે ઓવર બ્રીજ/૪૦.૦૦ મી. રીંગ રોડ જંકશન થી વડસર ગામ/તળાવ સુધીના રસ્તે રૂ.૩.૫૮ કરોડના ખર્ચે નવિન વરસાદી ગટર બનાવવાની કામગીરી, માંજલપુર, નિર્દેશ ટેનામેન્ટ થી વિશ્વામત્રી રેલ્વે ઓવર બ્રીજને મળતા ૧૮/૨૪ મી.ના રસ્તે "'સનસીટી પેરેડાઇઝ" સામેથી પરસી અગિયારી નાળા સુધીના ભાગમાં રૂ.૧.૧૯ કરોડના ખર્ચે નવિન આર.સી.સી. કલોઝડ વરસાદી ગટર બનાવવાની કામગીરી, નવાયાર્ડ રોડ પર કલાસવા નાળાને અંદાજીત રૂ.૧.૨૧ કરોડના ખર્ચે લંબાવવાની કામગીરી, મકરપુરા એરફોર્સ થી સરસ્વતિ ટાઉન શીપ સુધી ના ૧૮.૦૦ મી ના રસ્તે એરફોર્સ સ્ટેશન પાસે આવેલ ઇંટોના ચણતર વાળી જૂની ટૂટી ગયેલ ખુલ્લી વરસાદી ગટર ના સ્થાને અંદાજીત રૂ.૦.૮૪ કરોડના ખર્ચે નવિન આર.સી.સી. કલોઝડ વરસાદી ગટર બનાવવાની તથા કિશનવાડી BSUP મકાનોની પ્રીમાઇસીસ માં કુલ રૂ.૧.૫૦ કરોડના ખર્ચે નવિન વરસાદી ગટર બનાવવાની કામગીરી મળી કુલ રૂ.૧૧.૯૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

હીરાવંતી થી સાધનાનગર બ્રીજ સુધીમાં અંદાજીત રૂ.૬.૪૬ કરોડના ખર્ચે ખુલ્લા કાંસને ચેનલ બનાવવાની કામગીરી, આર.ટી.ઓથી વિધાનગર સોસાયટીથી સિંધુસાગર તળાવ પાસે અંદાજીત રૂ.૬.૦૯ કરોડના ખર્ચે ખુલ્લી વરસાદી ગટર પર સ્લેબ ભરી બંધ કરવાની કામગીરી , પૂર્વ ઝોન વિસ્તારમાં ઓડનગર થી રાજીવનગર નાળા સુધી અંદાજીત રૂ.૫.૬૨ કરોડના ખર્ચે આર.સી.સી. કલોઝડ ચેનલ બનાવવાની કામગીરી, મશીયા કાંસ ઉપર બજાણીયા વાસ થી ભગત કોલોની સુધી અંદાજીત રૂ.૨.૭૯ કરોડના ખર્ચે સ્લેબ ભરી કાંસ ને કવર્ડ કરવાની કામગીરી, લાલબાગ, કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર કલ્વર્ટ થી એસ.આર.પી. કંપાઉન્ડ થઇ નવિન અંડર ગ્રાઉન્ડ સંપ સુધી હયાત કાંસવાળા ભાગમાં અંદાજીત રૂ.૦.૮૨ કરોડના ખર્ચે પાકી કલોઝડ આર.સી.સી. વરસાદી ગટર બનાવવાની કામગીરી, ઘાઘરેટીયા, સોમા તળાવ વેષ્ણવ કુટીર થી રેલ્વે કલ્વર્ટ જતાં રસ્તાના જંકશન વાળા ભાગ માં અંદાજીત રૂ.૦.૩૯ કરોડના ખર્ચે હયાત ખુલ્લી વરસાદી ગટર ઉપર ના આર.સી.સી સ્લેબ ને લંબાવવાની કામગીરી મળી અંદાજીત કુલ રૂ.૨૨.૧૭ કરોડ ખર્ચ ના કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. સદર કામો પૂર્ણ થવાથી નાગરિકોની જાહેર આરોગ્ય તથા સલામતી જળવવાની સાથે સાથે આજુ–બાજુના વિસ્તારમાંથી વરસાદી પાણીનો સરળ તથા ઝડપી નિકાલ થઇ શકશે.

વધુમાં, શહેરના પૂર્વ વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમ્યાન વરસાદી પાણી ભરાઇ રહેવાની વધુ માત્રા માં શહેરમાં વરસાદી પાણી પ્રવેશવાને લીધે વરસાદી પાણી ભરાઇ રહેવાની પરિસ્થિતિ અટકાવવા માટે કેન્દ્ર સરકારશ્રીની AMRUT યોજના હેઠળ નેશનલ હાઇ–વે તરફથી પ્રવેશતાં વરસાદી પાણીને શહેર બહાર વાળવા માટે હાઇ–વેને સમાંતર નવીન વરસાદી ગટર બનાવી વરસાદી પાણીનો નિકાલ સીધો જ વિશ્વામિત્રી નદીમાં થાય તે માટે હાઇ–વેને સમાંતર અંદાજીત રૂ.૩૧.૦૦ કરોડના ખર્ચે નવિન વરસાદી ગટર બનાવવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે.

A119

મંજુરીની સાપેક્ષમાં હાથ ધરેલ આગામી નવિન આયોજન :

- ગોત્રી ખાતે ઉંડેરા–ગોત્રી કાંસ પર આર.સી.સી. સ્લેબ ભરવાની અંદાજીત રૂ.૬.૯૧ કરોડની કામગીરી.
- વડોદરા મહાનગરપાલિકા ના ઉતર ઝોન માં વહીવટી વોર્ડ નં ૫ માં આવેલ અકોટા–દાંડિયા બજાર રોડ પર લકડી પુલ કાંસ કવર્ડ કરવાની અંદાજીત રૂ.૪.૪૧ કરોડની કામગીરી.
- મકરપુરા, એરફોર્સ કાંસ ઉપર આર.સી.સી સ્લેબ ભરવાની અંદાજીત રૂ.૧.૫૪ કરોડની કામગીરી.

ઉપરોક્ત કામો પૂર્ણ થવાથી મુખ્યત્વે નાગરિકો ની જાહેર સલામતી તથા જાહેર આરોગ્ય જળવાવની સાથે સાથે શહેરના વિવિધ વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ઉકત સ્થળો તથા આજુ–બાજુના વિસ્તારમાંથી ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો સરળ તથા ઝડપી નિકાલ થઇ શકશે તથા વરસાદી પાણીના ભરાવાના નિકાલની સમસ્યાનું નિરાકરણ થશે.

૧૨) સ્ટ્રીટલાઇટ વિભાગ :

સને ૨૦૧૭–૧૮માં કરેલ નોંધપાત્ર કામગીરી :

- સ્ટ્રીટલાઇટ વિભાગ દ્વારા લગાડવામાં આવેલ વડોદરા શહેરનાં હયાત કુલ ૧૫૦૦ કિ.મી. ACSR (Aluminum Conductor Steel Reinforcement) line ના સ્થાને ૬૦૦ કિ.મી. ABC (Aerial Bunched Cable) લગાડવાનું કામ.
- સરદાર પટેલ પ્લેનેટોરીયમ ખાતે નવિન HT ઇલેક્ટ્રીકલ સીસ્ટમ તથા નવિન ઇલેક્ટ્રીફિકેશન કરવાનું કામ.
- બદામડી બાગ ખાતે નવિન ઇલેક્ટ્રીકલ સીસ્ટમ તથા નવિન ઇલેક્ટ્રીફિકેશન કાર્યરત કરવાનું કામ.
- શહેરના કુલ ૧૦ કિ.મી. થી વધુનાં મુખ્ય રસ્તા પર સેન્ટ્રલ/સાઇડ લાઇટીંગ કરવાનું કામ.
- પૂર્વઝોનમાં બની રહેલ નવિન ટાઉન હોલ ખાતે નવિન HT ઇલેક્ટ્રીકલ સીસ્ટમ, નવિન HVAC સીસ્ટમ, સ્ટેજ લાઇટીંગ અને સાઉન્ડ સીસ્ટમ, CCTV સીસ્ટમ તથા નવિન ઇલેક્ટ્રીફિકેશન કરવાનું કામ.
- શહેરના જુદા–જુદા સ્થળો ઉપર લાગેલ ૧૫૦૦૦ પ્રણાલિગત સોડીયમ ફીટીંગ્સને બદલી નવિન LED ફીટીંગ્સમાં રૂપાંતરીત કરવામાં આવેલ છે.
- આયોજન:
- શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર તથા અન્ય સ્થળો ઉપર લાગેલ જુદી–જુદી ક્ષમતાના સોદીયમ ફીટીગો બદલી LED ફીટીગો લગાડવા.
- સ્ટ્રીટલાઇટ વિભાગના હયાત GSM બેઇઝડ એનર્જી સેવર યુનિટોને Upgrade કરી GPRS બેઇઝડ એનર્જી સેવર યુનિટોમાં રૂપાંતરીત કરવા.
- શહેરમાં કુલ ૨૦ કિ.મી. ના રસ્તા ઉપર ડીઝાઇન બેઇઝડ સેંટ્રલ/સાઇડ લાઇટીંગ કરવાનું કામ.

મળેલ સિદ્ધિઓ :

- વડોદરા શહેરમાં ૮૨,૦૦૦ સ્ટ્રીટલાઇટ પૈકી ૬૦,૦૦૦ સ્ટ્રીટલાઇટનું LED માં રૂપાંતરણ કરવામાં આવેલ છે.
- સ્ટ્રીટલાઇટમાં કાર્યક્ષમ મટીરીયલ વાપરી વધુ વીજ બચત મેળવવા લીધેલ પગલા બદલ રૂપાંતરીત કુલ ૬૦,૦૦૦ LED લાઇટ તથા સ્માર્ટ એનર્જી સેવર યુનિટ દ્વારા વાર્ષિક કુલ રૂ.૪૦૦ લાખની વીજ બચત મેળવવામાં આવેલ છે.

A120

- વીજ ચોરી તેમજ વીજ અક્સ્માત નિવારવાના ભાગરૂપે જુનો શહેરી વિસ્તાર તેમજ દરેક સ્લમ વસાહતોમાં ઓવરહેડ ખુલ્લા વીજ કંડક્ટર બદલી ઇન્સ્યુલેટેડ કંડક્ટર (ABC–Aerial Bunched Cable) લગાડવાનાં કારણે વીજ અક્સ્માતો તેમજ વીજ ચોરી રોકવામાં સફળતા મેળવેલ છે.

૧૩) મિકેનીકલ વિભાગ :

સને ૨૦૧૮–૧૯નુ આયોજન :

- આગામી વર્ષમાં દબાણ શાખા માટે ટ્રક, બસ, ઢોર પકડવા માટે ટ્રેકટરટ્રોલી તેમજ સ્ટ્રીટલાઇટ વિભાગ માટે હાઇડ્રામેક વ્હીકલ, સુવેઝ તેમજ પા.પુ. શાખા માટે એફ.સી. પ્રકારના વાહનો, રોડ શાખા માટે વાઇબ્રેટરી રોલર ખરીદવાનુ આયોજન છે. તેમજ ઉચ્ચ અધિકારીશ્રીઓ માટે ૦૫ નંગ સ્કોર્પિયો, પાલિકાના વિવિધ વિભાગોની કામગીરી માટે બોલેરો પ્રકારના વાહનો ખરીદવાનુ આયોજન છે.

૧૪) ટાઉન ડેવલપમેન્ટ :

બાંધકામ પરવાનગી શાખા દ્વારા, બાંધકામ કરવા માટે શહેરી હદ વિસ્તારમાં બાંધકામની મંજૂરી તા.૧૨-૧૦-૨૦૧૭ પછીથી ઇનવર્ડ કેસો માટે કોમન સી.જી.ડી.સી.આર–૧૭ના નિયમને આધીન મંજુરી મળ્યેથી બાંધકામની લાગત વસુલ લઈ આપવામાં આવે છે. આમ ગત ૨૦૧૬–૧૭ ના વર્ષ માટે રૂા.૯૫.૦૩ કરોડ વસુલ કરવામાં આવેલ હતા તથા વર્ષ ૨૦૧૭–૧૮માં નવેમ્બર–૨૦૧૭ સુધી રૂા.૪૧.૬૭ કરોડ વસુલવામાં આવેલ છે. બાંધકામ નિયમ મુજબ અત્રેથી પ્લીંથ ચેક, કમ્પલીશન સર્ટી. તથા ઓક્યુપેશન સર્ટીફિકેટ આપવામાં આવે છે. તેમજ ઇમ્પેકટ ફી હેઠળ અત્યાર સુધી કુલ રૂ.૪૬.૫૧ કરોડ જમા આવેલ છે.

ગત વર્ષથી પરવાનગી અરજી IFP Portal પર ઓનલાઇન (ફાયનાશીયલ પોર્ટલ) મારફતે રજુ કરવાની શરૂ કરેલ છે તથા નવા કોમન જી.ડી.સી.આર.૧૭ અંતર્ગતની પરવાનગીઓ હવેથી ઓનલાઇન નકશા ચેકીંગ કરવા Auto–DCR મારફતે કરવામાં આવશે અને સમય–મર્યાદામાં કામગીરી થઈ શકશે. વધુમાં ટાઉન ડેવલપમેન્ટ કચેરીનો કાયમી રાખવાપાત્ર રેકોર્ડ સ્કેનીંગ કરવાની કામગીરી હાથ ધરેલ છે.

સોસાયટીના આંતરીક રોડ, માર્જીન, પાર્કીંગ, કોમન પ્લોટના ભાગમાં થયેલા ગેરકાયદેસરના બાંધકામો વાઘાં અરજી અંતર્ગત સ્થળ/દસ્તાવેજો ચકાસીને જી.ડી.સી.આર.મુજબ જરૂરી નોટીસ આપવાની કાર્યવાહી કરી રીમુવલ ચાર્જ ભરાવીને દૂર કરાવવાની કામગીરી અત્રેથી કરવામાં આવે છે.

હાલમાં ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ૨૬ ટી.પી. સ્કીમો તૈયાર કરી મંજૂરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ છે. જે પૈકી ૧૪ ટી.પી. સ્કીમ સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. તથા ૧૨ ટી.પી. સ્કીમ સુધારા માટે પરત આવેલ છે. જેની કામગીરી ચાલુ છે.

૧૫) પાર્ક્સ એન્ડ ગાર્ડન :

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા શહેરને પ્રદુષણ મુકત અને આરોગ્યવર્ધક વાતાવરણ મળી રહે તે હેતુથી ગ્રીન એન્વાયરનમેન્ટને ડેવલપ કરવા વડોદરા શહેરમાં ચાલુ વર્ષે **"મિશન મિલિયન ટ્રીઝ પ્રોજેકટ"** હેઠળ કુલ દશ થી બાર લાખ ઝાડ વાવવાનું આયોજન કરેલ .

"મિશન મિલિયન ટ્રીઝ પ્રોજેકટ" અંતર્ગત વડોદરા શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર બંને બાજુ તથા ડીવાઇડરોમાં અને ટી.પી.ના પ્લોટોમાં, ગ્રીનબેલ્ટમાં ઓપન સ્પેસના પ્લોટોમાં, વડોદરા મહાનગરપાલિકા અને સરકારી કચેરીઓની ખુલ્લી જગ્યાઓમાં ઘનિષ્ઠ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.

A121

ચાલુ વર્ષ દરમ્યાન શાળાઓને પણ આ કામમાં સહભાગી કરેલ છે અને જીલ્લા શિક્ષણાધિકારી હસ્તકની કુલ–૬૭ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કુલ–૧૦૪ સ્કુલોમાં છોડ વિતરણ કરવામાં આવેલ છે.

ટ્રી–બેંક :

વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્લાન્ટેશન કરવા માટે રોપા તૈયાર કરવા માટે (૧) સયાજીબાગમાં (૨) લાલબાગમાં તથા (૩) આજવા બાગ ખાતે બિયારણ નાંખી ટ્રી બેંકો બનાવવામાં આવેલ છે.

તળાવોનું બ્યુટીફીકેશન :

આ પ્રોજેકટ હેઠળ તળાવો (Water bodies) ની આજુ બાજુની જમીનોના દબાણો દુર કરાવી પ્લાન્ટેશન કરવાનું આયોજન કરેલ છે. આ પૈકી ગોરવા તળાવ, કમલાનગર તળાવ, માંજલપુર તળાવ, કોતર તલાવડીનું બ્યુટીફીકેશનની સાથે ગાર્ડનીંગ કામગીરી કરી લોકાર્પણ કરેલ છે.

૧૦૦ ગાર્ડન :

વડોદરા મહાનગરપાલિકાની ગ્રીન બેલ્ટ અને ઓપન સ્પેસની જમીનોમાં કુલ–૧૦૦ ગાર્ડનો બનાવવાની કામગીરી ચાલુ છે જે પૈકી ૧૨ પ્લોટોમાં બગીચાઓ તૈયાર કરેલ છે અને ૨૯ પ્લોટોમાં "અર્બન ફોરેસ્ટ" (શહેરી વન) બનાવી કામગીરી પૂર્ણ કરેલ છે

વડસર ટ્રી પાર્ક :

વડોદરા શહેરમાંથી રોજેરોજ નીકળતો કચરો ડમ્પીંગ કરવાની લેન્ડ ફીલ્ડ સાઇટ વડસર ખાતે હતી જેમાં ઘનિષ્ઠ વનીકરણ કરી ટ્રી મ્યુઝીયમના નવતર પ્રયોગ તરીકે ૯૨ જેટલા જુદી જુદી જાતના વૃક્ષોનું પ્લાન્ટેશન કરી કુલ ૯૦૦૦ જેટલા ઝાડનું પ્લાન્ટેશન કરેલ છે.આ સાઇટને "ટ્રી–મ્યુઝીયમ" તરીકે ઓળખાય છે.

વડોદરા મહાનગરપાલિકાની ગ્રીનબેલ્ટ અને ઓપન સ્પેસની જમીનોમાં કુલ ૧૦૦ ગાર્ડનો બનાવવાની કામગીરી ચાલુ છે જે પૈકી, હાલ–૧૮ પ્લોટોમાં બગીચાઓ બનાવવાનની કામગીરી પ્રગતિ હેઠળ છે અને અર્બન ફોરેસ્ટ (શહેરીવન) કુલ–૦૯ પ્લોટોમાં કામગીરી ચાલુ છે. અન્ય બાગો જેવા કે સયાજીપુરા, હરણી સ્કલ્પચર પાર્ક, મકરપૂરા વડ પાર્ક, સમા ફલેગ ગાર્ડન ગોવિંદનગર, ભીમ તળાવ, મોટનાથ, મસીયા તળાવ જેવી બીજી જગ્યાઓએ બગીચાઓ બનાવવાની કાર્યવાહી હાથ ઉપર છે. ટી.પી.–૧૩ છાણી કેનાલ નગર નંદનવન ખાતે ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરી તેનો સારો વિકાસ થયેલ છે. આ સ્થળને પીકનીક પોઇન્ટ તરીકે વિકાસ કરવાની કામગીરી જોગીંગ ટ્રેક, બેઠક વ્યવસ્થા, ચિલ્ડ્રન પ્લે–સેન્ટર, યોગા સેન્ટર તથા એડવેન્ચર ગેમ જેવી વિવિધ પ્રવૃત્તિઓનો વિકાસની કામગીરી ચાલુ છે. વડોદરા શહેરના ચારેય પ્રવેશદ્વારના રોડની બન્ને સાઇડ અને ડીવાઇડર પર બ્યુટીફીકેશન, વૃક્ષારોપણ, સોફટ કેપીંગ અને લેન્ડ સ્કેપીંગ જેવી કામગીરી PPP પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે ચાલુ છે. આજવા બાગના નવિનીકરણ તેમજ બાકીના ભાગમાં આનંદ પ્રમોદના ઉપરકરણો સાથે (Recreational activity) વિકસાવવા બાબતે ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિ. (TCGL)–ગુજરાત સરકાર દ્વારા DBOT (Design, Build, Operate & Transfer) ધોરણે કામગીરી ચાલુ છે. જેમાં આધુનિક મોડેલની વિવિધ ૩૨ જેટલી રાઇડસનું ઇન્સ્ટોલેશન પૂર્ણ થઇ ગયેલ છે અને લેસર ફાઉન્ટેનની કામગીરી પણ પૂર્ણ થયેલ છે. આજવા બાગનું પહેલા ફેઇસનું આગામી એપ્રિલ માસ સુધીમાં કાર્યરત કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન વડોદરા મહાનગરપાલિકાની ગ્રીનબેલ્ટ અને ઓપન સ્પેસની જમીનોમાં કુલ ૧૦૦ ગાર્ડનો બનાવવાની કામગીરી ચાલુ છે જે પૈકી હાલ ૧૩ પ્લોટોમાં બગીચાઓ બનાવવાનું અને અર્બન ફોરેસ્ટ (શહેરીવન) કુલ–૧૮ પ્લોટોમાં બનાવવાનું આયોજન છે. હાલની નર્સરીઓને ટ્રી–બેંકમાં રૂપાંત્તર કરી ૮ થી ૧૦ લાખ રોપાઓ તૈયાર કરી ટ્રી–બેંક બનાવવાનું આયોજન છે.

A122

સ્કલ્પચર પાર્ક :

વડોદરા મહાનગરપાલિકા દ્વારા જુદી જુદી કચેરીઓમાંથી અને દબાણ શાખા તરફથી સેન્ટ્રલ સ્ટોર અટલાદરા ખાતે જુદી જુદી પ્રકારના ભંગાર જમા કરાવવામાં આવે છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૨૦૧૭ માં આવા વેસ્ટ મટીરીયલમાંથી સ્કલ્પચર બનાવવા માટેનું આયોજન કરેલું. આયોજનના ભાગરૂપે MSU ના આર્ટસ ફેકલ્ટીનાં આર્ટીસ્ટો ને એક જગ્યાએ ભેગા કરી વિવિધ પ્રકારના સ્કલ્પચરો બનાવવા માટેનો કેમ્પ/કાર્યશાળાનું આયોજન અકોટા સ્ટેડીયમ ખાતે કરેલું. આ કેમ્પમાં જાન્યુઆરી – ૨૦૧૭ માં ૨૫ (સ્કલ્પટર) આર્ટીસ્ટોઓએ ભાગ લઈ અને એપ્રિલ–૨૦૧૭માં ૪૮ સ્કલ્પટર પાર્ટીસીપેટ કરી કુલ–૭૩ સ્કલ્પચરો બનાવી વર્ષોથી પડી રહેલ SCRAP નું SCULPTURE માં રૂપાંતર કરેલ છે અને શહેરના મુખ્ય રાજમાર્ગો અને સર્કલો પર મુકેલ છે જે પૈકી હરણી એરપોર્ટ સર્કલ/કલાલી સર્કલ/ એસ.એસ.જી. હોસ્પીટલ સામેનું સર્કલ/ફરમજી કંમ્પાઉન્ડ વિગેરે જુદી જુદી જગ્યાએ સ્કલ્પચરો મુકવામાં આવેલા છે અને શહેરની સુંદરતામાં વધારો થયેલ છે.ઉપરાંત હરણી તળાવની બાજુમાં વિશાળ ૭.૫૦ લાખ ફૂટ જેટલી વિશાળ જગ્યામાં સ્કલ્પચર પાર્ક બનાવી તેમાં સ્કલ્પચરો અગામી દિવસોમાં મુકવામાં આવશે અને જાહેર નાગરીકો માટે આ પાર્ક ખુલ્લો મુકવામાં આવશે.

આમ, વડોદરા મહાનગર પાલીકા દ્વારા એક નવતર પ્રયોગ કરી લોકોનું આકર્ષણ વધે તે મુજબ સ્કલ્પચર પાર્ક ની કામગીરી હાલ પ્રગતી હેઠળ છે.

૧૬) સયાજીબાગ પ્રાણીસંગ્રહ સ્થાન :

વડોદરા મહાનગરપાલિકાના હસ્તકનું શ્રી સયાજીબાગ પ્રાણીસંગ્રહસ્થાન એ વડોદરા શહેર અને આસપાસના વિસ્તાર માટેનું એક મહત્વનું પર્યટન સ્થળ છે. આપણા ઝુ ની સ્થાપના સન ૧૮૭૯ માં વડોદરાના દીર્ઘદ્રષ્ટા રાજા શ્રીમંત મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડે કરી હતી. તેની સ્થાપનાથી લઈ આજ દિન સુધી આપણા ઝુ એ ૧૩૭ વર્ષનો ગૌરવ પ્રવાસ કર્યો છે. આપણા ઝુ નો વિસ્તાર આશરે ૧૫ હેક્ટરમાં (૪૦ એકર) ફેલાયલો છે અને CZA ના વર્ગીકરણ મુજબ તે “મધ્યમ ઝુ” (Medium Zoo) ની કેટેગરીમાં આવે છે. વડોદરા ઝુ માં કુલ ૮૪ પ્રજાતિઓના પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપ સહેલાણીઓ માટે નીહાળવા મુકાયેલા છે, જેની અંદાજીત સંખ્યા ૧,૦૧૭ જાનવરો ની છે. પરંતુ ઝુ ના હાલના પીંજરા, CZA નિતી–નિયમો મુજબ ન હોઈ, ઝુ ના રિડિવેલપમેન્ટની ખૂબ જ જરૂર હતી, આમ શ્રી સયાજીબાગ પ્રાણી સંગ્રહસ્થાન (Zoo) એ Central Zoo Authority (CZA), નવી દિલ્હી ના નિતી–નિયમો મુજબ વિકસાવવાની કામગીરી હાથ પર લીધેલ છે.

વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન થયેલ કામગીરી :

હયાત ઝુ માં આવેલ મહારાજાના સમયના બાંધકામના વાઘખાના ના પીંજરાનું સંપુર્ણ રીનોવેશનનું કામ પૂર્ણ થયેલ છે. કાળિયાર એનકલોઝરમાં નવિન દિવાલ બનાવી એનકલોઝરનો વિસ્તાર વધારવામાં આવેલ છે. ઘડિયાલ મગર માટે નવા એનકલોઝરની ઘણી બધી કામગીરી પૂર્ણ થયેલ છે. નવીન પીંજરા તૈયાર થાય ત્યાં સુધી ઉપયોગમાં જરૂરી જણાતા જુના અને જર્જરીત પીંજરાની મેન્ટેનન્સની કામગીરી પૂર્ણ થયેલ છે. (રૂ.૨૦.૪૫ લાખ) CZA દ્વારા મંજુર કરવામાં આવેલ Master Layout Plan મુજબ પ્રથમ તબ્બકાના કામ અંતર્ગત રૂ.૬.૩૬ કરોડના ખર્ચે પ્રાણીઓ માટેના ખુલ્લા અને વિશાળ મોટ એનકલોઝર (સંખ્યા–૫) તથા ઝુ ના પ્રાણીઓની સારવાર માટે વેટરનરી હોસ્પિટલ બનાવવાની કામગીરી હાથ પર છે. ઉપરોક્ત કામગીરી અંતર્ગત વાઘના બે મોટ એનકલોઝરની કામગીરી હાથ પર છે.

ઝુ ના આકર્ષણમાં વધારો કરવા સુરત ઝુ થી સફેદ મોર અને શિયાળ આપણા ઝુ માં લાવવામાં આવેલ છે તથા વધુમાં વિદેશી પક્ષીઓ જેમ કે, રીંગ નેક ફેજન્ટ–૨ જોડ, ગોલ્ડન ફેજન્ટ–૩ જોડ, લેડી એમહર્સ્ટ

A123

ફેજન્ટ–૨ જોડ, સન કોનુર–૧ જોડ, સેનેગલ પેરોટ–૧ જોડ લાઈસન્સ બ્રીડર પાસેથી ખરીદવામાં આવેલ છે. (૩.૩ લાખ)

વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન થનાર કામગીરી :

ઝુ ના રિડિવલપમેન્ટ પ્રથમ તબ્બકા અંતર્ગત ૩.૬.૩૬ કરોડના ખર્ચે વાઘ, સિંહ, દિપડા અને રીંછ માટેના કુલ પાંચ મોટ એનક્લોઝર તૈયાર કરવામાં આવશે. ઝુ ના રિડિવલપમેન્ટના બીજા તબ્બકા અંતર્ગત પક્ષીઓ માટે એક વિશાળ વૉક ઈન એવિયરી ૩.૧૨.૫૦ કરોડના ખર્ચે બનશે. જેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર એવિયરી દેશની સૌથી વિશાળ ઝુ એવિયરી હશે.

આજવા ખાતે PPP ધોરણે સફારી પાર્ક તૈયાર કરવાની કામગીરી હાથ પર છે. જેના પ્રથમ તબ્બકાનો અંદાજીત ખર્ચ ૩.૫૫ કરોડનો છે. આજવા ખાતે બનનાર નેચર સફારી પાર્ક એ દેશનો સૌ પ્રથમ PPP ધોરણનો સફારી પાર્ક હશે. સદર સફારી પાર્કમાં સહેલાણીઓના આકર્ષણ માટે અવનવા વિદેશી જાનવરો જેમ કે, જિરાફ, ઝિબ્રા, આફ્રિકાના અન્ય એન્ટીલોપ, શાહમૃગ, કાંગારૂ, કોઆલા ઈત્યાદી પ્રાણીઓ લાવવાનું આયોજન છે

૧૭) આરોગ્ય વિભાગ :

આરોગ્ય વિભાગ (પૂર્ણ થયેલ કામો) :

- કુલ–૩૪ અર્બન હેલ્થ સેન્ટર્સ (UPHC) પૈકી કુલ–૧૫ UPHC નું નિર્માણકાર્ય પૂર્ણ, તમામ UPHC ને ૩.૪૬.૦૦ લાખના ખર્ચે ફર્નિચરથી સજ્જ.
- ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર (BARC) ના સંશોધન મુજબ ૩.૬૮.૦૦ લાખના ખર્ચે મૃત જાનવરોના નિકાલ કરવા માટે Scientific Technology પ્રસ્થાપિત કાર્ય પૂર્ણ.
- દિવાળીપુરા UPHC ખાતે ૩.૨૫.૦૦ લાખના ખર્ચે નવિન–અધ્યતન રેડીયોલોજી યુનીટ્ અને પેથોલોજી લેબોરેટરી કાર્યરત. PPP ધોરણે કુલ–૦૮ UPHC ને Hematology Auto Analyzer થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે.
- જાહેર માર્ગો ઉપર રખડતાં પશુઓ/ગાયોને ખાસવાડી, લાલબાગ ઢોર ડબ્બા ઉપરાંત ખટંબા ઢોર ડબ્બામાં પુરવાના હેતુસર તમામ ઢોર ડબ્બાઓને સુવિધા–સગવડોથી સજ્જ.
- જન્મ અને મરણના બનાવો અંગે Online માહિતી મેળવી નાગરીકોને તેઓના રહેઠાણના સ્થળે રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી Birth Certificate & Death Certificate મોકલી આપવાની કાર્યવાહી.
- Mobile Tablet થકી તમામ UPHC દ્વારા Family Health Survey ની કામગીરી.

આરોગ્ય વિભાગ (પ્રગતિ હેઠળના કામો) :

- વધુ કુલ–૦૩ UPHC નું નિર્માણકાર્ય.
- મરેલા જાનવરોનો નિકાલ કરવા Incinerator પ્રસ્થાપિત કરવાનું કામ.
- "કુપોષણ–મુક્ત વડોદરા અભિયાન" અંતર્ગત ૦૬ માસથી ૦૫ વર્ષની વય સુધીના બાળકો પૈકી કુપોષણ સાથે સંકળાયેલ બાળમૃત્યુને રોકવાના હેતુસર અતિગંભીર કુપોષિત બાળકોની **"**બાલ અમૃતમ**"** (RUTF) દ્વારા અને મધ્યમ અતિ કુપોષિત બાળકોની "બાલ અમુલ" (RUSF) આપી સારસંભાળ.
- **"**એનીમીયા મુકત વડોદરા અભિયાન**"** અંતર્ગત વડોદરા શહેરની ૧૫ થી ૧૯ વર્ષની મહિલાઓમાં એનીમીયાના પ્રમાણ મુજબ National Iron Plus Initiative (NIPI) અંતર્ગત સગર્ભાધાત્રી (High Risk) માતાઓ – જેઓના લોહીના હીમોગ્લોબીનનું પ્રમાણ ≤ 10 gm % હોય તેવી માતાઓ આયર્નની ઉણપને દુર કરવા અંગે Ferric Carboxymaltose (FCM), Iron Sucrose (IS), Oral

A124

Ferrous Sulphate (OFS) અને Oral Ferrous Ascorbate (OFA) દ્વારા સારવાર માટેના કાર્યક્રમનું સુદ્રઢ અમલીકરણ.

- "સહજ સારવાર પ્રોજેક્ટ" અંતર્ગત ઝુંપડપટ્ટી જેવા રહેણાંક સ્થળોએ નાગરિકોને તેઓના રહેઠાણ નજીક, સ્થળ ઉપર જ પ્રાથમિક આરોગ્ય તપાસ, નિદાન અને સારવાર આપવાની કામગીરી.
- Animal Birth Control (ABC) Scheme અંતર્ગત રખડતાં-કરડતાં કુતરાંઓને નસબંધી (સ્ટરીલાઈઝેશન) કરી, હડકવા વિરોધી રસી (ARV) મુકી RFID Microchips Labelling કરવાની કામગીરી.
- ગોરવા વિસ્તારમાં નવિનીકરણ પામેલ શાકમાર્કેટના લોકાપર્ણ કરવા અંગેની કામગીરી.

<u>આરોગ્ય વિભાગ (નવિન આયોજન હેઠળના કામો) :</u>

- વધુ કુલ-૧૬ UPHC ના નિર્માણ-બાંધકામનું આયોજન.
- વાસણા, ગોત્રી, ગોરવા અને ખાસવાડી સ્મશાનગૃહને વિકસાવવાની કામગીરી.
- National Health Mission (NHM) Project હેઠળ ફેમીલી વેલ્ફેર બ્યુરો બિલ્ડીંગ અને છાણી આરોગ્ય કેન્દ્રને કુલ ૩.૨.૦૦ કરોડના ખર્ચે "સામુહિક આરોગ્ય કેન્દ્ર" તરીકે વિકસાવવા, આધુનિક રેડીયોલોજી અને પેથોલોજી લેબોરેટરીની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન.
- કુલ-૦૮ (આઠ) નવિન UCHC વિકસાવવાનું આયોજન.
- PPP Model થી છાણી અને તરસાલી ખાતે નવિન શાકમાર્કેટનું આયોજન.

૧૮) <u>સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ</u> :

<u>મિશન સ્વચ્છ વડોદરા</u> :

- મિશન સ્વચ્છ વડોદરા અંતર્ગત ૧ જુન ૨૦૧૭ થી ગત વર્ષે શરૂ કરાયેલ તમામ કામગીરીઓને સુદઢ કરી "કલીન વડોદરા ગ્રીન વડોદરા" ના અભિગમ સાથે તા.૨૮-૦૫-૨૦૧૭ ના રોજ અકોટા-દાંડિયા બજાર ખાતે ૫૦૫૮ સ્પર્ધકો દ્વારા આશરે ૫૦૦૦૦ થી વધારે લોકોની સમક્ષ કલીન સ્વીપ વડોદરાનો ગીનીઝ બુક ઓફ વલ્ડ રેકોર્ડ નો વિક્રમ નોંધાવવામાં આવ્યો. "નિર્માલ્યમ" અંતર્ગત નવેમ્બર-૨૦૧૭ સુધીમાં ૫૦૭૫૬ થી પણ વધારે ફરિયાદો નો નિકાલ કરવામાં આવ્યો.
- શહેરમાં નાગરિક લક્ષી સુવિધાઓ રોજ બરોજના ધોરણે સુચારૂ અને યોગ્ય રીતે સમયસર નાગરીકોને આપી શકાય તે હેતુને ધ્યાને લેતાં નાગરીકો દ્વારા કરવામાં આવેલ વિવિધ ફરિયાદ નું નિરાકરણ સમયસર થાય તે ધ્યાને લેતાં તા.૦૧-૦૭-૨૦૧૭ થી "Vigilant Vadodara Application" કાર્યરત કરવામાં આવેલ છે. આ Vigilant Vadodara ડ્રાઇવમાં મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં ૯૨ જેટલાં અધિકારીશ્રીઓ દ્વારા ઝોનલ વિસ્તારોમાં રાત્રિ ના ૧૦:૦૦ કલાક થી ફેરણી કરી સ્વયં નિરીક્ષણ બાદ પ્રોએકટીવપણે સદરહું એપ્સ નો ઉપયોગ કરીને ક્ષતિઓ અંગે સંબંધિત વિભાગને ફરિયાદ સુચન મોકલવામાં આવે છે. સદરહું એપ્સ માં અત્યાર સુધીમાં ૨૭૪૭ ફરિયાદો નો નિકાલ કરવામાં આવ્યો છે.
- સ્વચ્છતા પેટ્રોલ (ઇ-રિક્ષા) ની તા.૦૫-૦૬-૨૦૧૭ ના રોજ માનનીય મેયરશ્રી ના હસ્તે શરૂઆત કરી રોજીંદી સફાઇ બાદ પર (બાવન) સ્વચ્છતા પેટ્રોલ ઇ-રિક્ષા દ્વારા જન જાગૃતિ તથા રેગ્યુલર બીટ સફાઇ થયા બાદ દંડનીય કાર્યવાહી સહ ગાર્બેજ કલેકશન ની કામગીરી કરવામાં આવેલ છે.
- <u>સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૧૭ માં સમગ્ર દેશમાં વડોદરાનો ૧૦ મો ક્રમાંક પ્રાપ્ત થયેલ છે.</u> તેમજ ઇન્ડિયા ટુડે દ્વારા કરવામાં આવેલ નેશનલ સર્વે "સફાઇગીરી" માં તા.૦૨-૧૦-૨૦૧૭ ના રોજ વડોદરા શહેરને સમગ્ર દેશમાં ક્લીનેસ્ટ સિટી તરીકે જાહેર થયું.

A125

વેસ્ટ ટુ એનર્જી અને બાયોરેમીડીએશન :

- તા.૨૨–૧૦–૨૦૧૭ ના રોજ માન. પ્રધાનમંત્રી શ્રી ના વરદ હસ્તે ડમ્પસાઈટ રેમિડીએશન તેમજ વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ નું ખાતમુહુર્ત કરવામાં આવ્યું, ડમ્પસાઇટ રેમિડીએશન થકી અટલાદરા ખાતેનાં આશરે ૩.૦ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટ નો બાયો રેમિડેશન થકી નિકાલ કરવામાં આવશે, જેના થી અટલાદરા ખાતે ની આશરે ૭૮૯૦૦ ચો.મી કિંમતી જગ્યા ખુલ્લી થશે. તેમજ વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ પી.પી.પી મોડ હેઠળ વડોદરા શહેર નાં પ્રતિ દિન ઉત્પન્ન થતાં ૧૦૦૦ મેટ્રીક ટન ઘન કચરાનો માસ ઇનસેનીરિશન દ્વારા નિકાલ કરવામાં આવશે જેનાથી આશરે ૧૪.૯ મેગાવોટ પ્રતિ કલાક જેટલી એનર્જી ઉત્પન્ન કરવામાં આવશે.

૧૯) અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ :

સને ૨૦૧૭–૧૮ ના વર્ષમાં મેળવેલ સિધ્ધીઓ :

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સંચાલીત અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગને અપગ્રેડ કરી અસરકારક સેવા આપવા વધુ સક્ષમ બનાવવા માટે ૫૦૦ નંગ નવિન ફાયર એક્ષ્ટીંગ્યુશર, ૦૭ નંગ વેન્ટીલેટર બ્લોવર, છત્રી તથા ટેન્ટ, ફાયબર બોટને લીફ્ટ કરવા ૪ ચેઈન સ્લીંગસ્, ૧૨ નંગ એડવાન્સ વોટર ટેન્ડર, ૦૩ નંગ વોટર બાઉઝર, તથા શહેરની સાંકળી ગલીઓમાં સહેલાઈથી પહોચી શકાય તેવા ૦૮ નંગ મીની ફાયર ટેન્ડર, અધિકારીઓ/કર્મચારીઓ માટે આગ અકસ્માત તથા બચાવ કામગીરી સમયે સુરક્ષીત રહી સ્વબચાવ માટે હેલ્મેટ વીથ એસેસરીજ મળી કુલ ૩.૨૯,૭૦,૮૩,૪૫૩/– ખર્ચે ખરીદ કરેલ છે.

સને ૨૦૧૭–૧૮ ના વર્ષમાં હાથપરના લેવાયેલ કામો :

- અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગ દ્વારા આગ અકસ્માત સમયે તાત્કાલિક અને ઝડપી આગ બુઝાવવાની કામગીરી કરવા તથા ૨૦ થી ૨૫ મીટર ઉંચાઈથી ૩૬૦ ડીગ્રી ફરી શકે તેવા મોનીટર સાથે થર્મલ ઈમેજીન કેમેરા તથા કલર મોનીટની ફેસેલીટી વાળુ ફાયર વ્હિકલ કે જેના દ્વારા વધુ પડતા ધુમાડા વચ્ચે આગનુ ચોક્કસ લોકેશન (સ્પોટ) શોધી અસરકારક ફાયર ફાઈટીંગ કરી શકાય તેવા ૦૪ નંગ સ્પેશ્યલ રીસ્પોન્સ ફાયર વ્હીકલ તથા કોનવે દ્વારા પ્રોટોકોલની મહત્વની ડ્યુટી કરવા માટે ૦૨ નંગ રેપીડ ઈન્ટરવેશન ફાયર વ્હીકલ તથા ૦૨–નંગ ધર્મરથ (સબવાહીની), એરબોટ, ૦૬ નંગ નવીન જીપ, જ્વલનશીલ કેમીકલ – પેટ્રો–કેમીકલ–પેટ્રોલીયમ વિગેરે જેવી આગ હોનારત સમયે આગ ઓલવવામાં ઉપયોગી AFFF 3% ફોમ કમ્પાઉન્ડ મળી કુલ ૩.૨૯,૭૦,૮૩,૪૫૩/– ના ખર્ચે ખરીદ કરવાનું આયોજન છે.
- વડોદરા શહેરમાં ૭૦ મીટર ઉંચાઈની હાઈરાઈઝ બીલ્ડીંગ બંધકામ માટે પરવાનગી મેળવવા માંગણી આવતી હોઈ પૂર્વ આયોજન રૂપે વડોદરા મહાનગરપાલિકા તથા વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ (વુડા) સાથે મળી ૯૦ મીટર વર્કીંગ હાઈડ્રોલીક એરીયલ લેડર પ્લેટફોર્મ ૩.૧૭,૨૯,૫૦,૦૦૦/–ના ખર્ચે વસાવવા માટેની કામગીરી હાથ પર છે.

સને ૨૦૧૮–૧૯ ના વર્ષમાં હાથપરના લેવાયેલ કામો :

- શહેરના વિકસતા વિસ્તારને સહેલાઈથી ફાયર બ્રિગેડ ખાતાની સેવાઓ ઝડપી પુરી પાડવા માટે પૂર્વ આયોજન રૂપે ગાજરાવાડી ફાયર સ્ટેશનને સોમા તળાવ, લક્કડપીઠા ગ્રાઉન્ડ શીફ્ટ કરવા તથા વાસણા–ભાયલી રોડ ખાતે નવિન ફાયર સ્ટેશન બનાવવા માટેનું આયોજન તથા શહેરમાં વધી રહેલ હાઈરાઈઝ બિલ્ડીંગોને ધ્યાને રાખી અદ્યતન ફીચર્સ ધરાવતી ટર્ન ટેબલ લેડર ૦૨ નંગ ફાયર ફાઈટીંગ તથા બચાવ કામગીરી કરવા વસાવવાનું આયોજન છે.

A126

૨૦) આઇ.ટી. ડીપાર્ટમેન્ટ :

સને ૨૦૧૭–૧૮ દરમ્યાન થયેલ નોંધપાત્ર કામગીરીની વિગત :

Geographical Information System (GIS) (20.5 Crore), Enterprise Resource Planning (ERP) (29.08 Crore), CCTV (44.51 Crore), City Wi-Fi and Intelligent Poles (200 Crore), City Command & Control Center (88.87 Crore) વિગેરે થઈને કુલ ૩૮૨.૯૬ કરોડના Phase–1 ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે સદરહુ પ્રોજેક્ટસ માં Phase–2 ની કામગીરી ચાલુ છે.

આઇ.ટી. શાખાની મુખ્ય કામગીરીમાં વડોદરા મહાનગરપાલિકા ખાતે કોમ્પ્યુટરાઇઝેશનની કામગીરી સુઆયોજીત રીતે થાય ને અંગેની નિતિ નકકી કરવાની રહે છે. આ નિતિ નકકી કરવા બાબતે ખાતા દ્વારા વિવિધ વિભાગોની કોમ્પ્યુટરાઇઝેશનની જરૂરિયાત તેમજ ઉપલબ્ધ ટેકનોલોજી આધારે નિર્ણય કરીને તેનું અમલીકરણ કરવાનું રહે છે. મહાનગરપાલિકાની વેબસાઇટ નું મેનેજમેન્ટ કરવું, e-News Letter તૈયાર કરી વેબસાઇટ ઉપર મુકવા, પ્રોપર્ટી ટેક્ષની વસુલાત માટે વોર્ડ વાઇઝ બિલ પ્રોસેસ કરી પ્રીન્ટીંગ કરી વોર્ડ ઓફીસમાં પહોંચાડવા. જરૂરીયાત વાળી જગ્યાઓએ સર્વે કરી નવુ નેટવર્ક ઉભુ કરવું તથા જુના નેટવર્કનું મેન્ટેનન્સની કામગીરી. રોજે રોજ સોફ્ટવેર પ્રોગ્રામમાં થતાં સુધારા કરવા તથા ઇન્ટરનેટ નેટવર્કનું મેનેજમેન્ટ કરવુ. મહાનગરપાલિકામાં આવેલ કોમ્પયુટર સંબંધિત હાર્ડવેરના મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવે છે.

૨૧) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા :

વડોદરા શહેરના ભાવિ નાગરીકોનો વિકાસનો પાયો મજબુત કરવા શિક્ષણક્ષેત્રે પણ વડોદરા મહાનગરપાલિકા દ્વારા મહત્વની કામગીરી અવિરત ચાલુ રાખેલી છે. મહાનગરપાલિકા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં વિદ્યાર્થીઓને સારી સુવિધા સહ સારુ શિક્ષણ મળી રહે તે માટે વિવિધ કાર્યવાહી સને ૨૦૧૭–૧૮ માં કરવામાં આવી છે. તેમજ સને ૨૦૧૮–૧૯ માં પણ કરવામાં આવનાર છે.

વડોદરા મહાનગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરા સંયુકત ઉપક્રમે સરકારશ્રી દ્વારા આયોજિત શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ જુન–૨૦૧૭ માં નવુ શૈક્ષણિક સત્ર શરુ થતા તા.૧૯ થી ૨૧–જુન–૨૦૧૭ દરમ્યાન શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ નું સમિતિ હસ્તકની ૧૦૬ પ્રાથમિક શાળાઓમાં આયોજન કરવામાં આવેલ હતુ. સદર કાર્યક્રમમાં સરકારશ્રીએ નિયુકત કરેલ રાજયના મંત્રીશ્રીઓ, સાંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વડોદરા મહાનગરપાલિકાના મેયરશ્રી, કમિશ્નરશ્રી તેમજ ડે.કમિશનરશ્રી, આઇ.પી.એસ. તથા આઇ.એ.એસ. અધિકારીશ્રીઓ સમિતિની વિવિધ શાળાઓમાં ઉપસ્થિત રહ્યા હતા. કોર્પો. કક્ષાએ ફાળવેલ રકમમાંથી બાળકોને સ્કુલબેગ, વોટરબેગ,શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. સમિતિની શાળાઓમાં અંદાજે ૪,૦૦૦ બાળકો એ નવિન પ્રવેશ મેળવેલ હતો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરામાં–૬૫ બાલવાડીઓ આવેલ છે. વડોદરા મહાનગરપાલિકા તરફથી ફાળવેલ રકમમાંથી બાલવાડીઓના બાળકોને સ્વાસ્થ્યપુર્ણ, આરોગ્યપ્રદ નાસ્તો બાલવાડીઓના બાળકોને આપવામાં આવે છે. વડોદરા મહાનગરપાલિકા તરફથી સમિતિ હસ્તકની ૧૦૬ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને અત્યંત આધુનિક પધ્ધતિથી નિયમિત મધ્યાહન ભોજનનું પૌષ્ટીક શુધ્ધ અને સ્વાથ્યવર્ધક ભોજન આપવામાં આવે છે.

શિક્ષક દિન :

વડોદરા મહાનગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરાના સંયુકત ઉપક્રમે ૫–સપ્ટેમ્બર–૨૦૧૭ ના રોજ ભારતના પુર્વ રાષ્ટ્રપતિ શ્રી ડો. સર્વપ્લ્લી રાધાકૃષ્ણ ના જન્મદિને સમિતિના નિવૃત થયેલા શિક્ષકો, શ્રેષ્ઠ શિક્ષકોનું રાજ્યના શિક્ષણ મંત્રીશ્રીના વરદ હસ્તે વડોદરાના સર સયાજીરાવ ગાયકવાડ સભાગૃહમાં શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ હતુ. તેમજ શ્રેષ્ઠ શાળાઓ તથા બાલવાડીઓને પણ મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ હતુ. જેમાં શ્રી પ.પુ. દ્વારકેશલાલજી ૧૦૮ ગોસ્વામીજી તથા શ્રી રાજેંદ્રભાઇ ત્રિવેદી, મા. મંત્રીશ્રી (ગુજરાત સરકાર, રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ) તેમજ સાસંદશ્રી રંજનબેન ભટ્ટ તથા ધારાસભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના મેયરશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી, કોર્પોરેટરશ્રીઓ તથા સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગણિત વિજ્ઞાન પ્રદર્શન :

વડોદરા મહાનગરપાલિકા આયોજિત સમિતિની શાળાઓના બાળકો માટે ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન સમિતિની ડો. શ્યામાપ્રસાદ મુખર્જી પ્રા. શાળા અટલાદરા ખાતે યોજવામાં આવેલ હતું. જેમાં સમિતિની વિવિધ શાળાઓના બાળકોએ ભાગ લઈ ગણિત વિજ્ઞાન પ્રદશર્ન ના પ્રોજેક્ટસ અને વિવિધ પ્રયોગોનું બાળકોએ ગણિત અને વિજ્ઞાન ના જ્ઞાન સાથે ગમ્મતની માહિતી મેળવી માહિતગાર થયા હતા.

બાળમેળો :

સમિતિની શાળાઓનો તા.૨૫–થી–૨૭ દરમ્યાન ત્રિદીવસય બાળમેળો વડોદરા શહેરના ખ્યાતનામ શ્રી સયાજીબાગમાં આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમિતિની શાળાઓના વિવિધ ગણિત વિજ્ઞાન અને ભાષાકીય પ્રોજેકટસના સ્ટોલ્સ તથા સમિતિના બાળકો દ્વારા બનાવેલ વાનગીઓના ગરીબ બાળકોને પોષાય તેવા નજીવા દરે ખાણી–પીણીના આનંદ બજારના સ્ટોલ્સ, બાળકોના આનંદ પ્રમોદ માટે એમ્ફી થીયેટરમાં સમિતિની શાળાઓના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળકોના શારીરીક શિક્ષણ માટે મલખમ, અંગ કસરતના બાળકો દ્વારા પ્રયોગો, પપેટ શો, શહેરની સંસ્થાઓ દ્વારા આનંદ પ્રમોદના સાંસ્કૃતિક કાર્યક્રમો, વગેરેનું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ સદર બાળમેળાના ઉદઘાટનનું સંચાલન તેમજ સમગ્ર બાળમેળાનું આયોજન સમિતિના બાળકો દ્વારા કરવામાં આવે છે. જેનો વડોદરા શહેરના ૪,૦૦,૦૦૦ જેટલા નાગરિકોએ ત્રણ દિવસમાં લાભ લીધેલ છે. આ બાળમેળો વડોદરા શહેર અને સમગ્ર ભારતનું નવલું નજરાણું છે.

ઉપરોકત વિવિધ કાર્યક્રમો સને ૨૦૧૭–૧૮ કરવામાં આવેલા છે.અને સને ૨૦૧૮–૧૯ માં કરવામાં આવનાર છે.

૨૨) આકારણી વિભાગ :

- ધી જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ના કરવેરાના નિયમોની જોગવાઇને આધિન સમગ્ર સભાની મંજુરીથી દર વર્ષે એક ઝોનમાં આવેલી મિલકતોનો ડોર–ટુ–ડોર સર્વે કરાવી આકારણી રજીસ્ટર અધતન કરવામાં આવે છે. સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં શહેરમાં આવેલી તમામ મિલકતોની માપણી સહિતની માહિતી ડેટાબેઝથી મેળવવા અને GIS સીસ્ટમથી અધતન કરવાની કામગીરી આઇ.ટી. વિભાગના સહયોગથી શરૂ કરવામાં આવેલી છે જેનાથી શહેરમાં આવેલી તમામ મિલકતની માહિતી આસાનીથી મળી રહેશે.

A128

- વોર્ડ ઓફિસના સંનિષ્ઠ પ્રયાસોથી તથા સમયાંતરે અઠવાડીક રીવ્યુના કારણે માહે ડીસેમ્બર–૨૦૧૭ સુધીમાં બજેટ લક્ષ્યાંક રૂ.૪૩૩.૨૫ કરોડ સામે રૂ.૩૬૩.૯૩ કરોડની આવક થયેલી છે જે ૮૪.૦૦% થાય છે.
- કરદાતા પ્રોપર્ટી ટેક્ષ બેન્ક ઓફ બરોડા, ICICI Bank, HDFC Bank, Yes Bank, Union Bank of India, Axis Bank અને ઈન્ડસઈન્ડ બેન્કની વડોદરા શહેરમાં આવેલી શાખાઓમાં ભરપાઇ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. વધુમાં, વડોદરા મહાનગરપાલિકાની ઓફિશીયલ વેબસાઇટ www.vmc.gov.in/www.vmcegov.com પરથી ક્રેડીટ/ડેબીટ કાર્ડ, નેટ બેન્કીંગ, પી.ઓ.એસ. મશીન, ઇ–વોલેટ, ઓન–લાઇન ક્યુ.આર.કોડ લગાવી યુ.પી.આઇ. થી પણ પ્રોપર્ટી ટેક્ષ ભરી શકાય તેવી સુવિધા ચાલુ કરેલ છે.
- વડોદરા મહાનગરપાલિકાની તમામ વહીવટી વોર્ડ કચેરીઓમાં વડોદરા મહાનગરપાલિકાના કેશીયરો ના બદલે HDFC Bank ના સહયોગથી આઉટ સોર્સીંગથી સ્ટાફ નિયુકત કરી તા.૦૧–૦૪–૨૦૧૭ થી કલેકશનની કાર્યવાહી કરવામાં આવે છે.
- આજીવન વાહન કરની મહત્તમ વસુલાત થાય તે માટે વાહન વ્યવહાર વિભાગ–વડોદરાના સહયોગથી આર.ટી.ઓ. કચેરી દ્વારા વાહન કરની પાવતી જોઇને જ નવા વાહનનું રજીસ્ટ્રેશન થાય તે પ્રકારનું સંકલન કરવામાં આવેલ છે અને આર.ટી.ઓ. કચેરી દ્વારા પણ આ કામે સંપૂર્ણ સહકાર આપવામાં આવે છે. વધુમાં કરદાતાઓની સુવિધા માટે તમામ વોર્ડ કચેરીઓમાં પણ વાહન કર ભરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સદર વ્યવસ્થાને કારણે આજીવન વાહન કરની વસુલાતમાં નોંધપાત્ર સિધ્ધી પ્રાપ્ત થયેલી છે. સને ડીસેમ્બર–૧૭ સુધીમાં રૂ.૧૮.૩૭ કરોડ વસુલાત થયેલી છે.
- સરકારશ્રી તરફથી કેબલ એન્ટરટેઇનમેન્ટ ટેક્ષ કલેકશનની સત્તાઓ તા.૦૧–૧૦–૨૦૧૪ થી વડોદરા મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ હતી જે તા.૦૧–૦૭–૨૦૧૭થી GST ના અમલીકરણ થવાથી સદર ટેક્ષની જોગવાઇ રદ્ કરવામાં આવેલ છે જેના કારણે રૂ.૧.૭૦ કરોડની આવક બંધ થશે.
- સને ૨૦૧૭–૧૮ ના વર્ષમાં એચ.ડી.એફ.સી. બેન્ક સાથે એમ.ઓ.યુ. કરી કોર્પોરેશનના તમામ વિભાગમાં કેશ કલેકશનની કામગીરીનું આઉટ સોર્સીંગ કરાવવામાં આવેલ છે. જેમાં એચ.ડી.એફ.સી. બેન્ક દ્વારા અધિકૃત કરેલ કર્મચારી દ્વારા કરાવવામાં આવે છે. આમ કરવાથી કોર્પોરેશનના કેશ કલેકશન કામે રોકાયેલ મહેકમને અન્ય કામગીરીમાં સાંકળી મહેકમ ખર્ચમાં અંદાજે ૧.૬૦ કરોડનો બચાવ કરવામાં આવેલ છે.
- સરકારશ્રી તરફથી શરૂ કરવામાં આવેલા મિશન કેશલેશની કામગીરીના ભાગરૂપે વડોદરા શહેરમાં ચલાવવામાં આવેલી વ્યાપક ઝુંબેશના પરિણામે સને ૨૦૧૭–૧૮ ના વર્ષમાં ગત વર્ષની સરખામણીમાં ડીઝીટલ ટ્રાન્ઝેકશનમાં ૫૭.૬૫% નો અને ડીઝીટલ કલેકશનમાં ૫૦.૩૧% નો વધારો થયેલ છે. આગામી સમયમાં વધુ ને વધુ નાગરિકો/કરદાતા રોકડના વ્યવહારને બદલે કેશલેશ સુવિધાઓનો લાભ મેળવે તે માટે આયોજન કરવામાં આવી રહેલ છે.

૨૩) <u>સામાન્ય વહીવટ વિભાગ</u> :

- વડોદરા મહાનગરપાલિકાના વર્ગ–૨ ની મહત્વની અને જવાબદારી વાળી પ્રેસ મેનેજરની–૦૧ જગ્યા ઉપર પસંદગી પ્રક્રિયા કરી નિમણુંક કરવામાં આવેલ તથા ઉચ્ચક વેતનથી સીનીયર કોચ (સ્વીમીંગપુલ)–૦૧, ટ્રેનર –૦૩, લાઇફ ગાર્ડ ટ્રેનર–૦૪ ની નિમણુંક કરવામાં આવેલ.
- વર્ગ–૧ ની કા.ઇ. (સિવિલ) અને કા.ઇ. (મીકેનીકલ) ની, વર્ગ–૨ ની જનસંપર્ક અધિકારી, ફુડ એનાલીસ્ટ, એન્વાયર્નમેન્ટલ એન્જીનીયર, બાયોલોજીસ્ટ તથા આસી.ડાયરેકટર (પાર્કસ એન્ડ

A129

ગાર્ડન) અને વર્ગ–૩ ની આસી.જનસંપર્ક અધિકારીની સીધી ભરતીની ઓનલાઇન અરજીઓ મંગાવી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

- વર્ગ–૧ ની કા.ઇ. (મીકેનીકલ) અને કા.ઇ. (સિવિલ) અને વર્ગ–૨ ની ના.કા.ઇ. (સિવિલ) આંતરિક ભરતીની અરજીઓ મંગાવવામાં આવેલ છે.
- વોર્ડ ઓફીસર–૦૧ ની જગ્યા આંતિરક ભરતીથી ભરવામાં આવેલ.
- વડોદરા મહાનગરપાલિકાના મેયરશ્રીને Adapting & Mitigating Climate change અંતર્ગત તાલીમ માટે નેધરલેન્ડ ખાતે મોકલવામાં આવેલ. ઉપરાંત વિવિધ વિષય ઉપર સેમીનાર, વર્કશોપમાં તાલીમ અર્થે ન્યુ દિલ્હી, તેમજ વડોદરા ખાતે કુલ–૨૪૦ અધિકારીઓને મોકલવામાં આવેલ.

૨૪) યુ.સી.ડી. પ્રોજેક્ટ :

દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન

૧) સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ

- સિદ્ધિ :
  એપ્રિલ–૨૦૧૭ થી ડિસેમ્બર–૨૦૧૭ સુધી કુલ ૫૨૫ સ્વ–સહાય જૂથોની રચના કરેલ છે. તથા અત્યાર સુધી કુલ ૩૪૫ સ્વ–સહાય જૂથોને ફરતા ભંડોળની સહાય આપવામાં આવેલ છે. સદર ઘટક હેઠળ કુલ ૩.૨૧.૬૨ લાખનો ખર્ચ થયેલ છે. વડોદરામાં કુલ ૮ શહેરી આજીવિકા કેન્દ્રની સ્થાપના કરવા વહિવટી મંજૂરી મેળવેલ છે. જેમાંથી હાલ, માંજલપુર અને નવાપુરા કોમ્યુનિટી હોલ પર રીનોવેશનની કામગીરી પૂર્ણ થયેલ હોઇ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.
- આયોજન (વર્ષ ૨૦૧૮–૧૯) :
  સદર ઘટક હેઠળ નવા ૩૦૦ સ્વ–સહાય જૂથોની રચના કરવાનું આયોજન છે તથા નવિન ૪ શહેરી આજીવિકા કેન્દ્રોની સ્થાપના કરવાનું આયોજન છે.

૨) ક્ષમતા સંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર

- સિદ્ધિ :
  એપ્રિલ–૨૦૧૭ થી ડિસેમ્બર–૨૦૧૭ સુધી કુલ ૩૫૦ તાલીમાર્થીઓના નામાંકન કરાવેલ છે, અને અત્યાર સુધી કુલ ૫૪૨ તાલીમાર્થીઓને રોજગારી/સ્વ–રોજગારી અપાવેલ છે. સદર ઘટક હેઠળ કુલ ૩.૩૮.૧૩ લાખનો ખર્ચ થયેલ છે.
- આયોજન (વર્ષ ૨૦૧૮–૧૯) :
  નવિન ૨૭૫ તાલીમાર્થીઓના નામાંકન કરી તેઓને રોજગારી/સ્વ–રોજગારી અપાવવાનું આયોજન છે.

૩) સ્વ રોજગાર કાર્યક્રમ (Self Employment Program)

- સિદ્ધિ :
  એપ્રિલ–૨૦૧૭ થી ડિસેમ્બર–૨૦૧૭ સુધી કુલ ૩૧૯ અરજીઓ બેંકમાં મોકલાવેલ છે, જેમાંથી ૧૨૫ અરજીઓ બેંક દ્વારા મંજૂર કરી લાભાર્થીઓને લોન આપેલ છે. સદર ઘટક હેઠળ કુલ ૩.૦૫.૩૩ લાખ વ્યાજુકી સહાય પેટે ખર્ચ થયેલ છે.
- આયોજન (વર્ષ ૨૦૧૮–૧૯) :
  નવિન ૩૦૦ અરજીઓ બેંકમાં મોકલાવી લાભાર્થીઓને વ્યાજુકી સહાય આપવાનું આયોજન છે.

A130

૪) શહેરી ફેરિયાઓને સહાય (Support to Urban Street Vendors)

- સિદ્ધિ :
  વર્ષ ૨૦૧૭–૧૮ માં વડોદરા શહેરી વિસ્તારમાં શહેરી શેરી ફેરીયાઓના સર્વેની કામગીરી ધી સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ–૨૦૧૪ હેઠળ ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર દ્વારા APARC એજન્સીને સોંપેલ. જેમાં વિવિધ પ્રકારની ફેરી કરનારા કુલ ૧૧૩૭૯ શહેરી શેરી ફેરીયાઓનો સર્વે થઇ ગયેલ છે અને તેઓને આઇ.ડી. કાર્ડ આપવાની કામગીરી તથા વેન્ડીંગ ઝોન માટે જ્યાં ટ્રાફિકની સમસ્યા ન હોય તેવા પહોળા રસ્તાઓ અને માર્કેટ માટે રીઝર્વ હોય તેવા પ્લોટ્સની પસંદગી કરી વેન્ડીંગ પ્લાન બનાવવાની કામગીરી હાથ ધરેલ છે.
- આયોજન :
  વર્ષ ૨૦૧૮–૧૯ માં સર્વે થયેલ શહેરી શેરી ફેરીયાઓને વેન્ડીંગ ઝોનમાં જગ્યા ફાળવી આજીવિકા પૂરી પાડવાનું આયોજન છે.

૫) ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય યોજના (Scheme of Shelter for Urban Homeless)

હાલ, વડોદરા ખાતે ૬ જગ્યા પર ૧૪ નાઇટ શેલ્ટર્સ કાર્યરત છે. જેમાંથી વર્ષ ૨૦૧૭–૧૮માં અટલાદરા નાઇટ શેલ્ટરના ૨ યુનિટ અને નવાયાર્ડ છાણી નાઇટ શેલ્ટરના ૪ યુનિટ મળી કુલ ૬ નાઇટ શેલ્ટરના નવિનીકરણ તથા સંચાલન અને વ્યવસ્થાપન (O&M) માટે જી.યુ.એલ.એમ., ગાંધીનગર ખાતે ડી.પી.આર. સબમીટ કરાવેલ છે. જેની મંજૂરી મળ્યેથી વર્ષ ૨૦૧૮–૧૯માં આગળની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા કુલ ૩.૩.૪૬ કરોડની ફાળવણી કરાયેલ જેમાંથી ૩.૨.૬૦ કરોડ માહે ડિસેમ્બર–૨૦૧૭ સુધી ખર્ચ થયેલ છે.

૨૫) આઇ.સી.ડી.એસ પ્રોજેક્ટમાં કોર્પોરેશન દ્વારા આપવામાં આવતી સેવાઓ :

બાલ અમુતમ પ્રોજેકટ :

CMAM અંતર્ગત ફેઝ–૪માં ૪૫૮ અતિ કુપોષીત બાળકોને બાલ અમૃતમ અને ફેઝ–૨માં ૧૩૭૦ કુપોષીત બાળકોને બાલ અમુલ

આંગણવાડીના બાળકોને ફોર્ટીફાઇડ મીલ્ક અને શિંગ લાડુ :

આંગણવાડીના દરેક લાભાર્થી બાળકને આંગણવાડી કેન્દ્રમાં અગાઉના ૨–દિવસને વધારી સોમવાર થી ગુરૂવાર સુધી ૪–દિવસ ફોર્ટીફાઇડ મીલ્ક અને શુક્રવાર અને શનિવાર ૨–દિવસ શિંગલાડુ (મગફળી અને ગોળ) આપવામાં આવે છે.

સી.યુ.જી. કનેકશન :

તમામ આંગણવાડી કાર્યકર અને આઇ.સી.ડી.એસ. કચેરી સ્ટાફને ૩.૨૨૫/– સુધીના બીલની મર્યાદામાં સી.યુ.જી કનેકશન આપવામાં આવેલ છે.

આંગણવાડી દત્તક :

કોર્પોરેશનના તમામ અધિકારીશ્રીઓને આંગણવાડીઓ દત્તક આપવામાં આવેલ છે.

પ્રિ–ફેબ્રીકેટેડ આંગણવાડી :

સરકારશ્રીની સુચના મુજબની આંગણવાડી બનાવવા માટે જગ્યા ઉપલબ્ધ ન થાય તેવા વિસ્તારમાં પ્રિ–ફેબ્રીકેટેડ આંગણવાડીનુ નિર્માણ કરી મુકવામાં આવે છે, ૫૦ પ્રિ–ફેબ્રીકેટેડનુ આયોજન કરેલ છે તે પૈકી ૩૩ મુકાયેલ છે અને આગામી સમયમાં ૨૦૦ પ્રિ–ફેબ્રીકેટેડનુ આયોજન છે.

A131

આઇ.સી.ડી.એસ.નુ ભૌગોલીક વિભાજન :

કામગીરી અને વહિવટી સરળતા માટે આંગણવાડીઓના વિસ્તારો સેજા અને ઘટકોનુ ભૌગોલીક વિભાજન અને આરોગ્ય વિભાગ સાથે મર્જર.

❖ **સરકારશ્રીની યોજનાઓ/સેવાઓ**

પુરક પોષણ :

૧) ૬ માસ થી ૩ વર્ષના બાળકો, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને કિશોરોઓને ટેક હોમ રેશન તરીકે ઘઉ, તેલ અને મગદાળ સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.

૨) ૩ થી ૬ વર્ષના બાળકોને સવારે માતૂમંડળનો ગરમ નાસ્તો મહિલા સહકારી મંડળી દ્વારા, બપોરે ગરમ નાસ્તો સ્વૈચ્છિક સંસ્થા દ્વારા અને ત્રીજા ભોજનમાં કુપોષીત અને અતિકુપોષીત બાળકોને ઘરે લઇ જવા માટે લાડુ આપવામાં આવે છે

ઉજવણી :

૧) મહિનામાં એકવાર રશોઇ શો,

૨) દર મહિનાના ચોથા શુક્રવારે બપોરે ૧૨ થી ૨ અન્નપ્રાશન દિવસ,

૩) દર મહિને મમતા દિવસમાં સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ તેમજ બાળકોનું વજન કરવામાં, રસી આપવામાં, બાળકોને વિટામિન 'એ' પીવડાવવામાં, પોષક તત્વો અને રસીકણનું મહત્વ સમજાવવામાં આવે

આંગણવાડી મોબાઇલવાન :

શહેર હદ વિસ્તારમાં નાના પોકેટમાં ગરીબ અને ઝુપડપટ્ટી વિસ્તાર આવેલ છે, જયા કામ કરતા મજુરોના ૬ માસ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા/ધાત્રીમાતા અને કિશોરીઓ હોય તેની નોંધણી કરી જે ICDS ની સેવાથી વંચીત રહેતા હોય તેવા વિસ્તારોને આંગણવાડી મોબાઇલવાન દ્વારા ICDS સેવાઓથી આવરી લેવામાં આવે છે.

માતા યશોદા એવોર્ડ :

શ્રેષ્ટ કામગીરી બદલ આંગણવાડી કાર્યકર અને મદદનીશ બહેનને પારીતોષીક ઇનામો રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ તથા ઘટક કક્ષાએ આપવામાં આવે છે

આંગણવાડી દત્તક :

ઇન્ડસ્ટ્રીસ, એનજીઓ, એજ્યુકેશનલ ટ્રસ્ટ, સોશીયલ ટ્રસ્ટ, હોસ્પીટલ, હોટેલ, બીલ્ડર એશોસીએશન વગેરે જેવી સંસ્થાઓ દ્વારા આંગણવાડીઓને દત્તક લીધેલ છે.

આંગણવાડી મકાન બાંધકામ :

સ્વચ્છ અને હવા ઉજાસવાળુ સુવિધાયુકત આંગણવાડીના પોતાનુ મકાન નંદઘર

ફાયર સેફ્ટી :

સરકારશ્રી દ્વારા દરેક આંગણવાડીમાં ફાયર સેફટી કીટ બેસાડવામાં આવી છે.

વોટર પ્યુરીફાયર :

બાંધેલી આંગણવાડીઓમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૯૩–વોટર પ્યુરીફાયર ડોનેશનથી મેળવેલ છે, અને ૫૫–વોટર પ્યુરીફાયર સરકારશ્રીમાંથી આવેલ છે.

પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના :

દંપતીના પહેલા સંતાનના જન્મ બદલ તેને પુરષ્કાર સ્વરૂપે ૩.૫,૦૦૦/– ની સહાય (૩ તબ્બકામાં) ગુજરાતમાં તા.૦૧-૦૧-૨૦૧૭ થી અમલમાં મુકેલ છે.

A132

સને ૨૦૦૭–૦૮ થી ગુજરાત સરકારશ્રી દ્વારા ઓકટ્રોય નાબૂદ કરી તે સામે ઓકટ્રોય વળતર ગ્રાંટ ફાળવવામાં આવે છે. ઓકટ્રોયની આવકના પ્રતિ વર્ષે થતા વધારા સામે ઓકટ્રોય વળતર ગ્રાંટમાં સને ૨૦૧૪ થી ગ્રાંટમાં ૧૫% તથા ૨૦૧૬ થી ૧૦% જેવો નજીવો વધારો કરવામાં આવેલ છે. જે ઓકટ્રોયની આવકના ૧૮.૬૫% ના વધારા સામે ઘણો નજીવો વધારો મળી રહેલ છે. સાતમા પગાર પંચ ના અમલથી રૂ.૧૨૦ કરોડનો વધારાનો મહેકમ ખર્ચ અને નિભાવણી ખર્ચમાં પણ વર્ષો વર્ષ વધી રહેલ રેવન્યુ ખર્ચ ની સામે રેવન્યુ આવકમાં વધારો નજીવો રહેલ છે. આ સ્થિતિ યથાવત રહે તો મહાનગરપાલિકાની નાણાંકીય સદ્ધરતા પર અસર પડી રહેલ છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા વિવિધ હેતુ માટે ગ્રાંટ મળવાના કારણે શહેરમાં ખૂબ મોટા પ્રમાણમાં વિકાસનાં કામો કરવામાં આવેલ છે. આવનારા દિવસોમાં આ કામોનો નિભાવણી ખર્ચ પણ કરવાનો થશે અને આ આવશ્યક જવાબદારી છે. સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ જેવી કે BSUP, NURM, MGY, RAY, PMAY, Smart City વિ. માં મહાનગરપાલિકાના મિશ્રિત ફાળા ઉપરાંત વધુ ફાળો આપવાનો થતો હોય છે. Smart City માં મહાનગરપાલિકા નો કુલ પાંચ વર્ષનો રૂ.૨૫૦.૦૦ કરોડ નો ફાળો ત્રણ વર્ષ માં ચુકવવાનો થાય છે. આમ વિવિધ યોજના હેઠળ મહાનગરપાલિકા ના ફાળા પેટે અંદાજે રૂ.૬૫૦ કરોડ આપવા પાત્ર થાય છે. આ તમામ કામો થકી વધી રહેલ ખર્ચને પહોંચી વળવા માટે તથા નાણાંકીય સદ્ધરતા ટકાવી રાખવા નીચે મુજબના પગલાં જરૂરી બને છે.

૧) ઓકટ્રોય વળતર ગ્રાંટમાં બજેટના વર્ષે ૧૫% નો વધારો મેળવવા જરૂરી રજૂઆત કરી ગ્રાન્ટ મેળવવામાં આવે અને દર વર્ષે આ પ્રમાણે નો વધારો કરવામાં આવે, જેથી આ અંગેની રજૂઆત ઉચ્ચ સ્તરે કરવી જરૂરી છે.

ઠરાવ નં : ૧૫૬/તા. ૨૦-૦૨-૨૦૨૦

૧) વડોદરા મહાનગરપાલિકા હસ્તકની અન્ય ત્રણ ઝોનમાં આવેલ અર્બન હેલ્થ સેન્ટરમાં આધુનિક એવા એક્સ-રે, લોહી પરિક્ષણ માટેનાં સાધનો લાવવાનાં.

૨) વોર્ડ વાઇઝ નવી અને જુની મિલકતોનો સર્વે જ્યાં આકારણી ના થયેલ હોય ત્યાં આકારણી કરી વેરાના બીલો બજાવવા તથા ટાઉન પ્લાનીંગ વિભાગમાંથી અપાતી કંપ્લીશન સર્ટી અને રજાચિઠ્ઠીની એક કોપી ત્વરીત આકારણી વિભાગમાં મોકલવી.

૩) વડોદરા મહાનગરપાલિકાનાં પ્લોટો હરાજીમાં મુકતા પહેલા ફીઝીકલ વેરીફીકેશન કરવું.

૪) પરિશિષ્ટ-૧૦ ની લાગતમાં OFC કેબલની લાગત છે તેમાં 4G બાબતનો સામાન્ય સભામાં થયેલ ઠરાવ પ્રમાણે સુધારો કરવો.

૫) વડોદરા મહાનગરના ટી.પી.માં મળેલ પ્લોટો, વુડા એરીયા તથા પંચાયત એરીયા શહેરની હદમાં ભળે તે તમામ વુડાનાં અને પંચાયતનાં પ્લોટો વડોદરા મહાનગરપાલિકાના નામે ચઢાવવા.

૬) વડોદરા મહાનગરપાલિકા દ્વારા વધુ ૮ નંગ મોબાઈલ ટોઈલેટ ખરીદવાનું સુચન છે.

નગર પ્રથામિક શિક્ષણ સમિતિ સને ૨૦૨૦–૨૧ ના અંદાજપત્ર સામાન્ય સભા
ઠરાવ અંક: ૧૫૯/ તા. ૨૦–૦૨–૨૦૨૦

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ એ તેના સામાન્ય સભા ઠરાવ અંક –૯૪/તા. ૧૦–૧૨–૨૦૧૯ અન્વયે સને ૨૦૨૦–૨૧ના રજુ કરેલ અંદાજપત્રને કેટલાંક ફેરફાર સહ (સામેલ પત્રક મુજબ) વધુ મતે મંજુર કરવાનું ઠરાવામાં આવે છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સને ૨૦૨૦–૨૧ ના ડ્રાફટ બજેટ અંગે સામાન્ય સભાએ મંજુર કરેલ ખર્ચનું પત્રક :

અ.નં.	ખર્ચ	સને ૨૦૨૦–૨૧ના વર્ષની સમિતિની ભલામણ પ્રમાણે ખર્ચ	સને ૨૦૨૦–૨૧ના મહાનગરપાલિકાએ મંજુર કરેલ ખર્ચ
અ	આવર્તક ખર્ચ (સરકારી ૮૦ % તથા મહાનગરપાલિકા ૨૦%)		
અ–૧	કચેરી મહેકમનો પગાર ખર્ચ	૭૭૬૦૦૦	૭૭૬૦૦૦
અ–૨	કચેરી અંગે થનાર ખર્ચ	૯૦૦૦૦૦	૯૦૦૦૦૦
અ–3	સાર્વજનિક કેળવણી	૧૪૧૮૮૫૭૦૦૦	૧૪૧૮૮૫૭૦૦૦
અ–4	શાળા સંચાલન અંગે આવર્તક ઈતર ખર્ચ	૯૦૦૦૦૦૦	૯૦૦૦૦૦૦
અ–૫	ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ.		
	અ –૧,૨,૩,૪,૫,નું કુલ	**૧૪૨૯૫૩૩૦૦૦**	**૧૪૨૯૫૩૩૦૦૦**
બ	આવર્તક ખર્ચ (મહાનગરપાલિકા ૧૦૦%)		
બ–1	કચેરી મહેકમનો પગાર ખર્ચ	૧૦૬૪૨૦૦૦	૧૦૬૪૨૦૦૦
બ–૨	કચેરી અંગે થનાર ખર્ચ	૭૧૧૦૦૦૦	૭૧૧૦૦૦૦
બ–3	સાર્વજનિક કેળવણી	૨૧૯૫૭૫૦૦૦	૨૧૯૫૭૫૦૦૦
બ–4	શાળા સંચાલન અંગે આવર્તક ઈતર ખર્ચ	૨૩૪૯૪૦૦૦૦	૯૩૧૪૦૦૦૦
બ–5	ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ.		
	બ–૧,૨,૩,૪,૫ નું કુલ	**૪૭૨૨૬૭૦૦૦**	**૩૩૦૪૬૭૦૦૦**
	અ + બ નું કુલ	**૧૯૦૧૮૦૦૦૦૦**	**૧૭૬૦૦૦૦૦૦૦**

સને ૨૦૨૦–૨૧ નું મહાનગરપાલિકાએ મંજુર કરેલ ખર્ચનું ફાળવણી પત્ર

વિગત		સરકારી ફાળો	મહાનગરપાલિકા નો ફાળો			કૂલ
		૮૦%	૨૦%	૧૦૦%	૨૦% તથા ૧૦૦% નું કૂલ	
અ	આવર્તક ખર્ચ (સરકારી ૮૦ % તથા મહાનગરપાલિકા ૨૦%)					
અ–૧	કાયમી મહેકમનો પગાર ખર્ચ	૬૨૦૮૦૦	૧૫૫૨૦૦		૧૫૫૨૦૦	૭૭૬૦૦૦
અ–૨	કાયમી અંગે થનાર ખર્ચ	૭૨૦૦૦૦	૧૮૦૦૦૦		૧૮૦૦૦૦	૯૦૦૦૦૦
અ–૩	સાર્વજનિક કેળવણી	૧૧૩૫૦૮૫૬૦૦	૨૮૩૬૭૧૪૦૦		૨૮૩૬૭૧૪૦૦	૧૪૧૮૮૫૬૭૦૦૦
અ–4	શાળા સંચાલન અંગે આવર્તક ઇતર ખર્ચ	૭૨૦૦૦૦૦	૧૮૦૦૦૦૦		૧૮૦૦૦૦૦	૯૦૦૦૦૦૦
અ–૫	ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ.					
	અ –૧,૨,૩,૪,૫,નું કુલ	**૧૧૪૩૬૨૬૪૦૦**	**૨૮૫૯૦૬૬૦૦**	**૦**	**૨૮૫૯૦૬૬૦૦**	**૧૪૨૯૫૩૩૦૦૦**
બ	આવર્તક ખર્ચ (મહાનગરપાલિકા ૧૦૦%)					
બ–૧	કાયમી મહેકમનો પગાર ખર્ચ			૧૦૬૪૨૦૦૦	૧૦૬૪૨૦૦૦	૧૦૬૪૨૦૦૦
બ–૨	કાયમી અંગે થનાર ખર્ચ			૭૧૧૦૦૦૦	૭૧૧૦૦૦૦	૭૧૧૦૦૦૦
બ–૩	સાર્વજનિક કેળવણી			૨૧૯૫૭૫૦૦૦	૨૧૯૫૭૫૦૦૦	૨૧૯૫૭૫૦૦૦
બ–૪	શાળા સંચાલન અંગે આવર્તક ઇતર ખર્ચ			૯૩૧૪૦૦૦૦	૯૩૧૪૦૦૦૦	૯૩૧૪૦૦૦૦
બ–૫	ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ.					
	બ–૧,૨,૩,૪,૫ નું કુલ	**૦**	**૦**	**૩૩૦૪૬૭૦૦૦**	**૩૩૦૪૬૭૦૦૦**	**૩૩૦૪૬૭૦૦૦**
	અ + બ નું કુલ	**૧૧૪૩૬૨૬૪૦૦**	**૨૮૫૯૦૬૬૦૦**	**૩૩૦૪૬૭૦૦૦**	**૬૧૬૩૭૩૬૦૦**	**૧૭૬૦૦૦૦૦૦૦**

વડોદરા મહાનગરપાલિકાની અગાઉ નક્કી થયેલ નીતી અનુસાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ૧૦૦ ટકા ખર્ચવાળા કામો કમિશનરશ્રીની પુર્વ મંજુરી મેળવ્યા બાદ વડોદરા મહાનગરપાલિકા ચીફ ઓડીટરની કચેરીએથી ઓડીટ પધ્ધતીથી મંજુર કરાવીને ચુકવણાં કરવાના રહેશે. આ ઉપરાંત કોઇપણ સદરેથી રકમ વર્ગફેર કરવાની જરૂરીયાત ઉભી થયેથી સમગ્રસભાની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બજેટ ઉપર આવેલી સુધારા દરખાસ્તો પૈકી બાકી રહેલી સુધારા દરખાસ્તો મેયરશ્રીની સંમતિથી દરખાસ્ત મુકનાર સભાસદશ્રીઓ દ્વારા પરત ખેંચી લેવામાં આવે છે.

સને ૨૦૧૯–૨૦ ના રીવાઇઝ્ડ અંદાજપત્ર તથા સને ૨૦૨૦–૨૧ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે સ્થાયી સમિતિ ઠરાવ અંક: ૩૮૩/તા. ૦૩–૦૨–૨૦૨૦

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ના ધોરણ અનુસાર સને ૨૦૨૦–૨૧ માટે કરવેરા માટે કમિશનરશ્રી એ સુચવેલ કર દરની દરખાસ્ત નીચે જણાવેલ ફેરફાર સહ મંજૂર કરી અમલમાં મુકવા અભિપ્રાય છે.

- **આકારણી :**

કર દર

વડોદરા મહાનગર પાલિકા દ્વારા ક્ષેત્રફળ અધારિત આકારણી પધ્ધતિનો અમલ સને ૨૦૦૩–૦૪ ના વર્ષથી કરવામાં આવેલ છે જેના અમલીકરણ ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧(બી) ની જોગવાઈ અનુસાર હાલમાં સામાન્ય કરના દર, રહેણાક મિલકત માટે પ્રતિ ચો. મી. દીઠ ₹ ૧૬/– તથા રહેણાક સિવાયની મિલકત માટે પ્રતિ ચો. મી. દીઠ ₹ ૩૦/– છે. જે યથાવત રાખવા અભિપ્રાય છે.

ભોગવટાનું પરિબળ

સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે રહેણાક મિલકત તથા રહેણાક સિવાયની મિલકતો માટેના ભોગવટા પરિબળ ના ભારાંક નીચે મુજબ યથાવત રાખવા અભિપ્રાય છે.

ભોગવટાનુ પરિબળ	રહેણાંક	રહેણાંક સિવાય
માલીક	૧.૦૦	૧.૦૦
ભાડુઆત	૧.૦૦	૨.૦૦

- **પાણી કર**

પરિશિષ્ટક

ધી ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૪૫૫(૧) અંતર્ગત અનુસચિ "ક" ના પ્રકરણ ૮ અંતર્ગત કલમ ૧૪૧ એએ(એ) અનુસારના કાર્પેટ એરિયા આધારિત લઘુત્તમ પાણી કરની વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલી છે.

શહેરમાં આવેલી રહેણાંક ઇમારતો માટે સામાન્ય કરના ૩૦% (ત્રીસ ટકા) તેમેજ રહેણાંક સિવાયની ઇમારતો માટે પાણી કર, સામાન્ય કરના ૪૦% (ચાલીસ ટકા) પ્રમાણે લેવામાં આવશે.

પરંતુ જે મિલ્કતો પાણી કનેકશન સાથે જોડાયેલી હશે તેવી મિલ્કતો માટે નીચે જણાવ્યા મુજબ પાણી કરની ઓછામાં ઓછી રકમ મંજૂર કરવાની ભલામણ ને રાજ્ય સરકાર શ્રી એ મંજૂરી આપેલી છે. જે ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે યથાવત રાખવા અભિપ્રાય છે.

અ. નં.		મિલકતનો પ્રકાર	મીનીમમ(લઘુત્તમ) પાણી કર ₹
		તમામ પ્રકારની રહેણાંક મિલ્કતો માટે	
૧	૧	તમામ પ્રકારના ઝુંપડા, ચાલી અને ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે	₹ ૮૫૦
	૨	૩૦.૦૧ થી ૫૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે	₹ ૧૦૦૦
	૩	૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે	₹ ૧૨૦૦

	૪	૧૦૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલકતો માટે	₹ ૧૫૦૦
૨	**તમામ પ્રકારની બિનરહેણાંક મિલ્કતો માટે**		
	૧	૦.૦૦ થી ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે	₹ ૧૦૬૩
	૨	૩૦.૦૧ થી ૭૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે	₹ ૨૦૦૦
	૩	૭૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલ્કતો માટે	₹ ૩૦૦૦
૩	**તમામ પ્રકારની ઔદ્યોગિક મિલકતો માટે**		
	૧	૦.૦૦ થી ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે	₹ ૧૫૦૦
	૨	૩૦.૦૧ થી ૭૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે	₹ ૨૫૦૦
	૩	૭૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલ્કતો માટે	₹ ૩૦૦૦

પરંતુ જો, જે તે મિકલ્કતમાં ૧/૨ ઇંચ ઉપરાંતનું પાણી કનેક્શન આપવામાં આવેલ હશે તો પાણી કર નીચે જણાવેલ વોલ્યુમેટ્રીક પધ્ધતિ મુજબના ગુણાંકમાં ગણવામાં આવશે.

પાણી કનેક્શનની સાઇઝ	**વોલ્યુમેટ્રીક પધ્ધતિ મુજબના ગુણાંકની ગણત્રી**
૧/૨ ”	૧
૩/૪ ”	૨.૨૫
૧”	૪
૧.૫”	૯
૨”	૧૬
૩”	૩૬
૪”	૬૪
૫”	૧૦૦
૬”	૧૪૪
૭”	૧૯૬
૮”	૨૫૬
૯”	૩૨૪
૧૦”	૪૦૦
૧૨”	૫૭૬

પરંતુ એપાર્ટમેન્ટ, બહુમાળી મકાનો માં આપેલ પાણી કનેકશન ના પાણી કર ની રકમ ઉપરોક્ત ગણત્રી પ્રમાણે ગણતાં જે તે મિલ્કતના કુલ યુનીટ સાથે ભાગાકાર કરતાં જો પ્રતિ યુનિટ પાણી કર ની રકમ ઓછી થતી હશે તો, મીનીમમ પાણી કરની રકમ મુજબ વસુલ કરવામાં આવશે.

પરંતુ જો મિલ્કત ધારક ૧/૨” ઉપરાંતનું પાણી કનેક્શનમાં વધારો કે ઘટાડો કરાવશે તો તેવા કિસ્સામાં જે તે પાણી કનેક્શનની સાઈઝની વોલ્યુમેટ્રીક ગણત્રી મુજબ ગણવામાં આવશે અને તે મુજબ પાણી કર વસુલ કરવાનો અધિકાર કોર્પોરેશનને રહેશે.

ઉપરોક્ત વિગતોને બાધ આવ્યા સિવાય કોર્પોરેશન કોઇપણ મિલ્કત ધારકને મીટર થી પાણી કનેકશન ફાળવશે (જો મિલ્કત ધારકની માંગણી અધારે અથવા તે સિવાય) તો તેવા સંજોગોમાં વપરાશ મુજબ નક્કી થનાર ચાર્જ આધારે તેમજ ઠરાવેલ શરતો ને આધીન પાણીનો ચાર્જ કોર્પોરેશન વસૂલ કરી શકશે.

➢ પાણી ચાર્જ:

ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ એ એ (એ) મુજબ પાણી કર દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલો છે જેના અનુસંધાને સરકારશ્રી તરફથી આપેલ મંજૂરી અનુસાર લઘુતમ દર મુજબ પાણી કર વસુલ કરવામાં આવશે જ્યારે રહેણાંક સિવાયની ઈમારતો, ઔદ્યોગિક વપરાશ માટેની મિલકતો અને કોલેજ, હોસ્ટેલ, શાળા, બાલમંદિર, ધર્મ સ્થાનો, અનાથ આશ્રમ વિગેરે માટે, આવી મિલકતો જે પાણી કનેક્શન સાથે જોડાયેલી હોય તેવી મિલકતો માટે પાણી ચાર્જ નીચે દર્શાવેલ ધોરણે લેવા અભિપ્રાય છે.

અ.નં.	કનેક્શનની સાઈઝ	બાલમંદિર, ધર્મશાળા, દેવસ્થાન, અનાથાશ્રમ વિગેરે માટે (રકમ ₹)	કોલેજ, હોસ્ટેલ, શાળાઓવિગેરે માટે (રકમ ₹)	બિનરહેણાંક (ઔદ્યોગિક હેતુઓ સિવાય) વપરાશ માટે (રકમ ₹)	ઔદ્યોગિક વપરાશ માટે (રકમ ₹)
૧	૧/૨"	૩૯૦૦	૪૮૭૫	૮૦૦૦	૧૬૦૦૦
૨	૩/૪"	૮૭૭૫	૧૦૯૬૮	૧૮૦૦૦	૩૬૦૦૦
૩	૧"	૧૫૬૦૦	૧૯૫૦૦	૩૨૦૦૦	૬૪૦૦૦
૪	૧.૫"	૩૫૧૦૦	૪૩૮૭૫	૭૨૦૦૦	૧૪૪૦૦૦
૫	૨"	૬૨૪૦૦	૭૮૦૦૦	૧૨૮૦૦૦	૨૫૬૦૦૦
૬	૩	૧૪૦૪૦૦	૧૭૫૫૦૦	૨૮૮૦૦૦	૫૭૬૦૦૦
૭	૪"	૨૪૯૬૦૦	૩૧૨૦૦૦	૫૧૨૦૦૦	૧૦૨૪૦૦૦
૮	૫"	૩૯૦૦૦૦	૪૮૭૫૦૦	૮૦૦૦૦૦	૧૬૦૦૦૦૦
૯	૬"	૫૬૧૬૦૦	૭૦૨૦૦૦	૧૧૫૨૦૦૦	૨૩૦૪૦૦૦
૧૦	૮"	૯૯૮૪૦૦	૧૨૪૮૦૦૦	૨૦૪૮૦૦૦	૪૦૯૬૦૦૦
૧૧	૯"	૧૨૬૩૬૦૦	૧૫૭૯૫૦૦	૨૫૯૨૦૦૦	૫૧૮૪૦૦૦
૧૨	૧૦"	૧૫૬૦૦૦૦	૧૯૫૦૦૦૦	૩૨૦૦૦૦૦	૬૪૦૦૦૦૦
૧૩	૧૨"	૨૨૪૬૪૦૦	૨૮૦૮૦૦૦	૪૬૦૮૦૦૦	૯૨૧૬૦૦૦

સને ૨૦૧૯–૨૦ થી શહેરમાં આવેલ તમામ બિનરહેણાંક કોમર્શીયલ ઔદ્યોગિક મિલકતો માટે ૩/૪" અને તેનાથી મોટી સાઈઝના પાણી કનેક્શનો પર વોટર મીટર બેસાડી મહાનગરપાલીકા દ્વારા નિયત કરેલ નીચે દર્શાવ્યા મુજબના દરો વસુલવામાં આવશે.

પ્રતિમાસ પાણીનો વપરાશ	**કોમર્શીયલ કનેક્શનો માટેના ૧૦૦૦ લીટર દીઠના રેટ(રૂ.માં)**	
	બિન રહેણાંક (ઔદ્યોગિક હેતુ સિવાય) વપરાશ માટે	**ઔદ્યોગિક વપરાશ માટે**
૧.૦૦ થી ૨૦ કિ.લી.સુધી પ્રતિ માસ	૧૩.૫૦	૩૬
૨૦.૦૧ કિ.લી. થી ૩૦ કિ.લી.	૧૫.૦૦	૪૦
૩૦.૦૧ કિ.લી. થી ૪૫ કિ.લી.	૧૯.૫૦	૫૦
૪૫.૦૧ કિ.લિ. થી ૬૦ કિ.લી.	૨૨.૫૦	૫૫
૬૦.૦૧ કિ.લી. થી ૯૦ કિ.લી.	૨૪.૦૦	૬૦
૯૦.૦૧ કિ.લી. થી વધુ	૨૫.૫૦	૬૫

પરંતુ જો રહેણાક સિવાયની ઉપર જણાવ્યા પ્રમાણે ની મિલ્કતના પાણી ચાર્જ ની રકમ તથા પાણી કર ની ટકાવારી મુજબ થતી કર ની રકમ, ત્રણ પૈકી જે વધુ થતી હશે તે કર ચાર્જ વસૂલ કરવામાં આવશે.

- **વોટર મીટર પોલીસી:**

પાણી પુરવઠા પ્રોજેક્ટ દ્વારા તા.૨૬-૦૩-૨૦૧૮ ના રોજ વોટર મીટર પોલીસી મંજૂરી માટેની પુરવણી દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરતા સ્થા.સ.ઠરાવ અંક : ૭૩, તા.૧૭-૦૫-૧૮ થી આખરી નિર્ણય માટે સામાન્ય સભામાં સાદર કરવામાં આવેલ છે. આ પોલીસી નો સંપૂર્ણપણે અમલ સામાન્ય સભાના ઠરાવ બાદ જ કરવાનો રહેશે.

- **વડોદરા શહેરની હદ બહાર આપેલ બિન રહેણાંક હેતુ માટેના પાણી કનેક્શનો અંગેનો દર:**

હદ બહારના બિન રહેણાક હેતુ માટેના કનેકશનો માટેના પાણીના દરો શહેરમાં ના ઘંધાકીય હેતુ અંગે ના કનેકશનો માટેના સૂચિત પાણીના દરો ના ત્રણ ગણા લેવાનુ હાલનુ ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે તેમજ હદ બહાર આપેલ કોલેજ, હોસ્ટેલ, શાળાઓ, બાલમંદિર, ધર્મશાળા, દેવસ્થાન, અનાથાશ્રમોને અપાયેલા કનેક્શનો માટેના પાણીના દરો શહેરમાં ના આવી સંસ્થા ઓ અંગે ના કનેક્શનો માટેના પાણીના દરોના દોઢ ગણા લેખે લેવાનુ હાલનુ ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે.

- **વડોદરા શહેર હદ બહાર અપાયેલ પાણી કનેક્શન માટે:**

વડોદરા શહેર હદ બહાર આપેલ રહેણાંક હેતુ માટે પાણી કનેક્શન ના દર:

કનેક્શન સાઈઝ	મીનીમમ ચાર્જની રકમ
૧/૨"	૨૬૦૦

૧/૨" થી વધુની સાઈઝ માટે ઉપર જણાવેલ વોલ્યુમેટ્રીક પધ્ધતિના ગુણાંકમાં થતી રકમ મુજબ પાણી ચાર્જ વસુલ કરવામાં આવશે.

- **વડોદરા શહેરની હદ બહાર આવેલ રહેણાંક સિવાયના હેતુ માટેના કનેક્શનના દર:**

વડોદરા શહેર ની હદ બહાર આપેલ બિન રહેણાક હેતુ સિવાયના હેતુ માટેના કનેક્શન નો દર, શહેરમાં રહેણાક સિવાયની ઈમારતો માટેના દર ના ત્રણ ગણા લેખે વસૂલ કરવા અભિપ્રાય છે.

- **કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ:**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમન/૮૦૨૦૦૭/૪૪૨૪/પી તા.૧૬-૫-૨૦૦૮ થી કન્ઝરવન્સી અને સુઅરેજ ટેક્ષના દરોને સરકાર શ્રી ની મંજુરી મળેલ છે.

ગુજરાત એક્ટ નં.૨/૨૦૦૭ ની કલમ ૧૪૧ એએ (બી) અન્વયે કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ નીચે મુજબના ધોરણોએ લેવા મંજુરી મળેલ છે. આ દરો ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે યથાવત રાખવા અભિપ્રાય છે.

અ.નં	કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ પાત્ર મિલ્કત	સામાન્ય કર પર ટકાવારી
૧.	ઝુંપડા	વાર્ષિક ઓછામાં ઓછા દર
૨.	૨૫ મીટર સુધીના રહેઠાણની મિલ્કત અને ચાલી	૧૫ %
૩.	ઉત્પાદન તેમજ ઔધોગિક હેતુ માટે ઈમારત, બેન્ક, પેટ્રોલડીઝલ પંપ, ગેસ સ્ટેશન, રાજય સરકાર કેન્દ્ર સરકારની ઓફીસ, કોમર્શીયલ ઓફિસ, મોબાઈલ ફોન ટાવર, પેજર એન્ટેના, ડીશ એન્ટેના, તદઉપરાંત તમામ પ્રકારની દુકાન, તમામ પ્રકારના માર્કેટ, ગોડાઉન, વેરહાઉસીસ, તમામ પ્રકારની હોટેલ, રેસ્ટોરન્ટ, સર્વિસ સ્ટેશન, ગેરેજ, શોરૂમ, હેલ્થ સેન્ટર, જીમ્નેશીયમ, તમામ પ્રકારના ટ્યુશન કલાસીસ, ટ્રેનીંગ અને વોકેશનલ	૩૫%

	ગાઇડન્સ સંસ્થાઓ, આનંદપ્રમોદ અને મનોરંજનના હેતુ માટે વપરાતી ઈમારત, મેરેજ હોલ, કોમ્યુનીટી હોલ, વાડી, પાર્ટી પ્લોટ, કલબ પ્લોટ, પ્રદર્શન મેદાન, સિનેમાગૃહ, કલબ હાઉસ, મલ્ટીપ્લેક્ષ થીયેટર, ઓપન એર થીયેટર, જીમખાના, સ્પોર્ટસ સ્ટેડીયમ વિગેરે	
૪.	૨૫ મીટરથી વધુ ક્ષેત્રફળવાળા રહેઠાણની મિલ્કત અને ઉપર જણાવ્યા સિવાયની બિન રહેઠાણની તમામ મિલ્કત	૨૫ %
૫.	ઓછામાં ઓછા વાર્ષિક દર (એકટમાં નિર્દિષ્ટ કર્યા મુજબ)	₹ ૨૪

<u>વડોદરા શહેરની હદ બહાર અપાયેલા ડ્રેનેજ કનેકશનો ઉપર લેવાપાત્ર કન્ઝરવન્સી સુઅરેઝ ટેક્ષ અંગેનું ઘોરણઃ</u>

મહાનગરપાલિકા હદ બહારના મકાનો માટે ડ્રેનેજ કનેકશન માટે ડ્રેનેજ કનેકશન દીઠ વાર્ષિક ₹ ૧૦૦૦/– લેખે કન્ઝરવન્સી ટેક્ષનું ઘોરણ ગ્રાહ્ય રાખવા અભિપ્રાય છે. બહુમાળી મકાનોનાં કેસમાં દર યુનીટ દીઠ ચાર્જ ગણવા અભિપ્રાય છે.

<u>હદ બહારના બિનઘરગથ્થું ડ્રેનેજ કનેકશનો અંગેનું ઘોરણઃ</u>

મ્યુનિસિપલ હદ બહારના બિન ઘરગથ્થું મકાનો માટે પ્રતિ કનેકશન દીઠ વાર્ષિક હાલના દરે ₹ ૩૫૦૦/– લેખે કન્ઝરવન્સી ટેક્ષનું ઘોરણ મંજૂર કરવા અભિપ્રાય છે.

<u>વડોદરા શહેરીની હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો અંગેનું ઘોરણઃ</u>

હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો માટેના દરો પ્રતિ કનેકશન દીઠ હાલના દરે ₹ ૫૦૦૦/– લેખે લેવાનું ઘોરણ મંજુર રાખવા અભિપ્રાય છે.

- **<u>ફાયર ટેક્ષ :</u>**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૬–૭–૦૫ ના ઠરાવ ક્રમાંક : વમન–૮૦૨૦૦૦–૫૦૭૪– પી. થી ફાયર ટેક્ષના નિયમોની મંજુરી મળેલ છે.
સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર નીચે જણાવ્યા મુજબના દરે યથાવત રાખવા અભિપ્રાય છે.

અ.નં.	વિગત	દર
૧.	ફેકટરીની ઈમારતો અને જમીન તેમજ અન્ય મિલકત અને જમીનો કે જે ઔધોગિક હેતુ માટે વપરાતી હોય	સામાન્ય કરના ૫%
૨.	હાઇરાઇઝ ઈમારતો કે જેની ઉંચાઇ ૧૮ મીટરથી વધુ હોય તેવી જમીન અને ઈમારતો	સામાન્ય કરના ૭%

- **<u>શિક્ષણ ઉપકર (સરચાર્જ) :</u>**

તા.૧૬ માર્ચ, ૨૦૦૬ના ગુજરાત રાજ્ય પત્ર (અસાધારણ)ના પ્રસિધ્ધ થયેલા સને ૨૦૦૬ના ગુજરાત વિધેયક ક્રમાંક–૧૩ અનુસાર શિક્ષણ ઉપકર (સરચાર્જ) વસૂલ કરવાનું ઠરાવેલું છે. શિક્ષણ ઉપકર (સર ચાર્જ)ની ગણતરી નીચે મુજબ કરવાની છે. તે મુજબ ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે હાલનું ઘોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે.

૧) ક. કોઇ મકાન અથવા જમીનનો રહેણાંકના હેતુ માટે અથવા વેપાર, વાણિજ્ય અથવા ઉદ્યોગ અથવા વ્યવસાય અથવા ધંધો ચલાવવા સિવાયના કોઇ હેતુથી ઉપયોગ થતો હોય ત્યારે –

૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના પાંચ ટકાના દરે.

૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દશ ટકાના દરે.

૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના પંદર ટકા ના દરે.

૧) ખ. કોઈ મકાન અથવા જમીનનો વેપાર, વાણિજ્ય અથવા ઉદ્યોગના અથવા વ્યવસાય અથવા ધંધો કરવાનો હેતુ માટે ઉપયોગ થતો હોય ત્યારે

૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દસ ટકાના દરે.

૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના વીસ ટકાના દરે.

૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના ત્રીસ ટકાના દરે.

૨) કોઈ જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ ઉપર અલગ સામાન્ય કર આકારવામાં આવ્યો હોય, પણ પેટા કલમ (૧) માં જણાવેલા બે અથવા વધારે હેતુઓ માટે એકી સાથે ઉપયોગમાં લેવાતા હોય ત્યારે આ કલમ હેઠળનો સરચાર્જ તે જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ જે હેતુઓ માટે ઉપયોગમાં લેવાતા હોય તે પૈકી કોઈ હેતુઓ સંબંધમાં લાગુ પડતા ઉંચા દરે લેવાનો રહેશે.

➢ સફાઇ ચાર્જ:

ભારત સરકારશ્રી ના પર્યાવરણ જાળવણી અધિનિયમના પ્રકરણ–૨૫ ના ફકરા ક્રમાંક ૫.૩.૪.૨૫ માં કોસ્ટ રીકવરી અને ૪.૩.૪ લેવી ઓફ સેનીટેશન ટેક્ષ મીટ એડ કોસ્ટ ઓફ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સર્વિસીઝ અંતર્ગત સોલીડ વેસ્ટની જે સર્વિસ પુરી પાડવામાં આવે છે. સદર નિયમ અંતર્ગત સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે સફાઇ ચાર્જ નીચે મુજબના ધોરણે વસુલ લેવા અભિપ્રાય છે.

સફાઈ ચાર્જ		હાલનો દર	
૧.	રહેણાંક મિલકતો માટે	(૧) ૫૦.૦૦ ચો.મી. થી ઓછુ માપ ધરાવતી મિલકત માટે	₹ ૨૫૦
		(૨) ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો.મી. સુધીનું માપ ધરાવતી મિલકત માટે	₹ ૫૦૦
		(૩) ૧૦૦.૦૧ થી વધુ માપ ધરાવતી મિલકત માટે	₹ ૭૫૦
૨	રહેણાંક સિવાયની મિલકતો માટે	૧) ૫૦.૦૦ ચો.મી. થી ઓછુ માપ ધરાવતી મિલકત માટે	₹ ૧૦૦૦ અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે
		(૨) ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો.મી. સુધીનું માપ ધરાવતી મિલકત માટે	₹ ૧૮૦૦ અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે
		(૩) ૧૦૦.૦૧ થી વધુ માપ ધરાવતી મિલકત માટે	₹ ૨૫૦૦ અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે

➢ દિવાબત્તી વેરો :

વડોદરા મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં આવેલ ઈમારતો અને મિલ્કતો ઉપર લાઈટીંગ ટેક્ષ નાખવાં કરવામાં આવેલી દરખાસ્તને સમગ્ર સભા ઠરાવ અંક ૩૪૨/ તા. ૧૯–૨–૨૦૦૩ થી મંજુરી મળેલી છે સદર મંજુરી અન્વયે લાઈટીંગ ટેક્ષ નાખવા અંગે રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલી જેને

સરકારશ્રીના શ. વિ. અને શ. ગૃ. વિ. ઠરાવ અંક વમન ૮૦૨૦૦૩/૧૮૭૩/પી. તા. ૨૫-૯-૨૦૦૩ થી મંજુરી મળેલી છે. સદર મંજુરીમાં "લાઇટીંગ ટેક્ષ" ના બદલે "દિવાબત્તી વેરો" (સ્ટ્રીટ લાઇટ ટેક્ષ) એ મતલબના સુધારા સહિત મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને કામચલાઉ મંજુરી મળેલી છે.

સદર મંજુરી આધારે વડોદરા મહાનગર પાલિકા હદમાં આવેલ ઇમારતો અને મિકલ્કતો ઉપર દિવાબત્તી વેરો નાંખવા અંગેના નિયમોને સમગ્ર સભા. ઠરાવ અંક ૨૨૩/તા. ૨૦-૩-૧૩ થી મંજુરી મળેલી સદર મંજુરી આધારે ધી જી.પી. એમ. સી. એક્ટની કલમ ૪૫૫ (૧) મુજબ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી વાંધાસુચનો મંગાવવામાં આવેલા હતા અને સદર વાંધા સુચનો ઉપર આખરી નિર્ણય કરવા અંગેની દરખાસ્ત મુક./સંકલન/આકારણી/એસ./જી.બી/૨૫/૨૦૧૩-૧૪ તા. ૧૦-૦૪-૨૦૧૩ થી રજુ કરવામાં આવેલી છે. જેના વાંધા સુચનો ની સુનાવણી ખાસ સમીતી દ્વારા કરવામાં આવેલી છે પરંતુ તે અંગેનો ઠરાવ અનિર્ણીત છે. જેનો નિર્ણય થયે રાજ્ય સરકારશ્રીની છેવટની મંજુરી મેળવી અમલીકૃત કરવામાં આવશે.

➢ **<u>વાહન ઉપરનો કર (આજીવન વાહન કર):</u>**

આજીવન વાહન કર હાલ ધી જી.પી.એમ.સી એકટ ૧૯૪૯ હેઠળ વસુલ કરવામાં આવે છે. તે સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે નીચે મુજબના હાલના દર યથાવત રાખવા અભિપ્રાય છે.

અ.નં.	વિગત	દર
૧.	સ્કુટર, મોટર સાયકલ, અને થ્રીચક્રી વાહનો (બેટરી ઓપરેટેડ સહિત)	બેઝીક પ્રાઇઝના ૧.૨૫%
૨.	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧.૫૦%
૩.	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧.૫૦%
૪.	મોટરકાર તથા જીપ માટે (બેઝીક પ્રાઇઝ)	
	(એ) ₹. ૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઇઝના ૧.૨૫%
	(બી) ₹. ૩,૦૦,૦૦૦ થી ૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઇઝના ૧.૭૫%
	(સી) ₹. ૫,૦૦,૦૦૦ થી ૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઇઝના ૨.૦૦%
	(ડી) ₹. ૧૦,૦૦,૦૦૦ થી ૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઇઝના ૨.૨૫%
	(ઇ) ₹. ૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઇઝના ૨.૫૦%
૫.	મેટાડોર, મીનીબસ	બેઝીક પ્રાઇઝના ૧.૫૦%
૬.	ટ્રક તથા મોટી બસ (તમામ પ્રકારની) તથા અન્ય તમામ પ્રકારના વાહનો જેનો સમાવેશ અનુક્રમ નં. ૧ થી ૫ માં ના હોય	બેઝીક પ્રાઇઝના ૧.૫૦%

આ ઉપરાંત વાહન દીઠ ટોકન ₹. ૧૦૦/- વસૂલ કરવાનું યથાવત રાખવા અભિપ્રાય છે.

➢ **<u>થીયેટર ટેક્ષ :</u>**

ગુજરાત સરકારના પંચાયત અને આરોગ્ય ખાતાના ઠરાવ અંક – બી.એમ.સી/૪૪૭૪/૨૦૮૬/પી./ /તા.૨૧-૩-૧૯૭૫ થી મંજુર કરેલા થીયેટર ટેક્ષ અંગેના નિયમો મુજબ અને ગુજરાત સરકારનાં પંચાયત હાઉસીંગ અને અર્બન ડેવલપમેન્ટના ઠરાવ અંક-બી.પી.એમ.સી./૪૪૭૬/૪૫૭૬ /પી. /તા.૧૨-૦૮-૧૯૭૬ અને બી.પી.એમ.સી./૪૪૭૬/૬૫૬૭/પી. તા.૧૮-૧૦-૧૯૭૬ થી વી.એમ.એન./૧૯૭૯/૭૧૫૧/પી./તા.૨૭-૧૨-૧૯૭૯ થી મંજુર કર્યા પ્રમાણે તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : જીએફસી ૧૧૨૦૦૦/૨૫૦૫/૨/તા.૯-૨-૨૦૦૧ અનુસાર તેમજ સ.સ.ઠ.અંક: ૧૪૯/તા. ૧૭-૮-૨૦૦૧ મુજબ સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે લેવા અભિપ્રાય છે.

➢ **પાર્કીંગચાર્જ:**

પાર્કીંગ ચાર્જ(જમીન વાપર પરવાના ફી) ભારે વાહનો (ટ્રક, ટ્રેલર, લક્ઝરી બસ વિગેરે) વાર્ષિક ₹. ૧૦૦૦/– પ્રતિ વાહન દિઠ ચાર્જ લેવામાં આવે છે તે ચાલુ રાખવા અભિપ્રાય છે. તે સિવાયના વાહનો ઉપર ચાર્જ લેવાનો નથી.

➢ **વ્યવસાય વેરો :**

વડોદરા મહાનગરપાલિકાની હદમાં વ્યવસાય કરતાં નીચે જણાવેલ પરિશિષ્ટ મુજબના વ્યવસાયકારો તથા પરિશિષ્ટ–૧ ની એન્ટ્રી–૧ માં દર્શાવેલ વેતનદારો પૈકી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, પંચાયત, કેન્ટોનમેંન્ટ વિસ્તાર તથા જાહેર સાહસના એકમના વેતનદાર સિવાયના વેતનદારોએ ભરવાપાત્ર વ્યવસાય વેરો વસુલ કરવાની સત્તા રાજ્ય સરકારશ્રી તરફથી તથા નોટીફીકેશન નં. GHN(૯) PFT૨૦૦૮S.૨(aa)(૧)TH તા.૧–૪–૨૦૦૮ થી વડોદરા મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલી છે. તેમજ કાયદાની જોગવાઈ અનુસાર લઘુતમ અને મહત્તમ દરની મર્યાદા મુજબ દર નક્કી કરવાની સત્તાઓ સુપ્રત થયેલી છે.

સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે વ્યવસાય વેરાના દર નીચે જણાવેલ અનુસુચિ–૧ મુજબ હાલના દરે લેવા અભિપ્રાય છે.

અનુસૂચિ - ૧

[જુઓ કલમ ૩ અને કલમ ૫ની પેટા કલમ(૩)]

વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર ઉપરના વેરાનો દર.

અ.નં.	**વ્યક્તિઓનો વર્ગ**		**વ્યવસાય વેરાનો માસિક દર ₹.**
૧	**૨**		**૩**
૧.	(ક) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતો, રાજ્ય અને કેન્દ્ર સરકારના જાહેરક્ષેત્રના ઉપક્રમો અને ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓ સિવાયના પગારદારો અને વેતનદારો જેનો માસિક પગાર અથવા વેતન		
	૧.	₹.૬૦૦૦ થી ઓછો	શુન્ય
	૨.	₹.૬૦૦૦ અથવા તેથી વધુ પણ ₹.૯૦૦૦ થી ઓછો	₹ ૮૦
	૩.	₹.૯૦૦૦ અથવા તેથી વધુ પણ ₹.૧૨૦૦૦ થી ઓછો	₹ ૧૫૦
	૪.	₹.૧૨૦૦૦ અથવા તેથી વધુ.	₹ ૨૦૦
	સ્પષ્ટીકરણ ૧-કોઈ મહિના સિવાયની કોઈ મુદત માટે કોઇ પગાર અથવા વેતનઆપવાનું હોય ત્યારે, માસિક પગાર અથવા વેતન, આ નોંધના હેતુ માટે કોઈ મહિના માટે આપેલ અથવા આપવાના પગાર અથવા વેતનની ખરેખર રકમના આધારે ગણવામાં આવશે.		
	સ્પષ્ટીકરણ.૨- કોઇ વ્યક્તિ કોઈ મહિનાના અંત પહેલાં પગાર અથવા વેતન મેળવનાર તરીકે બંધ થાય, ત્યારે તે મહિનાનો વેરો ભરવાની તેની જવાબદારી પ્રમાણસર રીતે ઘટાડવામાં આવશે.		
			વ્યવસાય વેરાનો વાર્ષિક દર ₹.
૨.	(ક)	સોલીસીટરો અને નોટરી પબ્લીક સહિત કાયદા વ્યવસાયીઓ	₹ ૨૦૦૦
	(ખ)	તબીબી સલાહકારો(કન્સલ્ટન્ટો) અને દંત ચિકિત્સકો(ડેન્ટીસ્ટો) સહિત તબીબી વ્યવસાયીઓ.	₹ ૨૦૦૦

	(ગ)	આર્કીટેકટો, એન્જીનીયરો, આરસીસી કન્સલ્ટન્ટો, ટેક્ષ કન્સલ્ટન્ટો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, વીમાશાસ્ત્રીઓ અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટો સહિત ટેકનિકલ અને પ્રોફેશનલ કન્સલ્ટન્ટો.	₹ ૨૦૦૦
	(ઘ)	વીમા અધિનિયમ, ૧૯૩૮(સન ૧૯૩૮ના ૪થા) હેઠળ રજિસ્ટર થયેલા અથવા લાઈસન્સ ધરાવતા ચીફ એજન્ટો, પ્રિન્સીપાલ એજન્ટો, સ્પેશિયલ એજન્ટો,ઈન્સ્યોરન્સ એજન્ટો અને સર્વેયરો અથવા લોસ એસેસરો.	₹ ૨૦૦૦
	(ચ)	બિલ્ડીંગ કોન્ટ્રાકટરો સિવાયના તમામ કોંટ્રાકટરો.	₹ ૨૦૦૦
	(છ)	કમિશન એજન્ટો, દલાલો અને એસ્ટેટ બ્રોકરો સિવાયના બ્રોકરો.	₹ ૨૦૦૦
	(જ)	ઓટોમોબાઈલ બ્રોકર્સ	₹ ૨૦૦૦
	(ઝ)	ટુર ઓપરેટર્સ અને ટ્રાવેલ એજન્ટ	₹ ૨૦૦૦
	(ટ)	કેબલ ટી.વી. ઓપરેટર્સ	₹ ૨૦૦૦
	(ઠ)	ફિલ્મ વિતરકો	₹ ૨૦૦૦
	(ડ)	વિજ્ઞાપન એજન્સીઓના માલિકો	₹ ૨૦૦૦
	(ઢ)	ટ્યુશન ક્લાસીસ અથવા ટ્યુટોરીયલ ઈન્ટીટ્યુશન્સના માલિકો	₹ ૨૦૦૦
	(ત)	કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક મારફત ઓનલાઈન ઈન્ફોર્મેશન અને ડેટા બેઝ સર્વિસમાં રોકાયેલી સંસ્થાના માલિકો અથવા સેવા પુરી પાડનારાઓ.	₹ ૨૦૦૦
	(થ)	ડ્રાઈવીંગ સ્કુલના માલિકો	₹ ૨૦૦૦
	(દ)	મેરેજ હોલ અને પાર્ટી પ્લોટના માલિકો	₹ ૨૦૦૦
	(ધ)	આંગડીઆ અથવા કુરીયર સેવા પુરી પાડનારા	₹ ૨૦૦૦
	(ન)	હેલ્થ ક્લબ અને મનોરંજન ક્લબના માલિકો.	₹ ૨૦૦૦
૩.	(૧)	વાયદા-સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૨ (સને ૧૯૫૨ના ૭૪ મા) હેઠળ માન્ય થયેલા એસોસીએશનનાં સભ્યો.	₹ ૨૦૦૦
	(૨)	સીક્યોરીટી સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ (સને ૧૯૫૬ના ૪૨મા) હેઠળ માન્ય થયેલા સ્ટોક એક્સચેન્જ સભ્યો.	₹ ૨૦૦૦
	(૩)	ઓઈલ પમ્પો અને સર્વિસ સ્ટેશનોનાં માલિકો અને કોઈપણ તેવા પટે લેનારાઓ.૦.૦૧ થી વધુ ચો.,મીટર સુધીની મિલકત માટે.	₹ ૨૦૦૦
	(૪)	મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના ૭૯મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે લાઈસન્સ ધરાવતા વિદેશી દારુ વેચનારા અને નિવાસી હોટલો અને થિયેટરોના માલિકો.	₹ ૨૦૦૦
	(૫)	ચીટ ફંડોનું સંચાલન કરતી વ્યક્તિઓ અથવા સંસ્થાઓ	₹ ૨૦૦૦
	(૬)	બેંકિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯(સને ૧૯૪૯ના ૧૦મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની બેંકિંગ કંપનીઓ.	₹ ૨૦૦૦
	(૭)	ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) હેઠળ રજીસ્ટર થયેલી અથવા રજીસ્ટર થયેલ હોવાનું ગણાતી સહકારી સોસાયટીઓ.	₹ ૨૦૦૦
		(ક) કોઈપણ વ્યવસાય, વ્યાપાર ધંધામાં રોકાયેલી રાજ્ય સ્તરની મંડળીઓ અને જીલ્લા સ્તરની મંડળીઓ.	₹ ૨૦૦૦
		(ખ) સહકારી સુગર ફેક્ટરીઓ અને સહકારી સ્પીનીંગ મિલો.	₹ ૨૦૦૦
	(૮)	એસ્ટેટ એજન્ટો અથવા એસ્ટેટ બ્રોકર્સ અથવા બિલ્ડીંગ કોન્ટ્રાકટરો	₹ ૨૦૦૦
	(૯)	વિડીયો પાર્લર્સ અથવા વિડીયો લાઈબ્રેરી અથવા તે બન્નેના માલિકો અથવા તે બન્ને ભાડા પટે આપેલ હોય ત્યારે તેને ભાડા પટે રાખનાર.	₹ ૨૦૦૦
૪	કોઈપણ વ્યવસાય, વ્યાપાર આવા ધંધામાં રોકાયેલી ભારતીય ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સને ૧૯૩૨ના ૯મા) હેઠળ રજિસ્ટર થયેલી પેઢી ઓ.		₹ ૨૦૦૦

૫	કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના ૬૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે કંપની નાં ભોગવટે દારો.		₹ ૨૦૦૦
૬	મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના આશરે પાંચથી વધુ કર્મચારીઓ કામે રાખેલા હોય તેવી સંસ્થાના માલિકો.		₹ ૨૦૦૦
૭	ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને ૨૦૦૫ના ૧લા) માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારી ઓ, જેમના તમામ વેચાણો અથવા તમામ ખરીદીઓ નું કૂલ વાર્ષિક ટર્ન ઓવર		
	(૧)	₹ ૨,૫૦,૦૦૦ થી વધુ ન હોય તો	શૂન્ય
	(૨)	₹ ૨,૫૦,૦૦૦ થી વધુ હોય પણ ₹ ૫,૦૦,૦૦૦ થી વધુ ન હોય તો.	₹ ૫૦૦
	(૩)	₹ ૫,૦૦,૦૦૦ થી વધુ હોય પણ ₹ ૧૦,૦૦,૦૦૦ થી વધુ ન હોય તો.	₹ ૧૨૫૦
	(૪)	₹ ૧૦,૦૦,૦૦૦ થી વધુ હોય તો.	₹ ૨૪૦૦
	સ્પષ્ટીકરણ : આ નોંધના હેતુ માટે, "વર્ષ" એ શબ્દનો અર્થ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને–૨૦૦૫ના ગુજરાતના ૧લા) ની કલમ ૨ના ખંડ(૩૬) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું વર્ષ એવો થશે.		
૮	મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સને ૧૯૮૮ના ૫૯મા) હેઠળ ભાડાની અથવા બદલાની રકમ લઈને વપરાતા અથવા વાપરવા માટે અનુકુળ બનાવેલા ટ્રાન્સપોર્ટ વાહનો, બસો, ટેક્ષીઓ, ટ્રકો અથવા ત્રણ પૈંડાવાળા મોટર વાહનોની પરમીટ ધરાવતી હોય ત્યારે.		₹ ૨૦૦૦
	સ્પષ્ટીકરણ : એકજ કુટુંબના સભ્યો તરીકે સાથે રહેતી અને અલગ પરમીટો ધરાવતી વ્યક્તિઓ, આ નોંધના હેતુઓ માટે એક જ વ્યક્તિ તરીકે ગણાશે.		
૯	મુંબઈ નાણાં ની ધીરધાર કરનારાઓ બાબત ના અધિનિયમ,૧૯૪૬ કરનારાઓ (સને ૧૯૪૭ના ૩૧મા) હેઠળ લાયસન્સ આપેલા નાણાં ની ધીરધાર		₹ ૨૦૦૦
૧૦	આગળની કોઈ નોંધમાં ઉલ્લેખેલી ન હોય તેવી, વ્યવસાય, વ્યાપાર, ધંધો અથવા રોજગાર કરતી અને કલમ ૩ની પેટા કલમ(૨) ના ચોથા પરંતુક હેઠળ જેના સંબંધમાં જાહેરનામું બહાર પાડેલું હોય તેવી વ્યક્તિઓ.		₹ ૨૦૦૦

સને ૨૦૧૯–૨૦૨૦ રીવાઇઝ્ડ અંદાજપત્ર :–

સને ૨૦૧૯–૨૦૨૦નું મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ રીવાઇઝ્ડ અંદાજપત્ર જમા તથા ખર્ચનો અભ્યાસ કરતા સ્થાયી સમિતિએ તેના જમા તથા ખર્ચના સદરોમાં જરૂરી ફેરફાર કરેલ છે જે અંદાજપત્રમાં સંબંધીત બજેટ સદરોની સામે સ્થાયી સમિતિની ભલામણના કોલમોમાં દર્શાવવામાં આવેલા છે. જમા તથા ખર્ચના સદરોમાં કરેલી વધ–ઘટ અને ફેરફારોના કારણે મહાનગરપાલિકાનું સને ૨૦૧૯–૨૦૨૦નું રીવાઇઝ્ડ અંદાજપત્ર નીચે મુજબ રહેશે.

સને ૨૦૧૯–૨૦૨૦ રેવન્યુ જમા બાજુ :–

(₹ લાખમાં)

અ. નં.	**સદર**	**મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ**	**સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ**
૧	મ્યુનિસિપલ કર અને દર	૪૪૫૧૫.૮૧	૪૪૫૧૫.૮૧
૨	સરકાર મદદ	૪૬૫૬૦.૨૫	૪૬૫૬૦.૨૫
૩	ખાસ કાયદા મુજબ	૧૮૩૪૧.૫૦	૧૮૩૪૧.૫૦
૪	મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડું તથા વ્યાજ	૭૯૭૭.૯૦	૭૯૭૭.૮૦
૫	અન્ય આવક	૨૬૪૧.૧૦	૨૬૪૦.૫૦
	કૂલ	**૧૨૦૦૩૬.૫૬**	**૧૨૦૦૩૫.૮૬**

સને ૨૦૧૯–૨૦૨૦ રેવન્યુ ખર્ચ બાજુ **(₹ લાખમાં)**

અ. નં.	**સદર**	**મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ**	**સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ**
૧	મહેકમ	૫૯૪૨૯.૯૦	૫૯૪૨૯.૯૦
૨	નિભાવણી	૩૪૪૯૪.૨૫	૩૪૫૪૮.૦૦
૩	લોન ચાર્જિસ	૬૧૭૦.૦૦	૬૧૭૦.૦૦
૪	પ્રાથમિક શિક્ષણ	૧૫૦૫૦.૦૦	૧૫૦૫૦.૦૦
૫	કન્ટીજન્સી	૪૨૧.૨૨	૪૨૧.૨૨
	કૂલ	**૧૧૫૫૬૫.૩૭**	**૧૧૫૬૧૯.૧૨**

સને ૨૦૧૯–૨૦૨૦ રીવાઇઝ્ડ રેવન્યુ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(₹ લાખમાં)

અ. નં.	**સદર**	**મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ**	**સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ**
	ખુલતી સિલક	**૯૯૨૫.૬૪**	**૯૯૨૫.૬૪**
૧	આમદાની	૧૨૦૦૩૬.૫૬	૧૨૦૦૩૫.૮૬
૨	રેવન્યુ ખર્ચ	૧૧૫૫૬૫.૩૭	૧૧૫૬૧૯.૧૨
	બાકી સિલક /ખાધ	**૧૪૩૯૬.૮૩**	**૧૪૩૪૨.૩૮**
૩	કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ	૮૦૦૦.૦૦	૮૦૦૦.૦૦
	બાકી સિલક (મહેસૂલી)	**૬૩૯૬.૮૩**	**૬૩૪૨.૩૮**

સને ૨૦૧૯–૨૦૨૦ રીવાઇઝ્ડ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(₹ લાખમાં)

અ. નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
	ખુલતી સિલક	**૭૨૮.૦૨**	**૭૨૮.૦૨**
૧	જમીન વેચાણની આવક	૧૪૧૫૦.૦૦	૧૪૧૫૦.૦૦
૨	લોનની આવક	૫૦૦૦.૦૦	૫૦૦૦.૦૦
૩	રેવન્યુ બજેટમાંથી તબદીલ કરેલ/કરવાપાત્ર રકમ	૮૦૦૦.૦૦	૮૦૦૦.૦૦
૪	અન્ય કેપીટલ આવક	૨૮૬૦.૦૦	૨૮૬૦.૦૦
	કૂલ આવક	**૩૦૦૧૦.૦૦**	**૩૦૦૧૦.૦૦**
૫	કેપીટલ ખર્ચ	૨૮૧૮૭.૦૪	૨૮૨૬૮.૫૪
	બાકી સિલક /ખાધ	**૨૫૫૦.૯૮**	**૨૪૬૯.૪૮**

સને ૨૦૧૯–૨૦૨૦ ના રીવાઇઝ્ડ બજેટ સ્થાયી સમિતિએ કરેલા ફેરફારથી થતા વધારા– ઘટાડાનું પત્રક

(₹ લાખમાં)

અ. નં.	બજેટ કોડ	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
રેવન્યુ બજેટ ભાગ–૧ (રેવન્યુ જમા)						
૧	A ૧૩૦૧૨૦૨	૩)રોડ રોલર વિગેરે મશીનનું ભાડું	૦.૧૦	૦.૦૦	૦.૦૦	૦.૧૦
૨	A ૧૩૦૧૨૦૪	સોસાયટીઓના રસ્તાના સુપરવિઝન તથા કન્ટીજન્સી ચાર્જીસ	૦.૫૦	૦.૦૦	૦.૦૦	૦.૫૦
૩	A ૦૪૦૧૨૦૫	ઝાડ તથા ઘાસનું ઉત્પન્ન	૦.૧૦	૦.૦૦	૦.૦૦	૦.૧૦
		કૂલ વધ–ઘટ	**૦.૭૦**	**૦.૦૦**	**૦.૦૦**	**૦.૭૦**
રેવન્યુ બજેટ ભાગ–૧ (રેવન્યુ ખર્ચ)						
૧	B ૦૧૦૧૩૧૧	હોદ્દેદારો, સભાસદો તથા અધિકારી–કર્મચારીઓના શૈક્ષણિક પ્રવાસ તથા સેમિનાર વિ. માટે	૨.૦૦	૩૫.૦૦	૩૩.૦૦	૦.૦૦
૨	B ૦૧૦૪૩૦૬	મ્યુનિ.કોર્પો.ના કર્મચારીઓને ઉત્કૃષ્ટ કામગીરી માટે પ્રોત્સાહિત કરવા પ્રોત્સાહન ઇનામ આપવા માટે(મુખ્ય શાખા)	૦.૨૫	૧.૦૦	૦.૭૫	૦.૦૦
૩	B ૦૫૦૨૪૨૧ (પરિશિષ્ટ ૫)	ટેમ્પરરી પંપોની નિભાવણીના વિદ્યુતબીલોની ચુકવણી(વોર્ડ)	૬૨.૦૦	૭૨.૦૦	૧૦.૦૦	૦.૦૦
૪	B ૧૬૦૧૩૧૩	કોર્પો.કર્મચારીઓ, સભાસદશ્રી માટે રમત પ્રવૃતિ	૧૫.૦૦	૨૫.૦૦	૧૦.૦૦	૦.૦૦
		કૂલ વધ–ઘટ	**૭૯.૨૫**	**૧૩૩.૦૦**	**૫૩.૭૫**	**૦.૦૦**
રેવન્યુ બજેટ ભાગ–૨ (કેપીટલ ખર્ચ)						
૧	D ૦૭૦૨૬૦૨ (પરિશિષ્ટ ૫)	કન્ટેનરો માટે પ્લેટફોર્મ બનાવવા	૧૩.૫૦	૨૦.૦૦	૬.૫૦	૦.૦૦
૨	D ૧૮૦૧૬૧૫	નવિન સમાવિષ્ટ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા	૫૦.૦૦	૧૨૫.૦૦	૭૫.૦૦	૦.૦૦
		કૂલ વધ–ઘટ	**૬૩.૫૦**	**૧૪૫.૦૦**	**૮૧.૫૦**	**૦.૦૦**

સને ૨૦૨૦–૨૦૨૧ ડ્રાફ્ટ અંદાજપત્ર :–

સને ૨૦૨૦–૨૦૨૧નું મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ ડ્રાફ્ટ અંદાજપત્ર જમા તથા ખર્ચનો અભ્યાસ કરતા સ્થાયી સમિતિએ તેના જમા તથા ખર્ચના સદરોમાં જરૂરી ફેરફાર કરેલ છે જે અંદાજપત્રમાં સંબંધીત બજેટ સદરોની સામે સ્થાયી સમિતિની ભલામણના કોલમોમાં દર્શાવવામાં આવેલા છે. જમા તથા ખર્ચના સદરોમાં કરેલી વધ–ઘટ અને ફેરફારોના કારણે મહાનગરપાલિકાનું સને ૨૦૨૦–૨૦૨૧ નું ડ્રાફ્ટ અંદાજપત્ર નીચે મુજબ રહેશે.

સને ૨૦૨૦–૨૦૨૧ રેવન્યુ જમા બાજુ :–

(₹ લાખમાં)

અ. નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	મ્યુનિસિપલ કર અને દર	૪૫૧૬૬.૮૧	૪૫૧૬૬.૮૧
૨	સરકાર મદદ	૫૦૭૮૫.૯૯	૫૦૭૮૫.૯૯
૩	ખાસ કાયદા મુજબ	૧૮૩૫૯.૦૦	૧૮૩૫૯.૦૦
૪	મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડું તથા વ્યાજ	૮૩૨૮.૪૦	૮૩૨૮.૩૦
૫	અન્ય આવક	૩૧૨૮.૯૦	૩૧૨૭.૮૦
	કૂલ	**૧૨૫૭૬૯.૧૦**	**૧૨૫૭૬૭.૯૦**

સને ૨૦૨૦–૨૦૨૧ રેવન્યુ ખર્ચ બાજુ

(₹ લાખમાં)

અ. નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
૧	મહેકમ	૬૪૭૯૭.૯૫	૬૪૭૯૭.૯૫
૨	નિભાવણી	૩૦૮૨૦.૨૧	૩૦૮૯૫.૯૬
૩	લોન ચાર્જિસ	૫૮૭૦.૦૦	૫૮૭૦.૦૦
૪	પ્રાથમિક શિક્ષણ	૧૯૦૧૮.૦૦	૧૯૦૧૮.૦૦
૫	વહિવટી ખર્ચ	૪૩૭.૧૦	૪૩૭.૧૦
	કૂલ	**૧૨૦૯૪૩.૨૬**	**૧૨૧૦૧૯.૦૧**

સને ૨૦૨૦–૨૦૨૧ ડ્રાફ્ટ રેવન્યુ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(₹ લાખમાં)

અ. નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
	ખુલતી સિલક	**૬૩૯૬.૮૩**	**૬૩૪૨.૩૮**
૧	આમદાની	૧૨૫૭૬૯.૧૦	૧૨૫૭૬૭.૯૦
૨	રેવન્યુ ખર્ચ	૧૨૦૯૪૩.૨૬	૧૨૧૦૧૯.૦૧
	બાકી સિલક /ખાધ	**૧૧૨૨૨.૬૭**	**૧૧૦૯૧.૨૭**
૩	કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ	૫૦૦૦.૦૦	૫૦૦૦.૦૦
	બાકી સિલક (મહેસૂલી)	**૬૨૨૨.૬૭**	**૬૦૯૧.૨૭**

સને ૨૦૨૦–૨૦૨૧ ડ્રાફ્ટ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(₹ લાખમાં)

અ. નં.	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ
	ખુલતી સિલક	**૨૫૫૦.૯૮**	**૨૪૬૯.૪૮**
૧	રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ	૫૦૦૦.૦૦	૫૦૦૦.૦૦
૨	કેપીટલ આમદાની	૧૭૯૭૨.૫૦	૧૭૯૭૨.૫૦
૩	આંતરીક ભંડોળ/લોન	૧૦૦૦૦.૦૦	૧૦૦૦૦.૦૦
	કૂલ આવક	**૩૨૯૭૨.૫૦**	**૩૨૯૭૨.૫૦**
૪	કેપીટલ ખર્ચ	૩૨૫૬૭.૭૫	૩૨૭૭૧.૭૫
	બાકી સિલક /ખાધ	**૨૯૫૫.૭૩**	**૨૬૭૦.૨૩**

સને ૨૦૨૦–૨૦૨૧ ના ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિએ કરેલા ફેરફારથી થતા વધારા– ઘટાડાનું પત્રક

(₹ લાખમાં)

અ. નં.	બજેટ કોડ	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
રેવન્યુ બજેટ ભાગ–૧ (રેવન્યુ જમા)						
૧	A ૧૩૦૧૨૦૨	૩)રોડ રોલર વિગેરે મશીનનું ભાડું	૦.૧૦	૦.૦૦	૦.૦૦	૦.૧૦
૨	A ૧૩૦૧૨૦૪	સોસાયટીઓના રસ્તાના સુપરવિઝન તથા કન્ટીજન્સી ચાર્જીસ	૧.૦૦	૦.૦૦	૦.૦૦	૧.૦૦
૩	A ૦૪૦૧૨૦૫	ઝાડ તથા ઘાસનું ઉત્પન્ન	૦.૧૦	૦.૦૦	૦.૦૦	૦.૧૦
		કૂલ વધ–ઘટ	**૧.૨૦**	**૦.૦૦**	**૦.૦૦**	**૧.૨૦**
રેવન્યુ બજેટ ભાગ–૧ (રેવન્યુ ખર્ચ)						
૧	B ૦૧૦૧૩૧૧	હોદ્દેદારો, સભાસદો તથા અધિકારી–કર્મચારીઓના શૈક્ષણિક પ્રવાસ તથા સેમિનાર વિ. માટે	૨.૦૦	૨૦.૦૦	૧૮.૦૦	૦.૦૦
૨	B ૦૧૦૪૩૦૬	મ્યુનિ.કોર્પો.ના કર્મચારીઓને ઉત્કૃષ્ટ કામગીરી માટે પ્રોત્સાહિત કરવા પ્રોત્સાહન ઈનામ આપવા માટે(મુખ્ય શાખા)	૦.૨૫	૧.૦૦	૦.૭૫	૦.૦૦
૩	B ૦૫૦૨૪૨૧ (પરિશિષ્ટ ૫)	ટેમ્પરરી પંપોની નિભાવણીના વિદ્યુતબીલોની ચુકવણી(વોર્ડ)	૫૩.૦૦	૬૩.૦૦	૧૦.૦૦	૦.૦૦
૪	B ૦૬૦૧૩૦૫	કુપોષણ મુકત વડોદરા અને એનીમિયા મુક્ત વડોદરા મહાભિયાન અંતર્ગત ખરીદી	૫૦.૦૦	૩૦.૦૦	૦.૦૦	૨૦.૦૦
૫	B૦૮૦૫૩૦૮	આંગણવાડીના કેન્દ્રોમાં મોબાઇલ બીલના ચુકવણા માટે	૬.૦૦	૦.૦૦	૦.૦૦	૬.૦૦
૬	B ૦૭૦૨૩૦૩ (પરિશિષ્ટ ૫)	કન્ટેનરો માટે પ્લેટફોર્મ નિભાવણી માટે	૪.૦૦	૨૦.૦૦	૧૬.૦૦	૦.૦૦

અ. નં.	બજેટ કોડ	સદર	મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
૭	B ૧૩૦૧૩૦૬ (પરિશિષ્ટ ૫)	શહેરમાં જરૂર જણાય ત્યાં સેન્ટ્રલ ડિવાઇડરની નિભાવણી માટે	૧૩.૦૦	૪૫.૦૦	૩૨.૦૦	૦.૦૦
૮	B ૧૩૦૧૩૦૭ (પરિશિષ્ટ ૫)	પથ્થર/પેવર બ્લોક ફૂટપાથ તથા પેવીંગ નિભાવણી અને સિમેન્ટ પત્થર વિગેરે માટે	૮૫.૦૦	૯૫.૦૦	૧૦.૦૦	૦.૦૦
૯	B ૧૩૦૨૩૦૧ (પરિશિષ્ટ ૫)	કુવા તળાવોની દુરસ્તી તથા નિભાવણી	૧૦૫.૦૦	૧૧૦.૦૦	૫.૦૦	૦.૦૦
૧૦	B ૧૬૦૧૩૧૩	કોર્પો.કર્મચારીઓ, સભાસદશ્રી માટે રમત પ્રવૃતિ	૧૫.૦૦	૨૫.૦૦	૧૦.૦૦	૦.૦૦
		કૂલ વધ–ઘટ	**૩૩૩.૨૫**	**૪૦૯.૦૦**	**૧૦૧.૭૫**	**૨૬.૦૦**
રેવન્યુ બજેટ ભાગ–૨ (કેપીટલ ખર્ચ)						
૧	D ૦૭૦૨૬૦૨ (પરિશિષ્ટ ૫)	કન્ટેનરો માટે પ્લેટફોર્મ બનાવવા	૧૬.૦૦	૨૦.૦૦	૪.૦૦	૦.૦૦
૨	D ૧૩૦૧૬૨૬	રસ્તાઓ જરૂરી પહોળાઇના કરી સેન્ટ્રલ ડિવાઇડર ફૂટપાથ કરવા	૧૦૦.૦૦	૩૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦
		કૂલ વધ–ઘટ	**૧૧૬.૦૦**	**૩૨૦.૦૦**	**૨૦૪.૦૦**	**૦.૦૦**

સને ૨૦૨૦–૨૦૨૧ માટેની કામોની ચાદી, પરિશિષ્ટ–૧૦(લાગત) સ્થાયી સમિતિએ સુચવેલ સુધારા– વધારા સહ મંજુર રાખવા અભિપ્રાય છે.

સુચનો–ઠરાવ

૧) ઇ–વ્હીકલ નો ઉપયોગ કરવાનું સૂચન.

૨) વોટર ટેન્ક પાસેની ખુલ્લી જગ્યામાં પ્લાન્ટેશન કરવાનું સૂચન.

૩) વી.એમ.સી નું વીજળી બિલ બચાવવા ગ્રીન બેલ્ટનાં પ્લોટો તથા પાણીની ટાંકીની બાજુમાં આવેલી ખુલ્લી વણ વપરાયેલ જગ્યાઓ વિગેરેમાં ચાર ઝોનમાં ચાર સોલાર પાવર જનરેશન સ્ટેશનો ઊભા કરવા.

૪) ધાર્મિક–સામાજીક પ્રસંગ માટે પાણીની ટેન્કર મોકલવા કોર્પોરેટરનાં કોટાનો ઉપયોગ કરવાનું ઠરાવવા અભિપ્રાય છે.

૫) કોટા ફોડવારી વધુમાં વધુ બે વર્ષ સુધી ચાલશે અને પાંચ વર્ષની ટર્મ પૂરી થતા કોટા ફોડવારીની સિલક જમા થઇ જશે તેવુ ઠરાવવા અભિપ્રાય છે.

વડોદરા મહાનગરપાલિકા

સને ૨૦૨૦–૨૧નું

કમિશનરશ્રીનું નિવેદન

A539

વડોદરા મહાનગરપાલિકા

સને ૨૦૧૯-૨૦ ના રીવાઇઝડ અને સને ૨૦૨૦-૨૧ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે કમિશનરશ્રીનું નિવેદન

સ્થાયી સમિતિના માનનીય ચેરમેનશ્રી અને સભાસદશ્રીઓ :

જી.પી.એમ.સી એક્ટની કલમ ૯૫ હેઠળ વડોદરા મહાનગરપાલિકાનું સને ૨૦૧૯–૨૦ નું રિવાઇઝ તથા સને ૨૦૨૦–૨૧ નું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતાં મને ઘણો આનંદ થાય છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહેલ વિકાસના કાર્યોની ઘૂરા જેમના સક્ષમ હાથોમાં છે તેવા આ શહેરના માનનીય મેયરશ્રી ડૉ. જીગીશાબેન શેઠ, ડેપ્યુટી મેયરપદે બિરાજેલ માનનીયશ્રી ડૉ. જીવરાજભાઇ ચૌહાણ તથા સ્થાયી સમિતિના માનનીય અધ્યક્ષશ્રી સતીષભાઇ પટેલ, સ્થાયી સમિતિનાં માનનીય સભ્યોશ્રીઓ તથા અન્ય તમામ મ્યુનિસિપલ સભાસદશ્રીઓ સહિત આપ સૌને હું અભિવાદન સહ આવકારુ છુ.

સને ૨૦૧૯ નું વર્ષ વડોદરા શહેર તથા વડોદરા મહાનગરપાલિકા માટે લાંબા સમય સુધી યાદગાર બની રહેશે. કુદરતી આફતો વચ્ચે પણ આ શહેર તેની ગરિમા જાળવવામાં સફળ રહ્યું છે. છેલ્લા એક વર્ષ દરમ્યાન વડોદરા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સમાચારમાં રહ્યું છે. વડોદરાથી લગભગ ૯૦ કિ.મી ના અંતરે આવેલ વિશ્વની સૌથી ઊંચી સરદાર શ્રી વલ્લભભાઇ પટેલની પ્રતિમાએ સમગ્ર વિશ્વનું ધ્યાન દોર્યું છે અને હાલમાં જ આ પ્રતિમાને વિશ્વની આઠમી અજાયબી તરીકેનું સન્માન પણ મળેલ છે. આ ઉપરાંત યુનેસ્કો દ્વારા ઘોષિત ચાંપાનેર વર્લ્ડ હેરીટેજ સાઈટ કે જ્યાં ચાંપાનેર હેરીટેજ પાર્કનું નિર્માણ થયેલ છે તે અને શહેરથી લગભગ ૧૧૫ કિ.મી ના અંતરે આવેલ ડાયનાશોર ફોસિલ પાર્ક જેવા આકર્ષણો ને કારણે વિશ્વભરનાં પ્રવાસીઓ તેની મુલાકત લેતા થયા છે. આ તમામ સ્થળોએ પહોંચવા માટે વડોદરા એક આદર્શ સ્થળ છે જે અત્યાધુનિક સગવડો ધરાવતું અને રોડ, રેલવે તેમજ એર કનેક્ટેવીટી ધરાવતું શહેર હોવાથી વિશ્વભરનાં પ્રવાસીઓ અહીં આવતા થયા છે. આ ઉપરાંત વડોદારા શહેરમાં આવેલા વિશ્વ કક્ષાનાં સ્મારકોએ પણ શહેરના વારસાને જીવંત રાખેલ છે. આમ, વડોદરા તેના ભવ્ય ભૂતકાળ તથા વૈભવી વારસાનો ઉત્તમ ઉદાહરણ બની રહ્યુ છે.

વડોદરા એ વિકાસનો સતત અપડેટ થતો નક્શો છે. વિકાસની વણથંભી પ્રક્રિયા અંતર્ગત ગત વર્ષે શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલા તળાવોનાં બ્યુટીફિકેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી. શહેરની ઓળખ સમાન સુરસાગર તળાવનાં પુન:નિર્માણની કામગીરી તેના અંતિમ તબક્કામાં છે. શહેરમાં સતત વધતા જતા ટ્રાફીકને ધ્યાનમાં રાખી વિવિધ વિસ્તારોમાં બ્રીજ બનાવવાની કામગીરી પણ અગ્રીમતાના ધોરણે ચાલી રહી છે. તેમાં સમા થી હરણીને જોડતો બ્રીજ તૈયાર થઇ ગયો છે. શહેરીજનોની સુખાકારી તેમજ આરોગ્યને ધ્યાનમાં રાખી ગોરવા અર્બન હેલ્થ સેન્ટર તેમજ ગાજરાવાડી અર્બન હેલ્થ સેન્ટરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ અંતર્ગત હરણી તેમજ સૈયદ વાસણા ખાતે નવિન રહેઠાણો તૈયાર કરી લાભાર્થીઓને આપવાની કામગીરી હાથ પર છે. અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સ્કાડા વોટર ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ અમલી બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત ખોડિયારનગર બુસ્ટર સ્ટેશન તેમજ આજવા સરોવર ખાતે પોન્ટૂનની કામગીરીને પણ આખરી ઓપ આપવામાં આવ્યો. મલિન જળના સુચારૂ નિકલ અર્થે સરદાર એસ્ટેટ પંપીંગ સ્ટેશન થી રાજીવનગર સુધી પ્રેશર લાઇન, નવિન ડ્રેનેજ લાઇન તેમજ નવાયાર્ડ વિસ્તારમાં પણ નવિન પ્રેશર લાઇન નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. વરસાદી પાણીનાં નિકાલ અર્થે હિરાવંતી થી સાઘના નગર તથા આર.ટી.ઓ સિંધુ સાગર વરસાદી કાંસની કામગીરી સમયબધ્ધ રીતે પૂરી કરવામાં આવેલ છે. બગીચાઓની નગરી તરીકે વડોદરા આગવુ સ્થાન ધરાવે છે. આ પરંપરાને જીવંત રાખવા ચાલુ વર્ષે હરણી સ્કલ્પ્ચરપાર્ક, મશીયા તળાવ, માણેજા તળાવ, અને સયાજીપુરા તળાવ ખાતે નવિન બગીચાનું નિર્માણ કરવામાં આવ્યુ છે. શહેરનાં પર્યાવરણને નુકશાન ન થાય તથા નગરજનોનું આરોગ્ય જળવાય રહે તે હેતુસર અટલાદરા ખાતે બાયો–રેમીડિશન અમલમાં મૂકવામાં આવ્યો જેથી ત્રણ લાખ મેટ્રિક ટન જેટલો કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનો

શક્ય બન્યું અને સત્તર એકર જેટલી જગ્યા પણ ખુલ્લી કરવામાં આવી. આ ઉપરાંત "પ્લાસ્ટિક મુક્ત ભારત" અભિયાન અંતર્ગત ૫૬,૭૦૦ થી વધુ ખેલૈયાઓએ યુનાઇટેડ વે ઓફ વડોદરાનાં ગરબા ગ્રાઉન્ડ ઉપર સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં વપરાશ બંધ કરવા શપથ લઇ વિશ્વ વિક્રમ નોંધાવ્યો છે. જેને "વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસ" માં સ્થાન મળેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પણ અનેકવિધ લોકજાગૃતિનાં કાર્યક્રમો દ્વારા મહાનગરપાલિકાએ ઉત્કૃષ્ટ કામગીરી બજાવેલ છે. જેમાં પ્લાસ્ટિક વેસ્ટનું રિસાઇકલીંગ કરવાની કામગીરીનો પણ સમાવેશ થાય છે. સ્માર્ટસીટી અંતર્ગત સ્માર્ટ સોલીડ વેસ્ટ ઇક્વિપમેન્ટ્સની ખરીદી, પબ્લિક બાઇસિકલ શેરીંગ વ્યવસ્થા, પેડેસ્ટેરીયન ગ્રેડ સેપેરેટેડ ફેસીલીટી અમલી બનાવવામાં આવી વર્લ્ડ હેરીટેજ સપ્તાહની ઉજવણી અંતર્ગત વડોદરાના વૈભવી વારસા પ્રત્યે લોકજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવ્યા. "વડોદરા જાણ્યુ છતાં અજાણ્યું" શિર્ષક હેઠળ પ્રસિધ્ધ પુસ્તકને નગરજનોએ અભૂતપૂર્વ આવકાર આપ્યો છે.

ગત વર્ષે પૂર્ણ થયેલ કામગીરી ઉપરાંત અનેકવિધ નવિન કામો પણ હાથ ધરેલ છે. જેમાં ERP, GIS, ITMS, HMIS, સ્માર્ટ રોડ, સિંધરોટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ , કપુરાઇ ખાતે સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ઇન્દ્રપુરી અને બહુચરાજી ખાતે ઓક્ઝીલીયરી પમ્પીંગ સ્ટેશન, છાણી તેમજ સમા તળાવોનું બ્યુટીફિકેશન, ગેંડા સર્કલ થી મનિષા ચોકડી સુધીનો બ્રીજ તથા વિશ્વામિત્રી રેલવે ઓવર બ્રીજ ઉપરાંત પાણી , ડ્રેનેજ, રસ્તા, બાગ–બગીચા, બિલ્ડીંગ, સ્ટ્રીટ લાઇટ, ઝૂ, જેવા વિવિધ વિભાગોના લોકકલ્યાણ તથા જનસુખાકારીનાં કાર્યો હાથ ઉપર છે. જે પૂર્ણ થયે નગરજનોને અનેકવિધ સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થશે.

છેલ્લા કેટલાક વર્ષોમાં નાણાકીય સ્થિતિ સંદર્ભે આવક જાવકના ગ્રોથ રેટ વચ્ચે ઘણી મોટી ગેપ જોવા મળી છે. વિકાસલક્ષી કામો તેમજ નિભાવણી અને મહેકમ ખર્ચમાં થયેલ વધારા છતા વહીવટી કાર્યકુશળતા તથા આયોજનોને કારણે એકંદરે નાણાકીય સ્થિરતા જળવાઇ રહી છે. વિકાસની ગતિ અવિરતપણે જળવાઇ રહે તથા લોક સુવિધાના કામો પર વિપરીત અસર ન પડે તે હેતુસર બજેટ હેઠળના મોટા મહત્વપુર્ણ કામો પ્રોજેકટસ સરકારશ્રીની ગ્રાન્ટ તેમજ પી.પી.પી.ધોરણે કરવાનો અભિગમ અપનાવવામાં આવેલ છે. જેની નાણાકીય સ્થિતી પર અનુકૂળ અસર રહેશે.

આગામી વર્ષે મહાનગરપાલિકાના વિવિધ વિભાગો દ્વારા નિમ્ન સુચિત કામો હાથ ધરવામાં આવેલ છે:

- શહેરમાં પ્રતિદિન વધતી જતી ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ હેતુ બિલ્ડીંગ શાખા દ્વારા વૃન્દાવન જંકશન, ખોડીયારનગર જંકશન, સરકાર એસ્ટેટ જંકશન, સંગમ ચાર રસ્તા જંકશન, વાસણા રોડ ચાર રસ્તા, સમા તળાવ નજીક તથા માણેક પાર્ક જંકશન ખાતે નવીન ફલાય ઓવર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉપરાંત, દરબાર ચોકડી પાસે રેલવે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવનાર છે.

- તરસાલી ખાતે નવીન ૧૦૦ એમ.એલ.ડી. સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ આઉટગ્રોથ વિસ્તાર અંતગર્ત વેમાલી નજીક APS તથા STP નેટવર્કની કામગીરી દ્વારા પર્યાવરણની જાળવણીમાં મહત્વનું કાર્ય સંપન્ન થશે. આ ઉપરાંત અંકોડીયા ખાતે પણ નવીન APS બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

- આજવા રોડ નેશનલ હાઈવે થી સોમા તળાવ થઇ લાલબાગ સુધી નવીન એચ. એસ નલિકા નાંખવાનું કામ પણ હાથ ધરવામાં આવશે. જેથી જે તે વિસ્તારમાં નાગરીકોને રાહત થશે.

- પાણી વિતરણની વ્યવસ્થાના ભાગ રૂપે બાપોદ, જાંબોડિયાપુરા ખાતે નવિન ઓવરહેડ ટેન્ક, ભૂગર્ભ સંપ પણ બનાવવામાં આવશે.

A541

- શહેરના વિસ્તારોમાં હયાત ઓનલાઈન બુસ્ટર ને બદલે નેટવર્ક સુધારણા તથા બુસ્ટર સ્ટેશન સુધારણા ની કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી સુચારૂ પાણી વિતરણ વ્યવસ્થા શક્ય બનશે.

- ફેબ્રુઆરી–૨૦૧૯ મા વડોદરા મહાનગરપાલિકામાં ૬ જેટલા ગામના વિસ્તારોનો સમાવેશ કરી રાજ્ય સરકાર દ્વારા હદમાં વધારો કરવામાં આવેલ છે. આ નવિન સમાવિષ્ટ વિસ્તારોમાં પાણી તથા ડ્રેનેજના નેટવર્ક અને ઇંફ્રાસ્ટ્રકચરની કામગીરી કરવામાં આવનાર છે.

- શહેરના પ્રાણી સંગ્રહાલયને આધુનિક બનાવવાની સાથે સાથે નિશાચર પ્રાણીઓ તથા નાના મેમલ્સ માટે નવિન એંકલોઝર બનાવવામાં આવશે તથા તેઓના ખોરાક માટે ફૂડ સ્ટોર તેમજ રસોડું પણ બનાવવામાં આવશે.

- શહેરનાં પૂર્વ વિસ્તારના નાગરીકોની સગવડ ખાતર એક નવિન શાક માર્કેટ બનાવવાનું આયોજન પણ છે. જેથી જે તે વિસ્તારનાં નાગરીકોને લાંબા અંતર સુધી શાકભાજી માટે જવુ નહીં પડે.

- શહેરમાં રહેતા ઘરવિહોણા લોકો માટે સ્વરક્ષા હેતું તથા વાતાવરણ ની પ્રતિ કુળ અસર થી બચવા નવા આઠ નાઈટ સેલ્ટર બનાવવામાં આવશે. આ ઉપરાંત નગરજનોના સામાજીક, ધાર્મિક કાર્યોની ઊજવણી અર્થે મકરપુરા તથા નિઝામપુરામાં નવીન અતિથીગૃહ બનાવવાનું આયોજન પણ છે. છાણી વિસ્તારમાં અદ્યતન નવીન શોપિંગ સેન્ટર પણ બનાવવામાં આવશે.

- વડોદરા સાંસ્કૃતિક પાટનગર તથા કલા નગરી તરીકે આગવી ઓળખ ધરાવે છે. શહેર ના કલાકારોને તેઓને કલા પ્રદર્શન હેતુસર નવીન આર્ટ ગેલેરી નું નિર્માણ પણ કરવામાં આવશે તથા મહાત્મા ગાંધી નગરગૃહનું નવિનીકરણ પણ કરવામાં આવશે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પી.પી.પી. ધોરણે નવા પાંચ હજાર આવાસો તૈયાર કરવામાં આવશે જેનો સીધો લાભ નગરજનોને થશે.

- શહેરના રમતપ્રીય નાગરીકોને જે તે વિસ્તારમાં જ સુવિધા મળી રહે તથા ખેલ ખુદની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે આશયથી ગોત્રી, ગાયત્રી નગર વિસ્તારમાં નવીન સ્ટેડિયમ બનાવવામાં આવનાર છે.

- આકસ્મિક સંજોગોમાં સમયસર મદદ પહોંચાડી જાન–માલ નું નુકસાન ન થાય તે હેતુસર કારેલીબાગ વિસ્તારમાં નવીન ફાયર સ્ટેશન પણ બનાવવામાં આવશે તથા અદ્યતન વાહનો તેમજ ઉપકરણો વસાવવા માં આવશે.

- સોલીડવેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ઘન કચરા ના નિકાલ તથા અન્ય કાર્યો માટે સ્માર્ટ સીટી અંતર્ગત વિવિધ મશીનો ની ખરીદી કરવામાં આવશે જેથી વ્યવસ્થાપન સરળ અને સુચારૂ બનશે.

વિશેષ માં ફેબ્રુઆરી–૨૦૧૯ માં રાજ્ય સરકારના નોટીફીકેશન અનુસાર વડોદરા ના તત્કાલીન વિસ્તારમાં નવીન ૬(છ) જેટલા ગામોના બાકી વિસ્તારો નો સમાવેશ કરી મહાનગરપાલિકામાં વધારો કરવામાં આવેલ છે, જેમાં બાપોદ, તરસાલી, કલાલી, ગોરવા, સમા અને હરણી નો સમાવેશ થાય છે આથી, આ વિસ્તાર ને આવરી લઇ નવીન વહીવટી વોર્ડ રચના કરવામાં આવશે જેથી જે તે વિસ્તારમાં વસતા નાગરિકો ને મ્યુનિસિપલ સેવા ઓ સરળતાથી મળી રહેશે.

A542

બજેટની સમીક્ષા :

ચાલુ વર્ષે ૨૦૧૯–૨૦ માં મિલ્કત વેરા તથા અન્ય વેરામાં સઘન વસુલાત ઝુંબેશ ચલાવી વેરાની આવકમાં વધારો મેળવેલ છે. જેના કારણે મહેકમ તથા નિભાવણીનાં વધતા ખર્ચને પહોંચી વળી શકાયુ છે. તેમજ રાજય સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ સમયાંતરે ફાળવેલ ગ્રાંટના કારણે મહાનગરપાલિકા વિકાસની ગતિને એક નવા શિખરે લઈ જવા સફળ રહ્યું છે. અને આ ગતિ ચાલુ રહે તેના ઉદ્દેશ સાથે સને ૨૦૧૯–૨૦ નું રિવાઈઝ તથા સને ૨૦૨૦–૨૧ નું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતા મને ઘણો આનંદ થાય છે.

સને ૨૦૧૯–૨૦ ના રિવાઈઝ તથા સને ૨૦૨૦–૨૧ ના ડ્રાફ્ટ અંદાજો, રેવન્યુ બજેટ પત્રક–અ તથા કેપીટલ બજેટ પત્રક–બ નીચે મુજબ છે.

પત્રક– અ રેવન્યુ બજેટ

(રૂ. કરોડમાં)

અ.નં.	**વિગત**	**૨૦૧૯–૨૦ નો મંજુર અંદાજ**	**૨૦૧૯–૨૦ નો રીવાઈઝ અંદાજ**	**૨૦૨૦–૨૧ નો ડ્રાફ્ટ અંદાજ**
અ.	પુરાંત બાકી	૨૫.૩૪	૯૯.૨૬	૬૩.૯૭
બ.	રેવન્યુ આવક	૧૧૮૫.૩૬	૧૨૦૦.૩૭	૧૨૫૭.૬૯
	સુચિત વધારો	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ક	રેવન્યુ ખર્ચ	૧૧૨૨.૫૧	૧૧૫૫.૬૬	૧૨૦૯.૪૩
કેપીટલ બજેટમાં લઈ જવા		૪૦.૦૦	૮૦.૦૦	૫૦.૦૦
સિલક		**૪૮.૧૯**	**૬૩.૯૭**	**૬૨.૨૩**

પત્રક – બ. કેપીટલ બજેટ

(રૂ. કરોડમાં)

અ.નં.	**વિગત**	**૨૦૧૯–૨૦ નો મંજુર અંદાજ**	**૨૦૧૯–૨૦ નો રીવાઈઝ અંદાજ**	**૨૦૨૦–૨૧ નો ડ્રાફ્ટ અંદાજ**
અ.	પુરાંત બાકી	૫.૩૦	૭.૨૮	૨૫.૫૧
બ.	રેવન્યુ બજેટમાંથી તબદીલ	૪૦.૦૦	૮૦.૦૦	૫૦.૦૦
ક્.	કેપીટલ આવક	૧૬૯.૭૩	૧૭૦.૧૦	૧૭૯.૭૩
ડ.	આંતરીક ભંડોળ/લોન	૧૦૫.૦૦	૫૦.૦૦	૧૦૦.૦૦
	કુલ કેપીટલ જમા	**૩૨૦.૦૩**	**૩૦૭.૩૮**	**૩૫૫.૨૪**
	કેપીટલ ખર્ચ	૩૧૮.૩૭	૨૮૧.૮૭	૩૨૫.૬૮
	સિલક	**૧.૬૬**	**૨૫.૫૧**	**૨૯.૫૬**

સને ૨૦૧૯–૨૦ ના રીવાઇઝડ બજેટની સમીક્ષા

અ.) રેવન્યુ બજેટ :

વડોદરા મહાનગરપાલિકા મહેકમ, નિભાવણી અને વિકાસ કામો માટે સ્વભંડોળ પર જ આધારીત છે. અગાઉના વર્ષોમાં વેરાની આવક અને તેમા વર્ષો વર્ષ થતો વધારો પાલિકાને ઘણો લાભદાયી રહેલ હતો. અને સ્વભંડોળમાંથી જોઇતી મદદ મળી રહેતી હતી. જો કે વર્ષ ૨૦૧૪ તથા ૨૦૧૭ ની ઓક્ટ્રોયની વળતર ગ્રાંટમાં થોડોક વધારો મળવા પામેલ છે. જો કે તે પુરતો રહેતો નથી.સને ૨૦૧૯–૨૦ ના રેવન્યુ આવકના રૂ. ૧૧૮૫.૩૬ કરોડના અંદાજ સામે રીવાઇઝડ અંદાજ રૂ. ૧૨૦૦.૩૭ કરોડ થવા જઇ રહેલ છે. જેની સામે રેવન્યુ ખર્ચ રૂ. ૧૧૨૨.૫૧ કરોડના અંદાજ સામે રૂ. ૧૧૫૫.૬૬ કરોડ જેટલો થવા પામશે. તેમ છતાં કેપિટલ બજેટમાં લઇ જવા રેવન્યુ સરપ્લસ રૂ. ૮૦.૦૦ કરોડ મળી રહેવા સંભવ છે.

A543

બ.) કેપિટલ બજેટ :

સને ૨૦૧૯–૨૦ માં કેપિટલ ખર્ચ રૂ. ૩૧૮.૩૭ કરોડ અંદાજેલ હતો પરંતુ રીવાઇઝડ કેપિટલ ખર્ચ રૂ. ૨૮૧.૮૭ કરોડ નો થવા સંભવ છે. લોનનો અંદાજ જે રૂ. ૧૦૫.૦૦ કરોડ હતો જે ઘટાડીને રૂ. ૫૦.૦૦ કરોડ કરેલ છે. સને ૨૦૧૮–૧૯ ના ખરેખર કેપિટલ ખર્ચ રૂ. ૧૦૧.૦૪ કરોડ થયેલ છે . જેની સામે સને ૨૦૧૯–૨૦ નો રીવાઇઝડ કેપિટલ ખર્ચ રૂ. ૨૮૧.૮૭ કરોડ થવા સંભવ છે. જે સને ૨૦૧૮–૧૯ ના ખરેખર ખર્ચની સરખામણી એ રૂ. ૧૮૦.૮૩ કરોડ નો વધારો થવા સંભવ છે.

સને ૨૦૨૦–૨૧ ના ડ્રાફ્ટ બજેટની સમીક્ષા

અ.) રેવન્યુ બજેટ :

સને ૨૦૨૦–૨૧ માં રેવન્યુ આવક સને ૨૦૧૯–૨૦ ના રીવાઇઝડ અંદાજની સરખામણી એ રૂ. ૧૨૦૦.૩૭ કરોડ થી વધીને રૂ. ૧૨૫૭.૬૯ કરોડ થવા અંદાજ છે. સાથે સાથે રેવન્યુ ખર્ચ પણ સને ૨૦૧૯–૨૦ ના રીવાઇઝડ અંદાજ રૂ. ૧૧૫૫.૬૬ કરોડ થી વધીને રૂ. ૧૨૦૯.૪૩ કરોડ થવા સંભાવના છે. જેથી રેવન્યુ સરપ્લસ રૂ. ૫૦.૦૦ કરોડ થવાનો અંદાજ છે.

બ.) કેપિટલ બજેટ :

ગત વર્ષોની વિકાસની ગતિ ચાલુ રહે તથા તેને વેગ મળે તે હેતુથી જમીન વેચાણથી આવક મેળવી સને ૨૦૨૦–૨૧ માં કેપિટલ આવક રેવન્યુ સરપ્લસ સહીત રૂ. ૩૨૯.૭૩ કરોડ થવા અંદાજ છે. અને કેપિટલ ખર્ચ રૂ. ૩૨૫.૬૮ કરોડ નો થવાનો અંદાજ છે .આ કેપિટલ ખર્ચ ને પહોચી વળવા રૂ. ૧૦૦.૦૦ કરોડ જેટલી લોન લેવાનો અંદાજ છે.

સને ૨૦૨૦–૨૧ માં કેપિટલ ખર્ચનું નીચે મુજબનું મુખ્ય અંદાજાયેલ આયોજન

રૂ. કરોડમાં

વી.એમ.સી.નો ફાળો	૧૧૦.૦૦
રોડ, પુલો તથા નાળા	૪૬.૦૭
જમીન સંપાદન	૩૦.૧૦
સભાસદશ્રીઓની સ્વવિવેક ગ્રાંટ	૨૮.૦૩
ડ્રેનેજ	૨૭.૫૫
બિલ્ડીંગ હાઉસીંગ,વેહીકલ પુલ	૨૩.૫૨
પાણી પુરવઠા	૧૮.૩૧
વરસાદી ગટર	૧૪.૭૫
પાર્કસ અને ગાર્ડન	૭.૭૭
આરોગ્ય, માર્કેટ અને જન્મ–મરણ	૬.૨૪
અગ્નિ શામક	૪.૬૦
કોમપ્યુટરાઇઝેશન	૨.૫૨
સ્ટ્રીટ લાઇટ	૨.૪૬
કુવા, તળાવ, જલધારા	૨.૦૫
અન્ય વિકાસ ખર્ચ	૧.૫૫
ઘન કચરાનો નિકાલ	૦.૧૬

A544

➢ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :

માનનીય મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વર્ષ - ૨૦૦૫ અન્વયે નગરોના સંકલિત વિકાસ માટે એક વિઝન સાથે વિકાસની વિસ્તૃત પરિભાષા રજુ કરી રાજ્યના નગરોમાં હાથ ધરવાના કામો માટે જે સુચનો કરેલ હતા તેના આધારે શહેરીકરણના તમામ પાસાઓનેઆવરી લેતુ વિસ્તૃત અને લાંબાગાળાનું આયોજન નજર સમક્ષ રાખી "સ્વર્ણિમજયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" નો અમલ કરવામાં આવેલ છે.

❖ યુડીપી– ૫૭ (વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪) :

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત યુડીપી - ૫૭ વર્ષ ૨૦૧૨–૧૩પેટે કુલ ૧૨૦ કામો માટે રૂ.૩૩૫.૦૪ કરોડ તથા વર્ષ ૨૦૧૩–૧૪ પેટે કુલ ૪૧ કામો માટે રૂ.૮૪.૦૦ કરોડ રૂ. મળી, કુલ રૂ.૪૧૯.૦૪ કરોડની ફાળવણી અન્વયે તમામ કામો પુર્ણ કરી ગ્રાંટનો ૧૦૦% ખર્ચ પુર્ણ થયેલ છે.

❖ યુડીપી– ૭૮ :

આંતરમાળખાકીય લોકપયોગી સુવિધાના કામો

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી – ૭૮ અંતર્ગત આંતરમાળખાકીય લોકપયોગી સુવિધાના ભાગરૂપે વર્ષ ૨૦૧૨–૧૩ થી વર્ષ ૨૦૧૮–૧૯ સુધી કુલ રૂ. ૧૦૧૦.૩૭ કરોડની ફાળવેલ ગ્રાંટ ની સાપેક્ષમાં કુલ રૂ. ૮૮૦.૬૮ કરોડની ગ્રાંટનો ખર્ચ કરવામાં આવેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી– ૭૮ અંતર્ગત આંતરમાળખાકીય લોકપયોગી સુવિધાના ભાગરૂપે વર્ષ ૨૦૧૯–૨૦ પેટે રૂ. ૧૭૯.૨૮ કરોડની ફાળવણી સામે કુલ રૂ. ૨૦૨.૧૦ કરોડની વહીવટી મંજુરી અર્થેની દરખાસ્ત તા.૨૦/૦૭/૨૦૧૯ થી ગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ.

❖ શહેરી સડક યોજના

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી – ૭૮ અંતર્ગત મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે નવીન રસ્તા બનાવવા તેમજ હયાત રસ્તાને રીસર્ફેસીંગ કરવા માટે વર્ષ ૨૦૧૫–૧૬ થી વર્ષ ૨૦૧૮–૧૯ સુધી કૂલ રૂ. ૧૩૦.૧૬ કરોડની ફાળવેલ ગ્રાંટની સાપેક્ષમાં કુલ રૂ. ૧૧૭.૯૫ કરોડની ગ્રાંટનો ખર્ચ કરવામાં આવેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી– ૭૮ અંતર્ગત મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે નવીન રસ્તા બનાવવા તેમજ હયાત રસ્તાને રીસર્ફેસીંગ કરવા માટે વર્ષ ૨૦૧૯–૨૦ પેટે રૂ. ૩૫.૦૦ કરોડની ફળવણી સામે કુલ રૂ. ૩૯.૪૩ કરોડની વહીવટી મંજુરી અર્થેની દરખાસ્ત તા.૦૧/૧૦/૨૦૧૯ થી ગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ.

❖ આઉટગ્રોથ વિસ્તારનાં વિકાસ માટે

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી – ૭૮ અંતર્ગત આઉટગ્રોથ વિસ્તારનાં વિકાસ માટે વર્ષ ૨૦૧૬–૧૭ માટે રૂ. ૭૯.૦૦ લાખની ગ્રાંટની ફાળવણીની સાપેક્ષમાં ૧૦૦% ગ્રાંટનો ખર્ચ પૂર્ણ થયેલ છે.

❖ GUDM

- GUDM દ્વારાસ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી – ૭૮ અંતર્ગત આઉટગ્રોથ વિસ્તારોમાં ૧૭.૪૫૮ ચો.કીમીના નવિન વિસ્તારોને પ્રથમ તબક્કાની માળખાકીય/પાયાની પાણી, ડ્રેનેજ તેમજ રસ્તાની સુવિધા માટે કુલ રૂ. ૩૫.૦૦ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત તા.૦૪–૦૨–૨૦૧૯થી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં સમક્ષ રજુ કરેલ, જેની સામે વડોદરા મહાનગરપાલિકા ને પાણી તેમજ ડ્રેનેજની સુવિધા માટે રૂ. ૨૭.૦૦ કરોડની ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ છે.
- GUDM દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી – ૭૮ અંતર્ગત પાણી પુરવઠા યોજના હેઠળ રૂ. ૬૧.૦૦ કરોડની ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ છે.

A545

❖ **આગવી ઓળખના કામો :**

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ પેટે વર્ષ ૨૦૧૪–૧૫, ૨૦૧૮–૧૯ તથા ૨૦૧૯–૨૦ માટે કૂલ રૂ. ૨૦૯.૦૫ કરોડની ગ્રાંટ ફાળવણીની સાપેક્ષમાં રૂ. ૧૬૨.૫૨ કરોડની ગ્રાંટનો ખર્ચ કરવામાં આવેલ છે.

❖ **ફ્લાય ઓવર બ્રીજના કામો :**

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગેંડા સર્કલ થી મનીષા સર્કલ સુધી અંદાજે ૩.૫ કી.મી. લંબાઇમાં ફ્લાય ઓવર બ્રીજની કામગીરી અર્થે રૂ. ૨૫૫.૩૫ કરોડની વહીવટી મંજુરી ની સાપેક્ષમાં રૂ. ૭૬ કરોડની ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ છે જેની સાપેક્ષમાં રૂ. ૬૧.૬૫ કરોડના ખર્ચ કરવામાં આવેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરમાં નવીન ફ્લાય ઓવર બ્રીજની કામગીરી અર્થે રૂ. ૨૭૦.૦૦ કરોડની વહીવટી મંજુરી ની સાપેક્ષમાં રૂ. ૨૭.૦૦ કરોડની ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ છે.

❖ **જનભાગીદારી તથા આગણવાડીના કામો :**

- સ્વર્ણિમ જયંતી ઉજવણી હેઠળ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી થી રસ્તા, સ્ટ્રીટલાઇટ તથા પાણીની નળીકાના લોક ઉપયોગી કામો માટે કુલ રૂ. ૨૨૭.૫૭ કરોડ (૭૦%ફાળો) ફાળવવામાં આવેલ છે. આ સુવિધા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૧૦% અને બાકીના ૨૦% ખાનગી સોસાયટીઓએ ફાળો આપવાનો રહે છે. આ યોજના હેઠળ અંદાજીત ૪૧૦૯ ખાનગી સોસાયટીઓ લાભાન્વીત થયેલ છે. જેનાં કારણે સોસાયાટીઓમાં સ્વચ્છતાનું પ્રમાણ વધેલ છે. તથા શહેરીજનો ની સુખાકારીમાં પણ વધારો થયેલ છે.
- કુલ ૩૦૦ આંગણવાડી માટે રૂ.૧૬.૭૭ કરોડની ગ્રાંટ મંજુર કરેલ છે. કુલ ૩૦૦ આંગણવાડી પૈકી ૨૧૪ આંગણવાડીઓનાં કામો પૂર્ણ થયેલ છે.

➢ વડોદરા સ્માર્ટ સીટી :

સ્માર્ટ સીટી પ્રોજેકટમાં વડોદરા શહેરની પસંદગી ત્રીજા રાઉન્ડમાં કરવામાં આવેલ હતી. જેમાં ૨૩૯૭.૫૭ કરોડના કુલ ૫૮ પ્રોજેકટ લેવામાં આવ્યા હતા. જેમાં PPP, Convergence તથા સ્માર્ટ સીટી ફંડના પ્રોજેકટ સામેલ છે. હાલના તબક્કે તમામ પ્રોજેકટ DPR Stage થી આગળ વધી ચુક્યા છે. જેમા ૨૭ પ્રોજેકટ થઈ ચુકયા છ, ૨૩ પ્રગતિ હેઠળના છે, ૮ તથા ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. હાલમાં, વડોદરા ૧૦૦ સ્માર્ટ સીટીમાં થી ૧૧ માં ક્રમાંક પર છે. વડોદરા કરેલા IOCC પ્રોજેકટ હેઠળ નાગરીક સુરક્ષા તથા સલામતીમાં વધારો થયો છે. IOCC પ્રોજેકટ મોડલનું બીજા સીટી દ્વારા પણ અનુકરણ કરવામાં આવી રહ્યું છે તેમજ વડોદરામાં પુર સ્થિતિમાં પણ તેના દ્વારા સઘન કામગીરી કરવામાં આવી છે અને આ ઉપરાંત કેમેરામાં જોઈ ને જાહેરમાં કચરો ફેકનાર, ગંદકી કરનાર પાસે પણ દંડ લેવાય રહ્યો છે.

વડોદરા સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લીમીટેડ અંતર્ગત કુલ રૂ. ૨૩૯૭.૯૭ કરોડના પ્રોજેકટ PPP Convergence અને સ્માર્ટસીટી ફંડ અંતર્ગત કાર્યરત છે. જેમાં PPP પ્રોજેકટ રૂ. ૧૦૫૪.૦૩ કરોડના, Convergence પ્રોજેકટ રૂ. ૩૬૭.૫૪.કરોડના અને સ્માર્ટ સીટી પ્રોજેકટ રૂ. ૯૭૬ કરોડના સામેલ કરવામાં આવેલ છે. જેમાં સ્માર્ટસીટીના રૂ. ૯૭૬ કરોડમા કેન્દ્ર સરકારનો ૫૦% ફાળો તેમજ રાજ્ય સરકારનો ૨૫% ફાળો અને વડોદરા મહાનગરપાલિકાનો ૨૫% ફાળો ભાગરૂપે રાખેલ છે.

❖ **પૂર્ણ થયેલ કામો :**

- સ્માર્ટ સીટી મિશનના ભાગરૂપે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને ત્વરિત અસરકારક સેવાઓ મળી રહે તે હેતુથી બદામડી બાગ ખાતે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે Integrated City Command & Control Centre બનાવવામાં આવેલ છે. જેના દ્વારા સમગ્ર શહેરની

A546

ટ્રાફિક સુરક્ષા, પ્રદૂષણ, ડિઝાસ્ટર, ફરિયાદ વિગેરે જેવી સમસ્યાઓનું એક જ જગ્યાએથી મોનીટરીંગ કરી તેના નિવારણ માટેના ત્વરિત પગલાં લઇ શકાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.જે માટે સમગ્ર શહેરમાં 950 જેટલા સીસી ટીવી કેમેરા, ઓટો મેટીક ટ્રાફિક સેન્સર્સ, પ્રદૂષણ, તાપમાનની માહિતી ના સેન્સર્સ, શહેરના નાગરિકોને માહિતગાર કરવા માટે પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ઇમરજન્સીમાં કન્ટ્રોલ રૂમમાં તાત્કાલિક સંપર્ક કરવા માટે શહેરમાં જુદા જુદા સ્થળોએ Emergency Call Box મુકવામાં આવેલ છે.

- SCADA (Supervisory control and Data acquisition) એ સિસ્ટમ રૂ. ૨૪ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે. વડોદરા શહેરના નાગરિકોને પાણીનું વિતરણ આધુનિક પ્રકારે અને સમાન રીતે મળી શકશે. પાણીનું કન્ટ્રોલીંગ અને નિયમન રીયલ ટાઇમ તથા ઓટોમેટીક થાય છે. પાણીનો દુરઉપયોગથી બચી શકાશે.

❖ **પ્રગતિ હેઠળના કામો :**

